MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૩૧-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 રાજ્યમાં કોરોનાથી વધુ એક મોતઃ કુલ મૃત્યુઆંક ૬, પોઝિટિવ કેસ ૬૯

3 ઇન્દોરમાં સૌથી કડક લોકડાઉનઃ સંપૂર્ણ શહેર જડબેસલાક બંધ રહેશે

7 લોકડાઉનના કારણે ઔદ્યોગિક એકમો બંધ, વીજ વપરાશમાં ૫૦%નો ઘટાડો

11 નર્મદામાં લોકડાઉનનું કડક પાલન : સુરત થી રાજસ્થાન વતનમાં જતું પરિવાર રાજપીપળા ખાતે લોકડાઉનમાં અટકયું

લોકડાઉનમાં વધારો કરવાની અટકળો વચ્ચે સરકારનો મોટો ખુલાસો

કોરોનાઃ લોકોને રાહત, લોકડાઉનમાં વધારો નહીં થાય

વડાપ્રધાન મોદીએ ૨૧ દિવસનું લોકડાઉનની જાહેર કર્યું છે, અગાઉ એવી અટકળો હતી લૉકડાઉન ૯૦ દિવસ સુધી ચાલશે પરંતુ કેબિનેટ સચિવે તમામ અટકળોનું ખંડન કર્યું

ન્યુ દિલ્હી

અમેરિકા જેવા શકિતશાળી દેશને હંફાવનાર કોરોના મહામારી રોગચાળાથી ભારતને બચાવવા ચાલી રહેલા ૨૧ દિવસના રાષ્ટ્રવ્યાપી લોકડાઉનના આજે છઠ્ઠા દિવસે કેન્દ્ર સરકાર દ્વારા લોકોને રાહતરૂપ એવો ખુલાસો કરાયો છે કે ૧૪ એપ્રિલના રોજ લોકડાઉનની નિર્ધારિત સમય મર્યાદા પૂર્ણ થયા બાદ તેને લંબાવવાની હાલ કોઇ યોજના નથી, સરકારે એવો કોઇ નિર્ણય પણ કર્યો નથી. સરકારને આ બાબતની સ્પષ્ટતા એટલા માટે કરવી પડી છે કેમ કે સોશ્યલ મિડિયા સહિત કેટલાક માધ્યમોમાં એવી જાણકારી ફેલાવવામાં આવી રહી છે કે કોરોનાની ભયાનકતાને જોતા સરકાર લોકડાઉનમાં વધારો કરી શકે છે. એવા ઘણા રિપોર્ટ આવ્યા હતા કે સરકાર લોકડાઉનને ૯૦ દિવસ સુધી વધારી શકે છે. અને એવી જાણકારીને કારણે લોકોમાં બિનજરૂરી તનાવ ફેલાઇ શકે. તેથી સરકારને આ ખુલાસો કરવાની ફરજ પડી હતી.

કેન્દ્ર સરકાર વતી કેબિનેટ સેક્રેટરી રાજીવ ગૌબાએ આજે સ્પષ્ટતા કરી હતી કે સરકારની હાલના લોકડાઉન આગળ વધારવાની કે લંબાવવાની કોઇ યોજના નથી. તેમણે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું કે હું લોકડાઉન વધારવાના રિપોર્ટ જોઇ ચોંકી રહ્યો છું.



પરિસ્થિતિ સુધરે તો મોટાભાગના લોકોની લાગણી, લૉકડાઉનમાં વધારો ન થાય

સરકારની આવી કોઇ યોજના નથી. હાલ ૧૪ એપ્રિલથી આગળ વધારવાની યોજના નથી આમ દેશભરમાં લોકડાઉન લાંબું ખેંચાવાની ચર્ચા અને અહેવાલ વચ્ચે મોદી સરકારે કરી મોટી સ્પષ્ટતા કરી હતી. એવી ચર્ચા હતી કે લોકડાઉન આગળ પણ વધી શકે છે. સરકારે આ અંગે સ્પષ્ટ કરી દીધી અને તેમની એવી કોઇ જ યોજના નથી.

સૂત્રોએ કહ્યું કે ભારતમાં કોરોના વાઇરસના દર્દીઓની રોજેરોજ વધતી જતી સંખ્યાને જોતા એવા રિપોર્ટ આવી રહ્યા હતા કે સરકાર લોકડાઉન વધારવા પર વિચાર કરી શકે છે. જો કે સરકારના આજના

અનુ. પાના નં. ૬ પર

દિલ્હીમાં એક ધાર્મિક આયોજનમાં પહેલાથી બે હજાર લોકો જમા હતા,તેમાંથી ૨૦૦ કોરોના શંકાસ્પદ નિકળ્યા

નિઝામુદ્દીન સ્થિત મરકઝમાં લોકડાઉન પહેલાથી જ મલેશિયા, ઈન્ડોનેશિયા જેવા દેશો અને ભારતના ઘણા રાજ્યોથી લોકો આવ્યાઆ મરકઝ ઈસ્લામની શિક્ષા માટે વિશ્વનું સૌથી મોટું કેન્દ્ર, અહીં પાસે જ નિઝામુદ્દીન ઔલિયાની મજારઅહીં ૨૦૦ લોકોને કોરોના સંક્રમણની તપાસ માટે મોકલવામાં આવ્યા, સમગ્ર વિસ્તાર સીલ કરાયો

સેંકડો લોકો આ આયોજનમાં સામેલ થયા હતા, મલેશિયા અને ઈન્ડોનેશિયા જેવા દેશમાંથી પણ લોકો આવ્યા હતા

દિલ્હી

દિલ્હીના નિઝામુદ્દીન વિસ્તારમાં તબ્લીગી જમાતના મરકઝમાં ૧થી ૧૫ માર્ચ સુધી ૫ હજારથી વધુ લોકો એક ધાર્મિક આયોજનમાં સામેલ થયા હતા. તેમાં ઈન્ડોનેશિયા, મલેશિયા અને થાઈલેન્ડથી આવેલા લોકો પણ હતા. ૨૨ માર્ચના લોકડાઉનની જાહેરાત બાદ પણ અહીં ૨ હજાર લોકો રોકાયેલા હતા. તેમાંથી ૨૦૦ લોકો કોરોનાથી સંક્રમિત હોય તેવી આશંકા છે. શંકાસ્પદ લોકોને તપાસ માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. તેમને શરદી, ઉધરસ અને કફની ફરિયાદ છે. આ સ્થળેથી અત્યારે ૧૨૦૦ લોકોને કાઢવામાં આવી રહ્યા છે. લોકડાઉન મામલે દિલ્હી સરકારની આ ગંભીર બેદરકારી અત્યારે સામે આવી છે જેમાં લોકડાઉન એક મજાક બની ગયું છે. નિઝામુદ્દીનનું આ મરકઝ ઈસ્લામની શિક્ષા માટે વિશ્વનું સૌથી મોટું કેન્દ્ર છે જ્યાં ઘણા દેશોથી લોકો આવતા રહે છે. મરકઝથી થોડે દૂર નિઝામુદ્દીન ઓલિયાની મજાર છે જે અત્યારે બંધ છે.

અહીંથી જનારા ૬ લોકો કોરોના પોઝિટિવ

મરકઝમાં રોકાયેલા મોટાભાગના લોકો તેમના દેશ અને ભારત સ્થિત તેમના શહેરોમાં જતા રહ્યા હતા. આ લોકોમાંથી ૬ કોરોના સંક્રમિત થયેલા હતા અને એકનું મોત થયું હતું. જોકો મૃતકનો રિપોર્ટ હજુ આવ્યો નથી. સ્વાસ્થ્ય વિભાગ, WHO તેમજ પોલીસની ટીમ અહીંથી લોકોને કાઢવાનું કામ કરી રહી છે.

મરકઝમાં રહેનારાઓની મોટાભાગના લોકોની ઉંમર ૬૦થી ઉપર

પોલીસે જણાવ્યું કે લોકડાઉન પહેલાથી જ અહીં ભીડ હટાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા હતા અને લોકોને અપીલ કરવામાં આવી રહી હતી. જોકે તબ્લીગી મરકઝમાં ઉપસ્થિત લોકોએ આ વાત સાંભળી નહી. અહીં રહેતા મોટાભાગના લોકોની ઉંમર ૬૦થી ઉપર છે.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

ચીનના વુહાનમાં ૪૨,૦૦૦ લોકો કોરોનાથી મોતને ભેટ્યા હોવાનો દાવો

બેઇજિંગ

પ્રસાર માધ્યમો પર કડક નિયંત્રણો ધરાવતા સામ્યવાદી ચીનમાં કોરોના વાયરસના કારણે ખરેખર કેટલા મોત થયા તે હજી પણ અટકળનો જ વિષય છે.

જોકે વુહાનના સ્થાનિક લોકોનુ માનવુ છે કે, અહીંયા ઓછામાં ઓછા ૪૨૦૦૦ લોકો મોતને ભેટ્યા છે. ચીનના હુબેઈ પ્રાંતના વુહાન શહેરમાંથી કોરોના વાયરસનો ફેલાવો શરુ થયો હતો. સત્તાવાર રીતે ચીનમાં ૩૩૦૦ લોકોના મોત થયા છે. જેમાંથી ૩૧૮૨ લોકો હુબેઈ પ્રાંતમાં કોરોનાનો ભોગ બન્યા છે.

જોકે સ્થાનિક નાગરિકોનો દાવો છે કે, સ્થાનિક રિવાજો પ્રમાણે રોજ ૫૦૦ અસ્થિ કળશનુ વિતરણ મૃતકના પરિવારોને કરાઈ રહ્યુ છે. સાત અલગ અલગ સ્થળોએ કરાઈ રહેલા વિતરણ પ્રમાણે ગણતરી કવામાં આવે તો દરેક ૨૪ કલાકમાં ૩૫૦૦ લોકોને અસ્થિ કળશનુ વિસર્જન કરવામાં આવ્યુ છે. આ વિતરણ ૫ એપ્રિલ સુધી ચાલુ રહેશે. આ દિવસે કિંગ મિંગ નામનુ પર્વ શરુ થશે. જેમાં લોકો પોતાના પૂર્વજોની કબર પર જઈને શ્રધ્ધાંજલિ આપતા હોય છે.

આ પ્રકારને અનુમાન લગાવવામાં આવે તો ૧૨ દિવસમાં ૪૨૦૦૦ અસ્થિ કળશનુ વિતરણ કરવામાં

અનુ. પાના નં. ૬ પર

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટિવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ધોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે

ફ્રી



નેગેટિવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાથેનું પૂરુ સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634, State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002



જી ..ના કૂતરો કોઈને કરડી જાય તેને માટે નહીં, પણ કોરોનાનો ચેપ કૂતરાને ભરખી ન જાય તે માટે માલિકે તેના મોં પર પણ માસ્ક બાંધી દીધો છે.

ભાવનગરમાં એક જ દિવસમાં પાંચ કેસ નોંધાતા ખળભળાટ

રાજ્યમાં કોરોનાથી વધુ એક મોતઃ કુલ મૃત્યુઆંક ૬,પોઝિટિવ કેસ ૬૯

સોમવારે વધુ છ નવા કેસ નોંધાયા, સૌથી વધુ અમદાવાદમાં ૨૩ કેસ, ૬૯ પોઝિટિવ કેસમાંથી ૩૩ લોકલ સંક્રમણ,પોઝિટિવ કેસના ૩થી ૫ કિમિ તમામ વિસ્તારમાં ટેસ્ટ કરાઈ રહ્યાં છે, ૨૪ કલાકમાં રાજ્યમાં ૪ લોકો સ્વસ્થ થયા

ગાંધીનગર

ગુજરાતમાં દિવસેને દિવસે કોરોનાગ્રસ્તોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ભાવનગરમાં એક જ દિવસમાં કોરોનાના નવા પાંચ પોઝિટિવ કેસો નોંધાયા છે. જેમાંથી એક કોરોનાગ્રસ્ત મહિલાએ આજે અંતિમ શ્વાસ લીધા. જેસરના મોટા મોટાખુટવડા ગામના એક ૪૫ વર્ષીય મહિલાનું કોરોના વાયરસની લપેટમાં આવવાના કારણે નિધન થયું છે. આ સાથે જ ભાવનગરમાં મૃત્યુઆંક બે થઈ ગયો છે. મૃતક મહિલાને સુરતથી પોતાના સંબંધી દ્વારા ચેપ લાગ્યો હોવાની આશંકા છે. આજે વહેલી સવારે મહિલાનું મોત થયું છે. આ સાથે જ ગુજરાતમાં મૃત્યુ આંક છ થઈ ગયો છે. બચેલા ૬૩ લોકોમાંથી ૨ જણા સાજા થયા છે. અમદાવાદમાં ૬૦ વર્ષથી ઉપરનાં બે વૃદ્ધ દર્દીઓ કે જેઓ કોરોના પોઝિટિવ હતા તે હાલ સ્વસ્થ થઈ ગયા છે. અને તેઓને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. વિતેલા ૨૪ કલાકમાં ચાર દર્દીઓ સ્વસ્થ થતાં સરકારે રાહત અનુભવી છે.

નોંધનીય છે કે સમગ્ર વિશ્વમાં કોરોનાનો કહેર દિવસેને દિવસે વધી રહ્યો છે. ભારતમાં પણ કોરોના પોતાનો પગપેસારો કરી ચૂક્યો છે. જેના કારણે કેન્દ્ર સરકારે સમગ્ર દેશમાં લોકડાઉનનો આદેશ આપી દીધો છે. રાજ્ય સરકારો પણ પોત-પોતાના રાજ્યોમાં અલગ-અલગ રીતે કોરોના પર કાબુ મેળવવાનો પ્રયત્ન કરી રહી છે. ગુજરાત સરકાર કોરોના પર કાબુ મેળવવાના સતત પ્રયત્નો કરી રહી છે. આજે આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ આજે મીડિયાને જણાવ્યું છે કે ૬૯માં વિદેશ ટ્રાવેલ ૩૨ લોકો, ૪ આંતરરાજ્યમાંથી આવ્યા હતા. ૩૩ લોકો લોકલ સંક્રમણના છે. પોઝિટિવ કેસના ૩થી ૫ કિમિ તમામ વિસ્તારમાં ટેસ્ટ કરવાની પ્રક્રિયા કરવામાં આવી રહ્યાં છે.

આ સાથે જ ગુજરાતમાં કોરોનાના કુલ કેસ ૬૯ થઈ ગયા છે. અમદાવાદમાં ૨૩, ગાંધીનગર, વડોદરા અને રાજકોટમાં નવ-નવ, સુરતમાં આઠ, ભાવનગરમાં છ, ગીર-સોમનાથમાં બે, પોરબંદર, કચ્છ અને મહેસાણામાં એક-એક કેસ નોંધાયા છે. જેમાંથી અમદાવાદમાં ત્રણ, ભાવનગરમાં બે અને સુરતમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે.

શહેરવાર કોરોનાગ્રસ્ત દર્દીઓની વિગતો

શહેર	પોઝિટિવ કેસ	મોત
અમદાવાદ	૨૩	૩
વડોદરા	૯	૦
રાજકોટ	૯	૦
ગાંધીનગર	૯	૦
સુરત	૮	૧
ભાવનગર	૬	૨
કચ્છ	૧	૦
ગીર-સોમનાથ	૨	૦
મહેસાણા	૧	૦
પોરબંદર	૧	૦
કુલ આંકડો	**૬૯**	**૬**

આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ વધુમાં જણાવ્યું હતું કે, હાલ રાજ્યના ૭૪૪ લોકો સરકારી અને ૧૮ હજારથી વધુ હોમ ક્વોરેન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે. આજે નોંધાયેલા તમામ કેસો લોકલ ટ્રાન્સમિશનનો હોવાનું સામે આવ્યું છે. જેથી એવું કહી શકાય કે ગુજરાતમાં હવે લોકલ ટ્રાન્સમિશનથી કોરોના પોઝિટીવ દર્દીઓના કેસોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. તેમણે જણાવ્યું કે, રાજ્યના ૫૯ દર્દીની તબિયત સ્થિર છે અને ૨ દર્દી વેન્ટિલેટર પર છે, જ્યારે બે લોકોને સારવાર બાદ રજા આપવામાં આવી છે.

જયંતિ રવિએ જણાવ્યું કે, રાજ્ય સરકારની હેલ્પલાઈન નાંબર -૧૦૪ ઉપર પર વ્યક્તિઓ મદદ માંગી રહયા છે. આ સાથે માહીતી પણ મેળવી રહ્યાં છે. અત્યાર સુધી આ હેલ્પલાઈન પર ૨૪ હજારથી વધુ કોલ આવ્યાં છે. આવા વ્યક્તિઓ પોતાના સ્વાસ્થ્ય અંગેની જાણકારી પુરી પાડે છે અને જે પૈી ૪૫૦ વ્યક્તિઓને સારવાર આપવામાં આવી રહી છે.

ગોંડલમાં ૭૩ વ્યક્તિઓના પરિવારને હોમ ક્વોરોન્ટાઈન કરાયા

ગોંડલના ડેપ્યુટી કલેકટર રાજેશ આલ દ્વારા જણાવાયું છે કે, વિદેશથી પરત આવેલા કોઈ તેવા ૭૩ વ્યક્તિઓને તથા તેઓના પરિવારને હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે. તાલુકા હેલ્થ ઓફિસરની ટીમ તરફથી આ તમામનું તબીબી ચેકઅપ કરવામાં આવી રહ્યું છે. તમામને ઘરની બહાર ન નીકળવાં સુચના અપાઈ છે. શહેરીજનોને અપીલ છે કે ઘરની બહાર ન નીકળે અને લોકડાઉનને પૂર્ણ સહકાર આપે જેથી વાઈરસથી બચી શકાય.

વધતા કેસો વચ્ચે રાહતના સમાચાર, ૧૦૨ દર્દીઓ સ્વસ્થ થયા

દેશમાં કોરોનાથી સંક્રમિતોનો આંકડો ૧૨૦૦ને પારઃ કુલ ૩૪ના મોત

પશ્ચિમ બંગાળમાં આજે બીજા સંક્રમિતનું મોત; મધ્યપ્રદેશમાં ૮- મહારાષ્ટ્રમાં ૧૨ નવા દર્દી

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસના આજે ૩૪ નવા કેસ સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં ૧૨, મધ્યપ્રદેશમાં ૮, ગુજરાતમાં ૬, જમ્મુ કાશ્મીરમાં ૩, આંધ્રપ્રદેશમાં ૨, જ્યારે રાજસ્થાન, પંજાબ અને આંદામાન-નિકોબારમાં ૧-૧ સંક્રમિત મળ્યા છે. હવે કુલ સંક્રમિતોની સંખ્યા ૧૨૦૦ થઈ ગઈ છે. ૩૪ લોકોના મોત થઈ ગયા છે. દેશમાં કોરોનાના વધતા જતા દર્દીઓ વચ્ચે એક સારા અહેવાલ એવા પણ છે કે, સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૧૦૨ પર પહોંચી ચુકી છે.

આજે દેશમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૧૯૦ પર પહોંચી છે. જ્યારે મોતને ભેટનારા લોકોની સંખ્યા વધીને ૨૯ થઈ છે. આજે દર્દીઓની સંખ્યામાં ઝડપભેર વધારો થઈ રહ્યો છે. સૌથી વધારે કેસ હાલમા મહારાષ્ટ્રમાં છે. માહારાષ્ટ્રમાં ૨૧૫ કેસોમાં ૭ લોકોનાં મોત થઈ ગયાં છે. કેરળમાં કેસોની સંખ્યા ૨૦૨એ પહોંચી છે. મહારાષ્ટ્રમા આજે ૧૨ નવા કેસ બહાર આવ્યા છે. કર્ણાટકમાં આ આંક ૮૩ એ પહોંચ્યો છે. કર્ણાટકમાં અત્યારસુધીમાં ૫ લોકો રિકવર થયા છે.

કેરળમાં ૨૦ દર્દીઓ સાજા થયા છે. મહારાષ્ટ્રમાં પણ ૨૫ દર્દીઓ સાજા થયા છે. ગુજરાત માટે કમનસીબી એ છે કે, ૬૯ કેસોમાં ૧ વ્યક્તિ જ રિકવરી પોઝિટીવ આવી છે અને ૬ લોકોનાં મોત થઈ ચૂક્યા છે. આજે ગુજરાતમાં ૬ નવા કેસો બહાર આવ્યા છે. તામિલનાડુમાં આજે ૧૭ કેસ પોઝિટીવ બહાર આવતાં કુલ આંક ૬૩એ પહોંચ્યો છે. જયાં ૪ લોકો કોરોના પોઝિટીવની તબિયત સુધરી છે. ગુજરાતમાં ૨ લોકોની તબિયતમાં સુધારો આવ્યો છે. દેશમાં કુલ કોરોના પોઝિટીવની સંખ્યા ૧૧૯૦એ પહોંચી છે. જેમાં ૧૦૨ દર્દીઓની સ્થિતિ રિકવર થઈ છે. હજુ પણ ૧૦૫૯ લોકો મોત સામે ઝઝૂમી રહ્યાં છે. દેશમાં કુલ ૨૯ લોકોનાં મોત થઈ ચૂક્યા છે. આ દર્દીઓમાં કુલ ૪૯ વિદેશી પણ સામેલ છે. મહારાષ્ટ્ર અને કેરલ દર્દીઓની સંખ્યામાં મોખરે છે. બંને રાજ્યોમાં દર્દીઓની સંખ્યા ૨૦૦ને પાર કરી ગઈ છે. જ્યારે ગુજરાતમાં દર્દીઓની સંખ્યા ૬૯ પર પહોંચી છે. દેશના સૌથી મોટા રાજ્ય યુપીમાં હાલમાં કોરોનાના ૭૨ દર્દીઓ છે.

છાપા અને જરૂરી ચીજ વસ્તુઓનું પરિવહન ચાલુ રાખવામાં આવેઃ અજય ભલ્લા

કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાએ તમામ રાજ્યોના મુખ્ય સચિવોને ચિઠ્ઠી લખીને કહ્યું છે કે લોકડાઉન દરમિયાન છાપાઓની સપ્લાઈ પર કોઈ અસર ન પડે. સરકારે તેને પ્રિન્ટ મીડિયા હેઠળ જરૂરી વસ્તુઓની શ્રેણીમાં સામેલ કર્યા છે.

મોતનો આંકડો ઝડપથી વધશે,એક લાખથી ઓછો રહ્યો તો નસીબદારઃ ટ્રમ્પ

અમેરિકા કોરોના સામે ઘૂંટણિયેઃ ૨૪૦૦થી વધુના મોત,૧.૪૨ લાખ લોકો સંક્રમિત

સોશિયલ ડિસ્ટન્સિંગ ગાઈડલાઈનને આગામી ૩૦ એપ્રિલ સુધી વધારાઈ,૧ જૂન સુધીમાં આ સંકટમાંથી અમેરિકા બહાર આવી જશેઃ ટ્રમ્પનો દાવો

વોશિંગ્ટન

દુનિયાના સૌથી શક્તિશાળી દેશ અમેરીકામાં પણ કોરોના કહેર બનીને વરસી રહ્યો છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૫૧૮ લોકોના મોત થયા છે. વર્લ્ડોમીટરના જણાવ્યા પ્રમાણે, દેશમાં અત્યાર સુધી ૨,૪૮૪ લોકોના મોત થઈ ચુક્યા છે. સાથે જ એક લાખ ૪૨ હજારથી વધારે લોકો સંક્રમિત થયા છે. અમેરિકામાં ન્યૂયોર્ક સૌથી વધારે પ્રભાવિત રાજ્ય છે. અહીંયા ૨૪ કલાકમાં સંક્રમણના ૭૨૦૦ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે જ સંક્રમિતોની સંખ્યા ૫૯ હજારથી વધારે થઈ ગઈ છે. જેમાં માત્ર ન્યૂયોર્ક સિટીમાં ૩૩,૭૬૮ કેસ છે. આ સમયે અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપે ટ્વીટ કરીને જાણકારી આપી કે વ્હાઈટ હાઉસની કોરોના ટાસ્કફોર્સને ન્યુયોર્કમાં કડક ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

દુનિયાના સૌથી શક્તિશાળી દેશ અમેરિકામાં પણ કોરોના વાયરસનો જીવલેણ પ્રકોપ વધી રહ્યો છ. એક બાજૂ જ્યાં પોઝિટીવ કેસ સતત વધી રહ્યા છે, ત્યાં વળી મરનારા લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. અમેરિકામાં અત્યાર સુધીમાં એટલે કે, રવિવાર સુધીમાં કોરોના સંક્રમિત દર્દીઓનો આંકડો ૧.૪૨ લાખ પર પહોંચી ગયો છે. તો વળી મરનારા લોકોની સંખ્યા વધીને ૨૪૮૪ થઈ ગઈ છે. આ ઉપરાંત ૧૦૯૫ દર્દી સાજા થયા છે. કોરોનાના વધતા કેસને ધ્યાનામાં રાખતા અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું કે, આગામી બે સપ્તાહમાં મોતનો આંકડો જોર પકડશે. સાથે જ કહ્યું કે, દેશમાં સોશ્યલ ડિસ્ટેસિંગનો નિયમ ૩૦ એપ્રિલ સુધી લાગુ રહેશે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું કહેવું છે કે અમેરિકામાં આવતા બે સપ્તાહમાં કોરોના વાયરસથી મરનારાઓની સંખ્યામાં ભારે વધારો થઈ શકે છે. જેથી ટ્રમ્પે સોશિયલ ડિસ્ટન્સિંગ ગાઈડલાઈનને આગામી ૩૦ એપ્રિલ સુધી વધારી દીધી છે. ટ્રમ્પ મુજબ, ૧ જૂન સુધી તમામ વસ્તુ પાટા પર આવી જશે, આ પહેલા તેઓએ અનુમાન લગાવ્યું હતું કે ઈસ્ટર સુધી તમામ વસ્તુ ઠીક થઈ જશે.

ટ્રમ્પનું માનવું છે કે અમેરિકામાં એક લાખથી વધુ લોકોનાં મોત થઈ શકે છે. તેઓએ કહ્યું કે જો આ આંકડો એક લાખ સુધી સમિત રહે છે તો પછી તેનો અર્થ એ છે કે આપણે તેને રોકવા માટે સારું કામ કર્યું છે.

અમેરિકા આ સંકટમાંથી ૧ જૂન સુધીમાં બહાર આવી જશે, દેશવાસીઓને આવું આશ્વસન આપતાં ટ્રમ્પે સંવાદદાતાઓને કહ્યું કે, બે વરિષ્ઠ જન સ્વાસ્થ્ય સલાહકારો તથા કોરોના વાયરસ પર વ્હાઈટ હાઉસ કાર્યબળના સભ્યો- ડૉ. દેબોરા બિક્સ અને ડૉ. એન્થની ફૌસીની સલાહના આધારે તેમને સામાજિક મેળાપથી અંતર સંબંધી ઉપાયોની અવધિ ૩૦ એપ્રિલ સુધી વધારી હશે.

ટ્રમ્પે કહ્યું કે, સામાજિક અંતરને લઈને નવા દિશા-નિર્દેશોની જાહેરાત ૧ એપ્રિલે કરવામાં આવશે. તેઓએ કહ્યું કે, અમે આશા રાખી રહ્યા છીએ કે ૧ જૂન સુધી આપણે આ સંકટમાંથી મુક્ત થઈ જઈશું.

સંક્રમિત લોકોનો આંકડો ૭ લાખને પાર,સ્પેનમાં વધુ ૮૨૧ના મોત

ઈટાલીમાં ૨૪ કલાકમાં ૭૫૬ લોકોના મોતઃ વિશ્વભરમાં ૩૩ હજારથી વધુના મોત

બ્રિટનમાં ૬ મહિનાનું લોકડાઉન લાગી શકે છે

રોમ/મેડ્રિડ


કોરોનાએ તેનો કાળમુખો પંજો સમગ્ર વિશ્વ પર ફેલાવ્યો છે અને અત્યાર સુધીમાં કોરોના વાયરસને પગલે દુનિયાભરમાં ૭,૨૨,૧૯૬ લોકો શિકાર બન્યા છે તેમજ ૩૩,૯૭૬ લોકો મોતને ભેટ્યા છે. કોરોનાનો મહા પ્રકોપ અટકવાનું નામ નથી લઈ રહ્યો. સાત લાખ વધુ લોકોને પોતાની લપેટમાં લેનાર આ કોરોના સામે વિશ્વભરના દેશો વામણા પુરવાર થયા છે. બીજીતરફ દોઢ લાખ લોકો આ બીમારીમાંથી ઉગરી શક્યા છે જે સારી બાબત જણાય છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૫૦૦થી વધુ લોકોના મોત થયા છે જેને પગલે આંકડો ૨૫૦૦ની નજીક પહોંચ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે આગામી બે સપ્તાહમાં કોરોનાથી મૃત્યુનો આંક ટોચ પર હશે. ટ્રમ્પે જણાવ્યું છે કે ૩૦ એપ્રિલ સુધી સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમ અમલમાં રહેશે. બીજી બાજુ બ્રિટનના ડેપ્યૂટી ચીફ મેડિકલ ઓફિસર જેની હેરીઝે રવિવારે માહિતી આપી છે કે, દેશમાં કોરોના બીજા ફેઝમાં છે. અહીં ૬ મહિનાનું લોકડાઉન લગાવવામાં આવી શકે છે. વર્લોડમીટરના આંકડા મુજબ ઈટાલીમાં અત્યાર સુધીમાં ૯૭૬૮૯ કેસ નોંધાયા છે અને મૃત્યુઆંક ૧૦,૭૭૯ થયો છે જે વિશ્વમાં સૌથી વધુ છે. સ્પેનમાં ૮૦,૧૧૦ દર્દીઓ સામે મૃત્યુઆંક ૬,૮૦૦ને પાર કરી ગયો છે. સ્પેન અને ઈટાલીની સ્થિતિ ઘણી જ કફોડી છે. ઈટાલીમાં વેન્ટિલેટરની અછત વર્તાઈ રહી છે તેમજ હોસ્પિટલમાં દર્દીઓને રાખવાની જગ્યા પણ નથી. ચીનમાં સંક્રમણના નવા ૩૧ કેસ સામે આવ્યા છે જેને પગલે કુલ સંક્રમિત લોકોની સંખ્યા ૮૧,૪૭૦ થઈ છે. જે પૈકી ૩૦ લોક દેશ બહારના છે. રવિવારે હુબેઈ પ્રાંતમાં ચાર મોત થયા હોવાનું રાષ્ટ્રીય આરોગ્ય પંચે જણાવ્યું હતું. વુહાન શહેરમાં ૮ એપ્રિલ સુધી લોકડાઉન રહેશે. ચીનમાં કોરોનાથી મૃત્યુ પામેલા લોકોનો આંકડો ૩,૩૦૪ પર પહોંચી ગયો છે.

છેલ્લા ૨૪ કલાકમાં ઈરાનમાં ૧૨૩ મોત થયા છે આ સાથે મૃત્યુઆંક ૨૬૪૦ પહોંચી ગયો છે. કુલ પોઝિટિવ કેસ ૩૮,૩૦૯ નોંધાયા છે. તેમાંથી ૩૪૬૭ લોકો આઈસીયુમાં છે. ૧૨૩૯૧ લોકો સાજા થઈ જતાં હોસ્પિટલમાંથી રજા આપ દેવામાં આવી છે. પાકિસ્તાનમાં કોરોના વાયરસના ૧,૫૨૬ કેસ નોંધાયા છે અને ૧૪ લોકોએ જીવ ગુમાવ્યો છે.

યુપીના મેરઠમાં એક જ પરિવારના ૧૩ સભ્યો કોરોના પોઝિટિવ

મેરઠ

મેરઠમાં એક જ પરિવારના ૧૩ સભ્યોનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતા તંત્ર ઉપર નીચે થઈ ગયુછે. પહેલા આ પરિવારમાં પાંચ લોકોને કોરોના પોઝિટિવ હોવાનુ નિદાન થયુ હતુ. પરિવારના બાકી સભ્યોનો ટેસ્ટ પણ કોરોના પોઝિટિવ આવતા હવે ૧૩ લોકો કોરોના પોઝિટિવ થયા છે. જોકે કોરોનાના દર્દીઓ આંકડો હજી પણ વધે તેવી શક્યતા છે. ડોક્ટરોના કહેવા પ્રમાણે ૪૬માંથી ૧૧ના જ ટેસ્ટ રિપોર્ટ આવ્યા છે. બાકીના લોકોના રિપોર્ટ આવવાના બાકી છે. આ પરિવારનો એક સભ્ય મહારાષ્ટ્રના અમરાવતીમાં રહે છે. જેનુ સાસરુ મેરઠમાં છે.તે પછી તેની પત્ની અને પરિવારના બીજા સભ્યોને પણ કોરોનાનો ચેપ લાગ્યો છે. મહારાષ્ટ્રમાં આ વ્યક્તિ કોકરીનો વ્યવસાય કરે છે. આ પરિવાર જ્યાં રહે છે તે તમામ વિસ્તારને હાલમાં તો સીલ કરાયો છે.



દૂધ,અનાજ સહિતની તમામ દુકાનો બંધ રહેશે,ભંગ કર્યો તો જેલમાં મોકલાશે

ઈન્દોરમાં સૌથી કડક લોકડાઉનઃ સંપૂર્ણ શહેર જડબેસલાક બંધ રહેશે


અત્યાર સુધીમા ૩૨ પોઝીટીવ કેસ મળી આવતા સરકાર આકરા પાણીએ

ઈન્દોર

રોગચાળાના રૂપમાં ઘણા દેશોમાં કોરોના વાયરસ ફેલાયો છે. ભારતમાં ચેપગ્રસ્ત લોકોની સંખ્યા સતત વધી રહી છે. ઈટાલીમાં કોરોના વાયરસનો સૌથી વધુ પ્રભાવ રહ્યો છે. ભારતમાં કોરોના સંકટને પહોંચી વળવા સરકારે ૨૨ માર્ચથી ૨૧ દિવસ માટે દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત કરી છે.

તેમ છતાં, કેટલાક લોકો બેદરકારી દાખવી રહ્યા છે. આનું પરિણામ એ છે કે તેના દર્દીઓની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. દેશભરમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો ખતરો વધી રહ્યો છે. આ કારણોસર મધ્યપ્રદેશ સરકારે કડક વલણ અપનાવ્યું છે. રાજ્ય સરકારે ઈન્દોરમાં દેશનું કડક લોકડાઉનને મુકવાનો નિર્ણય કર્યો છે. આ સમય દરમિયાન શહેરનો સંપૂર્ણ થોભી જશે. ઈંદોરમાં અત્યાર સુધીમાં ૩૨ કોરોના પોઝિટિવ કેસ મળી આવ્યા છે. આજે ૮ નવા દર્દીઓ સામે આવ્યા છે, જેમાંથી ૭ ઈન્દોરના અને ૧ ઉજ્જૈનનો રહેવાસી છે.

શહેરમાં ૧ એપ્રિલ સુધી રાશન, શાકભાજી, દૂધ, ડેરી અને અન્ય કોઈ માલનું વેચાણ થશે નહીં કે હોમ ડિલીવરી મળશે. આ સાથે પેટ્રોલ પમ્પ પણ બંધ રાખવામાં આવશે. લોકડાઉન અંગે વારંવાર થતી અવગણનાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રે આ કડક પગલું ભરવાનું નક્કી કર્યું છે. છેલ્લા પાંચ દિવસમાં, ઈન્દોરમાં ચેપગ્રસ્ત લોકોની સંખ્યામાં સતત વધારો થયો છે.વહીવટીતંત્રે ચંદન નગર, રાણીપુરા જેવા વિસ્તારોને વિશેષરૂપે ચિહ્નિત કર્યા છે અને અહીં હિલચાલ પર પ્રતિબંધ મૂક્યો છે. ઈન્દોરમાં સંક્રમિતોની સંખ્યા ૨૨ પર પહોંચી ગઈ છે.



જો હું નવ મહિના માના ગર્ભમાં રહી શકું તો તમે ભારત માતા માટે ૨૧ દિવસ ઘરમાં રહી ન શકો?

કેમ્બ્રિજ યુનિવર્સિટીના એક ભારતીય મૂળના રિસર્ચે કહ્યું

કોરોના સામેની જંગમાં ભારતે ૪૯ દિવસના લોકડાઉનની જરુરઃ રિસર્ચ

લંડન

દુનિયાભરના દેશો વર્તમાન સમયમાં કોરોના વાયરસના પ્રકોપ સામે નબળા સાબિત થઈ રહ્યા છે. એવામાં આ મહામારીને રોકવા માટે મોટાભાગના દેશોએ લોકડાઉન નીતિ અપનાવી છે. ભારતમાં પણ સરકારે કોરોના વાયરસ સામેની લડતમાં લોકડાઉન કરવાની અસરકારક નીતિ અપનાવી છે, પરિણામ રુપે ભારત અન્ય દેશોની જેમ ઝપેટમાં આવ્યુ નથી, જોકે અહીં કેસો વધી રહ્યા છે, પરંતુ અન્ય દેશોની સરખામણીએ સ્થિતિ સુરક્ષિત છે.

ભારતમાં પીએમ મોદીએ ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કર્યુ છે, પરંતુ કેમ્બ્રિજ યુનિવર્સિટીના એક ભારતીય મૂળ રિસર્ચર્સ એક નવા મોડલ સાથે આવ્યા છે જેમાં ભારતમાં ૪૯ દિવસનું દેશવ્યાપી લોકડાઉન અથવા સમયાંતરે છૂટ આપીને બે મહિનાના લોકડાઉનની સલાહ આપી છે. આ મોડલને કોરોના વાયરસને બીજીવાર ભારતમાં માથુ ઉંચકતા રોકવા માટે મહત્વનુ પગલુ દર્શાવવામાં આવી રહ્યુ છે.

આ રિસર્ચ મુજબ ભારતમાં ૨૧ દિવસનો લોકડાઉન છે, પરંતુ તેના અંતિમ દિવસોમાં કોરોના ફરી માથુ ઉચકશે એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ રિસર્ચને Age Structured impact of social distancing on the Covid19 epidemic in india શીર્ષક આપવામાં આવ્યુ છે. આ રિસર્ચમાં સોશિયલ ડિસ્ટેન્સિંગના ઉપાયો જેવા કે, કામ કરવાની સ્થળમાં ગેર હાજરી, શાળા બંધ કરવી, લોકડાઉન અને તેનો સમયગાળો તથા તેની અસરનું મૂલ્યાંકન કરવામાં આવ્યુ છે.

બ્રેન્ટ ક્રૂડના ભાવમાં સાત ટકાનો ઘટાડો

કોરોના ઈફેક્ટઃ બ્રેન્ટ ક્રૂડ ૨૦૦૩ પછીની સૌથી નીચી સપાટીએ

ન્યૂયોર્ક

કોરોના વાઈરસે વિશ્વનાં કોમોડિટી માર્કેટમાં હાહાકાર મચાવ્યો છે. ભારત સહિત વિશ્વનાં અનેક બજારો ગોથા ખાઈ રહ્યા છે અને ભારે અફરાતફરી જોવા મળી રહી છે. કોરોના વાઈરસને કારણે વિશ્વનાં અનેક દેશોમાં લોકડાઉન છે. વાહનો, ટ્રેનો અને વિમાનોનાં ઉડ્યનો બંધ થઈ ગયા છે. આખા વિશ્વનો વ્યવહાર ઠપ થઈ ગયો છે. પરિણામે અનેક દેશોમાં ક્રૂડ ઓઈલની માંગમાં જંગી ગાબડાં પડયા છે. ઉત્પાદન વધારીને મોટો માર્કેટ હિસ્સો મેળવી લેવાની તક ઝડપવા માગતા સાઉદી અરેબિયાને ક્રૂડનાં ખરીદારો મેળવવા ફાંફા પડી રહ્યા છે.

વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડનાં ભાવમાં ૭ ટકાનો ઘટાડો થયો છે અને તેનાં ભાવ ૨૦૦૩ પછીની નીચી સપાટીએ ગયા છે. શુક્રવારે નોર્થ સી બ્રેન્ટ ક્રૂડનાં ભાવ ૧૭ વર્ષનાં તળીયે ગયા હતા. બ્રેન્ટ ક્રૂડ મે ડિલિવરી વાયદો શુક્રવારે ૭.૩૩ ટકા ગગડીને બેરલદીઠ ૨૪.૪૧ ડોલર બોલાયો હતો. જ્યારે વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ ૫.૯૭ ટકા ઘટીને બેરલે ૨૧.૧૫ ડોલર થયો હતો. કોરોનાએ ક્રૂડ ઓઈલ માર્કેટનું આખું ગણિત ખોરવી નાંખ્યું હતું. જો કે સાઉદી અરેબિયા અને રશિયા વચ્ચે ગળાકાપ ભાવ સ્પર્ધાને કારણે આ મહિને ક્રૂડ વાયદો પણ નજીવો વધ્યો હતો. ઓપેકનાં દેશોઓ ઉત્પાદન વધારવાનું બંધ કર્યું પણ સાઉદી અરેબિયાએ સપ્લાય વધાર્યો હતો. દરમિયાન ઓઈલ ક્ષેત્રના નિષ્ણાતો ક્રૂડનો જંગી સ્ટોક જોતા એવી આગાહી કરી રહ્યા છે કે જો વહેલી તકે ઔદ્યોગિક ઉત્પાદન શરૂ નહીં થાય તો ભાવ દસ ડોલરે પહોંચે એવી પૂરી શક્યતા છે.

તેલંગાણા ૭ એપ્રિલ સુધી કોરોનાના સંક્રમણથી મુક્ત થઈ જશેઃ ચન્દ્રશેખર રાવ

હૈદરાબાદ

તેલંગાણાના મુખ્યમંત્રી ચન્દ્રશેખર રાવે દાવો કર્યો છે કે આગામી નવ દિવસમાં રાજ્ય કોરોના વાયરસના સંક્રમણથી મુક્ત થઈ જશે. તેમણે જણાવ્યું છે કે, તેલંગાણામાં ૭૦ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. જેમાંથી સારવાર બાદ ૧૧નો ટેસ્ટ નેગેટિવ આવતા તેમને રજા આપવામાં આવી છે. ૫૮ દર્દીઓની સારવાર ચાલી રહી છે. આગામી સમયમાં કોઈપણ કેસ સામે નહીં આવે તો ૭ એપ્રિલ સુધી કોરોના મુક્ત જાહેર થશે.

રાવે જણાવ્યુ કે, કોવિડ-૧૯ માટે ડોક્ટર્સ, નર્સ, મેડિકલ ગ્રેજ્યુએટ એક સમૂહ બનાવશે. આ ઉપરાંત તેમણે જણાવ્યું કે, અફવાઓ ફેલાવનારા પર કડક કાર્યવાહી કરવામાં આવશે. સરકાર એવી તમામ ગતિવિધિઓ પર નજર રાખી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, કોરોનાથી પ્રભાવિત ખેડૂતોની મદદ કરવામાં આવશે. સરકારે ગામડાઓમાંથી અનાજ ખરીદવાનો નિર્ણય લીધો છે. જેના માટે ૩,૨૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવશે. કૂપનના આધારે ખરીદી કરવામાં આવશે. ખેડૂતો પોતાનો પાક વેચવા માટે પાસબૂક સાથે લાવવી પડશે. ચૂકવણી ઓનલાઈન તેમના ખાતામાં કરવામાં આવશે. આ સાથે જ ફળ ખરીદવા માટે પણ ૫૦૦ કેન્દ્ર બનાવવામાં આવશે.

હવે તમિલનાડુમાં કોરોના દર્દીને રોબોટ દવા પહોંચાડશે..!!

ચેન્નાઈ

પીએમ મોદીએ દેશને કોરોના વાઈરસથી બચાવવા માટે ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરી દીધું છે અને દેશવાસીઓને ઘરમાં જ રહેવાની જ સલાહ આપી છે. તેમ છતાં દેશમાં રોજ નવા કોરોના પોઝિટિવ કેસ સામે આવી રહ્યા છે.

તમિલનાડુના તિરુચિરપલ્લી શહેરની એક પ્રાઈવેટ કંપનીએ રાજ્યની સરકારી હોસ્પિટલને હ્યુમનોઈડ રોબોટ ડોનેટ કર્યા છે. આ હ્યુમનોઈડ રોબોટ આઈસોલેશન વોર્ડમાં કોરોના પોઝિટિવ દર્દીઓ સુધી દવા પહોચાડવામાં મદદ કરશે. કંપનીના કહેવા પ્રમાણે હાલ ૪ હ્યુમનોઈડ રોબોટ મદદ કરવા માટે એકદમ તૈયાર છે. તો બીજી તરફ હોસ્પિટલે જણાવ્યું કે, એકવાર ડિસ્ટ્રિક્ટ એડમિનિસ્ટ્રેશન પરમિશન આપી દેશે તે પછી અમે આ રોબોટનો ઉપયોગ કરવાનો શરુ કરી દઈશું.

આત્મહત્યાના કેસ વધતા દારૂનું ઓનલાઈન વેચાણ કરશે કેરળ સરકાર..!

તિરુવનંતપુરમ્

દેશમાં ચાલી રહેલા લોકડાઉન વચ્ચે દારૂડિયાઓ મુશ્કેલીમાં મુકાયા છે. મૉડલ શોપ પર પણ તાળાઓ મારવામાં આવ્યા છે. લોકડાઉન દરમિયાન, કેરળમાં દારૂ ન મળવાના કારણે આત્મહત્યાના વધતા જતા કેસોના કારણે દારૂના ઓનલાઈન વેચાણ અંગે નિર્ણય લઈ શકાય છે. રાજ્યના મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયન દ્વારા સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યા છે.

કેરળના મુખ્ય પ્રધાન પી વિજાયને કહ્યું છે કે, કેરળમાં દારૂના વેચાણ પરના પ્રતિબંધ બાદ રાજયના અનેક વિસ્તારોમાંથી આત્મહત્યાની ઘટનાઓ સામે આવી રહી છે. આવી સ્થિતિમાં નક્કી કરવામાં આવ્યું છે કે ડોકટરોની સૂચના મુજબ વ્યસની લોકોને દારૂ આપવામાં આવશે. દારૂનું ઓનલાઈન વેચાણ અંગે પણ વિચાર કરવામાં આવી રહ્યો છે.સીએમ વિજયનએ એક્સાઈઝ ડિપાર્ટમેન્ટને આવા લોકોને દારૂ પહોંચાડવા નિર્દેશ આપ્યો છે, જેમને ડોકટરોએ સલાહ આપી છે. રવિવારે કોડંગલુરુ વિસ્તારમાં ૩૨ વર્ષીય વ્યક્તિએ દારૂ ન મળતા આત્મહત્યા કરી હતી.

યોગી સરકારે મનરેગાના ૨૭.૫ લાખ મજૂરોના ખાતામાં ૬૧૧ કરોડ ટ્રાન્સફર કર્યા

લખનઉ

કોરોના વાયરસ પર આમ તો કાબુ મેળવી શકાય નથી પરંતુ તેના કારણે આર્થિક રીતે નબળા વર્ગના લોકોની મદદ માટે સરકાર તત્પર છે. ભારત સરકાર જયાં મોટા રાહત પેકેજની જાહેરાત કરી ચૂકી છે ત્યાં પીએમ રાહત કોષની મુહિમ ચલાવીને પણ લોકો પાસે મદદ માંગી રહી છે. જયારે રાજય સરકારો પણ લોકોને લઈને જાગૃત જોવા મળે છે. અનેક પગલાં લેવાયા છે. ભારત સરકારની સાથે સાથે અનેક રાજય સરકારો પણ ગરીબ વર્ગના લોકો માટે કામ કરી રહી છે. આ જ કડીમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ અગાઉ રાહત પેકેજની જાહેરાત કરી હતી. અને હવે આજે તેમણે મનરેગા હેઠળ આવતા મજૂરોને આર્થિક મદદ કરી છે. યોગીએ લગભગ ૨૭.૫ લાખ મનરેગા મજૂરોના બેંક ખાતામાં ડાઈરેક્ટ ૬૧૧ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા છે. યોગીએ આ રકમ એટલા માટે ટ્રાન્સફર કરી કારણ કે જેથી કરીને આવા કપરા સમયમાં તેમને જરૂરિયાતની વસ્તુઓ મળી શકે.

એટલું જ નહીં યોગીએ આર્થિક મદદ બાદ મનરેગા લાભાર્થીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વાતચીત કરી. તેમને આ યોજના સંબંધિત જાણકારીઓ આપી. ત્યારબાદ યોગી આદિત્યનાથે આજે અધિકારીઓ પાસેથી નોઈડામાં કોરોના સંક્રમિત દર્દીઓની સ્થિતિ અંગે જાણકારી પણ મેળવી. અત્રે જણાવવાનું કે યુપીના નોઈડામાં કોરોનાના સૌથી વધુ કેસ સામે આવ્યાં છે.

લોકડાઉનને કારણે ઘરમાં બંધ રહેવાથી ઘરેલુ હિંસાના કેસોમાં વધારો થવાની ભીતિ

બર્લિન

કોરોના વાઈરસના પ્રસારને રોકવા માટે યુરોપના મોટાભાગના દેશોમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યો હોવાથી તમામ પરિવારો તેમના ઘરોમાં કેદ થઈને રહી ગયા છે જેને કારણે ઘરેલું હિંસામાં વધારો વધારો થવાની આશંકા સેવાઈ રહી છે

ચીનમાં કોરોનો રોગચાળો ફાટી નીકળ્યા બાદ અને દુનિયાભરના લોકો આ રોગનો શિકાર બન્યા હતા અને બર્લિન, પેરિસ, માડ્રિડ અને રોમ જેવા દેશોમાં ઘરેલુ હિંસાના પીડિતોના સંગઠને ઘરેલુ હિંસાના મામલા વધી ગયા હોવાની પુષ્ટિ કરી હતી.

મહિલાઓ માટેના જર્મન ફેડરલ એસોસિયેશન અને સલાહકાર કેન્દ્રે જણાવ્યું હતું કે ઘણાં લોકો માટે પોતાનું ઘર એ સલામત સ્થાન નથી. મહિલાઓ અને બાળકો સામે ઘરેલું અને જાતીય હિંસાનું જોખમ વધી રહ્યું છે. અને આ જોખમ એવા ઘરો સુધી મર્યાદિત નથી જ્યાં હિંસાની ઘટના પહેલા પણ બનતી હતી. ઘરમાં કેદ રહેવાને કારણે લોકોના માનસિક તણાવ વધી ગયો છે અને નોકરીની સુરક્ષા તથા આર્થિક મુશ્કેલીઓ વગેરેના કારણે પણ ઘરમાં અશાંતિ સર્જાવાની સંભાવનાઓ વધી રહી છે

ફ્રાન્સે પણ આ બાબતની પુષ્ટિ કરતાં જણાવ્યું હતું કે તાળાબંધીને કારણે પહેલા કોઈ ઘરેલું સમસ્યાના ધરાવતા પરિવારોમાં પણ છેલ્લાં કેટલાક અઠવાડિયાથી અશાંતિની પરિસ્થિતિ પેદા થઈ છે. ચીનમાં પણ મહિલાઓના અધિકાર માટેના સંગઠને મહિલાઓ પરના હિંસામાં વધારો થયો હોવાના અહેવાલ નોંધાવ્યા હતા.

યુરોપમાં ઈટાલી બાદ કોરોનાવાઈરસના ફેલાવાનો મુખ્ય દેશ બનેલા સ્પેનમા પણ ૩૫ વર્ષની અને બે બાળકોની માતાની તેના પતિએ હત્યા કરી હોવાની ઘટના નોંધાઈ હતી.

માનસિક અથવા શારીરિક ઘરેલુ હિંસાનો શિકાર બનતા બાળકો મહિલાઓ અને સ્ત્રીઓ હાલમાં લોકડાઉનને કારણે તેમના ઘરોમાં છે પરિણામે તેમના પર હિંસા થવાનુ જોખમ વધી ગયું છે એમ મહિલા અધિકાર સમિતિએ જણાવ્યું હતું

નૈનોમટીરિયલ જે શરીરમાં પ્રવેશીને વાયરસ પર હુમલો કરશે

ચીનનો દાવોઃ કોરોના વાયરસને શરીરમાં નષ્ટ કરવાની નવી રીત શોધી કાઢી

બીજિંગ

ચીનએ ભલે કોરોના વાયરસ સંક્રમણ પર ઘણી હદે કાબૂ મેળવી લીધો હોય પરંતુ તેની વેક્સીન બનાવવી સમગ્ર દુનિયા માટે હજુ પણ ચિંતાનો વિષય છે. ચીનમાં આ સંક્રમણના ૮૧ હજારથી વધુ કેસ સામે આવ્યા છે જ્યારે ૩૩૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. હવે ચીનના વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે તેઓએ વાયરસને શરીરમાં જ નષ્ટ કરવાની નવી રીત શોધી લીધી છે.

ચીનના સરકારી મીડિયા 'ગ્લોબલ ટાઈમ્સે' એક ટ્વિટ કરીને જાણકારી આપી છે કે ચીનના વૈજ્ઞાનિકોએ કોરોના વાયરસથી લડવા માટે નવું હથિયાર બનાવી લીધું છે. ચીનનો દાવો છે કે તેઓએ એક એવું નૈનોમટીરિયલ બનાવી લીધું છે જે શરીરમાં પ્રવેશીને કોરોના વાયરસ પર હુમલો કરશે અને ત્યારબાદ તેને ૯૬.પથી ૯૯.૯ ટકા સફળતા સાથે નિષ્ક્રિય કરવામાં સક્ષમ છે. વૈજ્ઞાનિકો મુજબ તે ન તો વેક્સીન છે અને ન તો તેને દવા કહી શકાય, તે એક બાયોવેપન જેવું છે જેને કોરોના વાયરસથી લડવા માટે વિકસિત કરવામાં આવ્યું છે. નૈનોમટીરિયલ અનેક પ્રકારના મેન્યૂફેક્ચરિંગ પ્રોસેસમાં ઉપયોગમાં લેવાય છે. તે હેલ્થકેર ઉપરાંત પેઈન્ટ્સ, ફિલ્ટર્સ, ઈન્સુલેશન અને લુબ્રિકેન્ટને પેદા કરવા માટે પણ ઉપયોગમાં લેવાય છે. હેલ્થકેરની વાત કરીએ તો તેને નૈનોજાઈમ્સ પણ કહેવાય છે અને તે શરીરમાં મળતા એન્જાઈમની જેમ જ કામ કરે છે. અમેરિકાના વૈજ્ઞાનિકો મુજબ, નૈનોમટીરિયલ વિશે હજુ દુનિયા વધુ નથી જાણતી પરંતુ તેને કેટલાક વિશેષ પ્રકારના કામો માટે તૈયાર કરવામાં આવ શેક છે, તે શરીરમાં સરળતાથી પ્રવેશ કરે છે કારણ કે તે ખૂબ જ નાનું હોય છે.

જાપાની કોમેડિયન કેન શિમૂરાનું કોરોના વાયરસથી નિધન

ટોક્યો

કોરોના વાયરસનો કહેર ભારતમાં જ નહીં વિશ્વભરમાં ફેલાઇ રહ્યા છે. અને દુનિયાભરની અનેક જાણીતી હસ્તીઓ એક પછી એક આની ભોગ બની રહી છે. અને પોતાના પ્રાણ ગુમાવી રહી છે. રવિવારે જાપાનના કોમેડિયન કેન શિમૂરાનું કોવિડ ૧૯ના કારણે ૭૦ વર્ષની ઉંમરે નિધન થઇ ગયું. સાર્વજનિક પ્રચારક એનએચકેના મુજબ ૧૯૭૦ના દશકમાં પોતાના કેરિયરની શરૂઆત કરનારા કોમેડિયન કેન શિમૂરા જાપાનના જાણીતા હાસ્ય કલાકારોમાંથી એક હતા. કોરોના વાયરસના તેમના રિપોર્ટ પોઝિટિવ આવ્યા પછી તેમને જાપાનના ટોક્યોમાં એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. અહીં રવિવારે એટલે કે ૨૯ માર્ચેસાંજે તેમણે છેલ્લા શ્વાસ લીધા. શિમૂરાનું સાચું નામ યાસુનોરી શિમૂરા હતું. તેમણે ૭૦ અને ૮૦ના દશકમાં જાપાનના ઘર ઘરમાં હાસ્ય દ્વારા પોતાની આગવી ઓળખ ઊભી કરી હતી.



તંત્રી લેખ

રામાયણ : યોગ્ય વિકલ્પ

લોકડાઉનના કારણે ઘરમાં રહેલા લોકો માટે સરકારે મનોરંજનનો યોગ્ય રસ્તો શોધી કાઢ્યો છે. દુરદર્શન પર હવે ૮૦ અને ૯૦ના દશકમાં ભારે લોકપ્રિયતા મેળવી લેનાર જુની લોકપ્રિય સિરિયલ દર્શાવવાની શરૂઆત કરી છે. આ એ ટીવી સિરિયલ છે જે પોતાના સમયમાં ખુબ લોકપ્રિય થઈ હતી. આજે પણ તેમને યાદ કરવામાં આવે છે. રામાયણ, મહાભારત, સર્કસ અને વ્યોમકેશ બક્શીને આજે પણ ખુબ યાદ કરવામાં આવે છે. સંકટના આ દોરમાં ભુતકાળ તરફ જોવાની રીત કેટલાક અંશે હેરાન કરનાર લાગી શકે છે પરંતુ જ્યારે ભવિષ્યને લઈને કેટલાક અંશે ધુધળાપણુ છે ત્યારે ભુતકાળ તરફ જોવાની માનવની પ્રવૃતિ રહેલી છે. સામાન્ય રીતે જ કોઈ સંકટના સમયમાં અમે જુના દિવસોને યાદ કરીને કેટલાક અંશે રાહત અનુભવ કરીએ છીએ. શક્ય છે કે જુની સિરિયલો પણ રાહત આપી શકે છે. જો કે જે સમય પર આ સિરિયલો બની હતી ત્યારથી લઈને આજ સુધી નવી નવી ટેકનોલોજી આવી ચુકી છે. મનોરંજન ઉદ્યોગનુ કદ અનેક ગણુ વધી ગયુ છે. ટીવીના સમાંતર કેટલાક પ્લેટફોર્મ આવી ગયા છે. જેના પર અમે મનોરંજન કરતા રહીએ છીએ. ફરેફારની આ પ્રક્રિયા માટે પણ જુની ચીજો હમેંશા મહત્વ રાખે છે. અમે જુની ચીજોની આજની તુલના કરવામાં આવે તો કેટલીક બાબતો સપાટી પર આવે છે. રામાયણ અને મહાભારત જેવી સિરિયલ આજે ૪૦ વર્ષની વયને પાર કરી ચુકેલા લોકોના દિલોદિમાગ પર રહેશે.નવી પેઢી નવા રોમાંચ સાથે જ આ ટીવી સિરિયલને નિહાળનાર છે. તમામ પ્રકારની આધુનિક ટેકનોલોજીની વચ્ચે આંખો ખોલનાર જનરેશનને આ સિરિયલ ઓછી પસંદ પડી શકે છે. જે રીતે તેમને જુની ફિલ્મો પસંદ પડતી નથી. જો કે તેમના મારફતે ભારતીય મિથકો અને પૌરાણિકતાને સારી રીતે સમજી શકે છે. સામાન્ય લોકો તો એમ પણ કહે છે કે જ્યારે ભુતકાળમાં જવાની જરૂર હતી તો એકદમ શરૂઆતની સિરિયલો પણ દર્શાવવાની જરૂર હતી. આજે હમ લોગ જેવી સિરિયલ દર્શાવવાની બાબત એક પ્રકારથી નવા અનુભવ રહ્યા હોત. અમે જાણી શકીએ છીએ કે આ તમામ ટીવી સિરિયલમાં એવી શુ વાત હતી જે આટલી હદ સુધી લોકપ્રિય થઈ હતી. બુનિયાદ જેવી સિરિયલ પણ દર્શાવવાની જરૂર છે. સામાન્ય રીતે સર્કસ અને વ્યોમકેશ બક્સી જેવી સિરિયલ અમારી અંદર એવા સવાલ ઉભા કરે છે કે આજની તારીખમાં તમામ ટેકનોલોજી અને કુશળતા હોવા છતાં જુની જેવી સિરિયલ કેમ બની શકતી નથી. રામાયણ અને મહાભારતના પ્રસારણ વેળા દેશમાં જ્યારે આ ટીવી સિરિયલ દુરદર્શન પર આવતી હતી ત્યારે રસ્તા સુમસામ થઈ જતા હતા. ચારેબાજુ સન્નાટો રહેતો હતો. હવે કોરોના વાયરસના કારણે દેશમાં લોકડાઉન છે અને લોકો તેમના ઘરમાં છે ત્યારે આ ટીવી સિરિયલો કેવી કમાલ કરે છે અને ફરી પહેલા જેવો જાદુ જગાવી શકે છે કે કેમ તેની ચર્ચા પણ છે. જો કે તમામ લોકોને આ સિરિયલ ગમશે કારણ કે આ સિરિયલો વ્યાપક અભ્યાસ અને સંશોધનના આધાર પર તૈયાર કરવામાં આવી હતી. તમામ પાત્રોએ તેમના રોલને ન્યાય આપવામાં સફળતા હાંસલ કરી હતી. રામાયણ અને મહાભારત તો અમર ટીવી સિરિયલ તરીકે રહેલા છે.

દુરદર્શન ઉપર ૮૦ તેમજ ૯૦ના દશકની ખુબ લોકપ્રિય સિરિયલ ફરીથી શરૂ કરાઈ

ચારધામની યાત્રા એપ્રિલના અંત સુધી શરૂ થાય છે પરંતુ આ વખતે...

કોરોનાથી ચારધામ-કુંભ પર અસર



ચારધામની યાત્રામાં ૩૦ લાખ તીર્થયાત્રી પહોંચે છે : આયોજન હવે ખોરવાયુ છે : હરિદ્વાર મહાકુંભની તૈયારી પણ ખોરવાઈ ગઈ છે

દુનિયાભરમાં ભારે હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસના કારણે આ વર્ષે હિમાલિયન તીર્થની ચારધામની યાત્રા પણ સકંટમાં આવી ગઈ છે. તેની અસર ખુબ ખરાબ દેખાઈ રહી છે. પ્રતિકુળ સંજોગોને જોતા તે નિર્ધારિત કાર્યક્રમ મુજબ આ વર્ષે શરૂ થઈ શકશે કે કેમ તેને લઈને ચર્ચા છે. જો કે તેની અસર પડશે તેમ તો તમામ નિષ્ણાંતો અને તૈયારીમાં લાગેલા લોકો પણ માની રહ્યા છે. ઉપરાંત તેની અસર વર્ષ ૨૦૨૧ની શરૂઆતમાં હરિદ્વારમાં યોજાનાર મહાકુંભ પર જોવા મળી શકે છે. બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમનોત્રી ની યાત્રા એપ્રિલ મહિનાના અંતિમ સપ્તાહમાં શરૂ થાય છે. જેમાં દેશ વિદેશમાંથી ૩૦ લાખ કરતા તીર્થયાત્રીઓ પહોંચે છે. આવી જ રીતે હરિદ્વારમાં મહાકુંભના પ્રથમ સ્નાનની તારીખ ૧૪મી જાન્યુઆરી ૨૦૨૧ છે. જેની તૈયારી આ વર્ષે વરસાદની પુર્ણાહુતિની સાથે જ શરૂ કરવામાં આવે છે. આ મહાપૂર્વના ભાગરૂપે રમતો પંચ સહિતના અખાડાના આગમનની શરૂઆત તો આ વર્ષે જ શરૂ થઈ જાય છે. જ્યારે લોકોના ઘરમાંથી બહાર નિકળવા પર પ્રતિબંધ છે અને મંદિર મસ્જિદ પણ બંધ છે ત્યારે ચારધામની યાત્રાની સંભાવના તો ખતમ થઈ જાય છે. કોરોના વાયરસ ખતરનાક રીતે વિશ્વભરમાં આતંક મચાવે તે પહેલા જ વસંત પંચમીના અવસર પર બદરીનાથના કપાટ ખોલી દેવા માટેની તારીખ જાહેર કરી દેવામાં આવી છે. આ તારીખ ૩૦મી એપ્રિલ રાખવામાં આવી છે. દરમિયાન મહાશિવરાત્રી પર કેદરાનાથના કપાટ ખોલી દેવાની તારીખ ૨૯મી એપ્રિલ પહેલાથી જ જાહેર કરવામાં આવી ચુકી છે. ગંગોત્રી અને યમનોત્રીના કપાટ હમેંશા અક્ષયા તૃતિયાના દિવસે ખોલવામાં આવે છે. જે આ વર્ષે ૨૬મી એપ્રિલના દિવસે આવી રહી છે. આ રીતે જોવામાં આવે તો આ હિમાલિયન તીર્થના દર્શનની શરૂઆત ૨૬મી એપ્રિલના દિવસે થનાર છે. જેના માટે ઓછામાં ઓછા બે દિવસ પહેલા રિશિકેશથી આ યાત્રાના શ્રીગણેશ થનાર છે. જ્યારે કોરોનાના ખૌફથી દેશના મંદિર મસ્જિદોને શ્રદ્ધાળુઓ માટે બંધ કરી દેવામાં આવ્યા છે ત્યારે હિમાલયના પવિત્ર ધામ બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમનોત્રી ખાતે શ્રદ્ધાળુઓનુ સ્વાગત કરવામાં આવશે તેમ માનવા માટે કોઈ કારણ નથી. સામાન્ય રીતે કહી શકાય છે કે ઈતિહાસમાં ઉલ્લેખ છે કે ગઢવાલમાં તીર્થયાત્રીઓના માધ્યમથી બિમારી વિતેલા વર્ષોમાં પહોંચી ચુકી છે. પોર્ટરોના માધ્યમથી આસપાસના ગામોમાં બિમારી પહોંચી જતી હતી. આ વર્ષની યાત્રા માટે ધાર્મિક ઔપચારિકતા શરૂ કરવામાં આવી ચુકી છે. જો કે ખૌફમાં રહેલી ઉત્તરાખંડ સરકારને કોઈ રાહત મળી રહી નથી. પ્રદેશના પ્રવાસ અને ધર્મસ્વ મંત્રી સતપાલ મહારાજ પણ યાત્રાના સંબંધમાં કોઈ વાત કરવાની સ્થિતીમાં નથી. તેમનુ કહેવુ છે કે ૧૫મી એપ્રિલ સુધી તો લોકડાઉનની સ્થિતી રહેલી છે. તેમના કહેવા મુજબ આ અવધિ આગળ વધારી દેવા અથવા તો સ્થગિત કરવાનો નિર્ણય કેન્દ્રના આદેશના આધાર પર કરવામાં આવનાર છે. રાજ્ય સરકાર પહેલાથી જ સંશાધનની સાથે અનુભવની કમીના કારણે પહેલાથી જ પરેશાન થયેલી છે. લોકડાઉનનો ગાળો ખતમ કરી દેવામાં આવ્યા બાદ કમ સે કમ મે મહિના સુધી મંદિરમાં યાત્રીઓને પ્રવેશની મંજુરી આપવામાં આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. જુનના બીજા સપ્તાહથી મોનસુનની શરૂઆત થઈ જાય છે. સામાન્ય રીતે જોવામાં આવે તો ૧૫મી એપ્રિલ બાદ એમ પણ યાત્રાના માટે ૧૦ દિવસ બાકી રહી જાય છે. આટલા ઓછા સમયની અંદર લાખો લોકોના આગમનની વ્યવસ્થા, સફાઈ, પીવાના પાણીની વ્યવસ્થા આવાસ જેવી સુવિધા ઉભી કરવાની બાબત શક્ય દેખાતી નથી. ભોજનની સાથે સાથે મંદિરમાં ટન કરતા વધારે ભોગ અને પુજાની સામગ્રી પણ જરૂરી બનશે. બદરીનાથમાં ચંદનની લાકડી કર્ણાટકમાંથી આવે છે. રાજ્ય સરકાર પહેલાથી જ મંદિર સમિતીને ખતમ કરી ચુકી છે. ઉત્તરાખંડની આર્થિક સ્થિતી ચારધામની યાત્રા પર આધાર રાખે છે. ચારધામની યાત્રાની સાથે સાથે આગામી વર્ષે યોજાનાર મહાકુંભની તૈયારી પર પણ માઠી અસર થઈ શકે છે.હાલ દુવિધાની સ્થિતી રહેલી છે.

લોકોએ હિજરત ન કરી હોત તો આજે આ સ્થિતી રહી ન હોત....

ઈટાલીમાં પલાયનથી હાલત બગડી



ભારતમાં છેલ્લા બે ત્રણ દિવસથી લાખોની સંખ્યામાં લોકો હિજરત કરી ગયા છે જે ખતરનાક સંકેત તરફ ઈશારો કરે છે : સાવધાની જરૂરી

દુનિયાભરમાં ભારે હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસના કારણે આજે દુનિયાના દેશોની હાલત ખરાબ થયેલી છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે ભારતમાં છેલ્લા બે ત્રણ દિવસમાં મોટા શહેરોમાંથી લાખોની સંખ્યામાં જે રીતે પલાયન લોકો તેમના વતનમાં કરી ગયા છે તે ખતનાક સ્થિતીને જન્મ આપી શકે છે. ઈટાલીમાં રહેનાર લોકો અને નિષ્ણાંતો કહે છે કે ઈટાલીમાં પણ લોકોએ આવી જ ભુલ કરી હતી અને આજે ઈટાલીમાં જે સ્થિતી છે તે તમામ લોકો જાણે છે. ઈટાલીમાં કોરોના વાયરસે જે હાહાકાર મચાવી દીધો છે તેના કારણે સ્થિતી કાબુ બહાર જતી રહી છે. આરોગ્યના ક્ષેત્રમાં ખુબ સારી સુવિધા હોવા છતાં કોરોના વાયરસની સામે ઈટાલીના તબીબો હવે નિસહાય સાબિત થઈ રહ્યા છે. ઈટાલીના નિષ્ણાંતો કહી રહ્યા છે કે ઈટાલીમાં એક દોઢ મહિના પહેલા લાખોની સંખ્યામાં આવી જ રીતે ઈટાલીમાં હિજરતની સ્થિતી જોવા મળી હતી. ત્યારબાદ ઈટાલીમાં જે રીતે કોરોના વાયરસે તેના રોદ્ર સ્વરૂપમાં આવીને લોકોને એક પછી એક મોતની નિદ આપી દીધી છે તે તમામ લોકો સમજી રહ્યા છે. ઈટાલી ભૌગોલિક રીતે ઉત્તર અને દક્ષિણના સ્વરૂપમાં ઓળખવામાં આવે છે. ઉત્તરીય ઈટાલીમાં કેટલાક એવા કેન્દ્રો રહેલા છે. લોમ્બાર્ડોને દેશની ઔદ્યોગિક શક્તિ તરીકે ગણવામાં આવે છે. અહીં મોટી સંખ્યામાં દક્ષિણ ઈટાલીના સિસિલિયા, નેપલ્સ, પાલેર્મો જેવા વિસ્તારોમાંથી લોકો કામ માટે પહોંચે છે. મોટા પાયે કોરોના વાયરસ ફેલાઈ જવાની શરૂઆત આ વિસ્તારમાંથી જ થઈ હતી. જ્યારે દેશના જુદા જુદા વિસ્તારોમાં એક પછી એક લોકડાઉન કરવાની શરૂઆત કરવામાં આવી ત્યારે અહીં રજા મનાવી રહેલા અને કામ માટે આવેલા હજારોની સંખ્યામાં લોકો પોતાના ઘરમાં પલાયન કરી ગયા હતા. આ જ ભુલ ઈટાલીના લોકો કરી બેઠા હતા. જેના કારણે આજે ઈટાલીમાં બેકાબુ સ્થિતી થઈ ગઈ છે. જ્યારે લોકડાઉનની જાહેરાત કરવામાં આવી અને તેના અમલની શરૂઆત થઈ તે પહેલા લાખોની સંખ્યામાં લોકો દક્ષિણ ઈટાલીમાં પહોંચી ચુક્યા હતા. લોકો માની રહ્યા હતા કે સ્થિતી ૧૦-૧૫ દિવસમાં સુધરી જશે. હવે પરિવહનની સુવિધા બંધ છે ત્યારે તમામ લોકો ફસાઈ ગયા છે. પહેલા ઉત્તરીય ઈટાલીમાં કોરોના વાયરસે કાળો કેર વર્તાવ્યો હતો. હવે દક્ષિણ ઈટાલીમાં કોરોનાએ પગ પેસારો કરી દીધો છે. જ્યારે લોકોએ પલાયન કરવાની શરૂઆત કરી ત્યારે ટ્રેનો ચાલી રહી હતી. લોકોએ તેનો ઉપયોગ કર્યો હતો. એકાએક ટ્રેનોમાં મોટા પાયે ભીડ થઈ ગઈ હતી. કોરાના વાયરસની ખાસ બાબત એ રહી છે કે તેના અસરગ્રસ્તમાં સાતથી ૧૪ દિવસ સુધી ઈન્ફેક્શનની અસર રહે છે. પરિણામ એ આવ્યુ કે ટ્રેનોમાં પણ લોકો ઈન્ફેક્શનથી ગ્રસ્ત થતા ગયા હતા. ટ્રેનોના કારણે બીજા યાત્રીઓમાં વાયરસ ફેલાતો ગયો હતો. ઈટાલીમાં આજે સ્થિતી બેકાબુ બની ગઈ છે. તબીબો અને પેરામેડિકલના લોકો ઓછા પડી રહ્યા છે. કોરોના વાયરસની ભયંકર બિમારીનો સામનો કરવા માટે હવે નિવૃત તબીબોની સેવા લેવામાં આવી રહી છે. જે શહેરોમાં ઈન્ફેક્શન ઓછા પ્રમાણમાં છે ત્યાંથી તબીબો જાનનો ખતરો લઈને ઈન્ફેક્શનવાળા વિસ્તારોમાં પહોંચી રહ્યા છે. કેટલાક દર્દીઓની જાન બચાવવાના ચક્કરમાં પોતાની જાન જતી રહી છે. તબીબોને પહેલા કરતા વધારે સન્માન સાથે જોવામાં આવે છે. ઈટાલીની મદદ કરવા માટે હવે ક્યુબા અને ચીન દ્વારા તબીબો મોકલી દેવામાંઆવી રહ્યા છે. ભારતમાં પણ લોકડાઉન કરવામાં આવ્યા બાદ શરૂઆતના દિવસોમાં મોટા પાયે હિજરત જોવા મળી હતી. જેના કારણે ખતરો વધી ગયો છે. કારણ કે એક પછી એક લોકો કોરોનાના સકંજામાં આવી રહ્યા છે. બસમાં મુસાફરી કરનાર લોકો પૈકી એકમાં જો લક્ષણ રહ્યા હશે તો તેની અસર અન્યોને થશે . કારણ કે તેના લક્ષણ ૧૪ દિવસ સુધી રહે છે. તમામ લોકો જાણે છે કે ઈટાલીમાં કોરોનાના કેસો ચિંતાજનક રીતે વધી ગયા છે. મોતનો આંકડો વધીને ચિતાજનક સપાટી પર પહોંચી ગયો છે. સમગ્ર ઈટાલીમાં મોતનો આંકડો દુનિયામાં અન્ય તમામ દેશો કરતા વધારે છે. ૧૦ હજારથી વધારે લોકોના મોત ઈટાલીમાં થઈ ચુક્યા છે. કેસોની સંખ્યા પણ ચીન કરતા વધારે થઈ રહી છે. હાલમાં ખુબ ખરાબ થયેલી છે. આના માટે મુખ્ય કારણ તરીકે હિજરત રહી હતી.

લોકડાઉનની સ્થિતી વચ્ચે કેબિન ફિવરની સ્થિતી

લોકો કેબિન ફિવરના શિકાર

કોરોના વાયરસના કારણે લોકડાઉનની સ્થિતી હવે દેશના લોકોમાં એક નવી પ્રકારની સમસ્યા અને ટેન્શન ઉભી કરી રહી છે. બાળકો ઘરની બહાર નિકળવા માટે ઈચ્છુક છે. મોટા પણ પરેશાનીનો ઉલ્લેખ સોશિયલ મિડિયા પર કરી રહ્યા છે. મોટા ભાગના લોકો મોટા લોકડાઉન કેબિન ફિવરની જેમ સાબિત થાય છે. એક જગ્યા પર ફસાઈ જવાના કારણે થનાર ટેન્શનને કેબિન ફિવર તરીકે ગણવામાં આવે છે. રૂસ્તમપુરના નિવાસી રોશન કુમાર દુબઈમાં એન્જિનિયર છે. તેઓ ૨૫ દિવસ પહેલા ભારત પરત ફર્યા છે. પરિવારમાં માતાપિતા, પત્નિ અને બાળકો રહેલા છે. ઘરમાં પુત્રોની હાલત તો એવી થઈ ગઈ છે કે તેઓ પોતાની માતાને ટીચર મેમ તરીકે બોલાવવા લાગી ગયા છે. પત્નિ સુશીલા કહે છે કે હજુ એક સપ્તાહનો સમય પસાર થયો છે. આગળ શુ થશે તેની કોઈની પાસે માહિતી નથી. આ હાલ મોટા ભાગના પરિવારમાં છે. રાજેન્દ્રનગરના નિવાસી મોહન શર્મા અને તેમના પત્નિ રીતા શર્મા બંને પ્રાથમિક સ્કુલમાં ટિચર છે. ઘરમાં માતાપિતા અને એક પુત્ર અને એક પુત્રી છે. પુત્ર હાલમાં જ દિલ્હીથી પરત ફર્યો છે. તેઓ ઘરમાંથી નિકળી શકતા નથી. રિતા શર્મા કહે છે કે હવે ઘરમાં તમામ કામો જાતે કરવા પડે છે. કાળવાળી બહેન પણ આવતી નથી. પરિવારમાં કોઈ મેમ્બર સહકાર કરતા નથી. કેટલીક વખત સ્થિતી ખુબ ટેન્શનવાળી બની જાય છે. બીઆરડી મેડિકલ કોલેજના મનોવિજ્ઞાનના અધ્યક્ષ તપસે કહ્યુ છે કે હવે કેબિન ફિવરના મામલે સલાહ લેવા માટે ફોન આવવા લાગી ગયા છે. આ સમસ્યા એટલા માટે છે કે લોકોની જીવનશેલી સંપૂર્ણ પણે બદલાઈ ગઈ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં લોકોની લાઈફ સ્ટાઈલ હવે બદલાઈ ગઈ છે. એકાએક લોકડાઉનના કારણે તમામ ચીજો રોકાઈ ગઈ છે. આવી સ્થિતીમાં લોકો તાલમેલ બેસાડી શકતા નથી. સૌથી વધારે સમસ્યા યુવાનોમાં આવી રહી છે.

દાન પર ઊઠી રહેલા સવાલોનો બીગ-બીએ કવિતા પોસ્ટ કરી જવાબ આપ્યો

મુંબઇ

સદીના મહાનાયક અમિતાભ બચ્ચન કોરોના સંકટ વચ્ચે સોશિયલ મીડિયા પર ખૂબ જ વધારે સક્રિય રહેવા લાગ્યા છે. ક્યારેક તેઓ પોતાન જૂના ફોટો શેર કરતા જોવા મળી રહ્યાં છે, તો ક્યારેક પ્રજા અને સરકારને કોરોના વાઈરસનો સામનો કરવાની સલાહ આપતા જોવા મળી રહ્યાં છે, પરંતુ એક ખાસ કારણે આજકાલ અમિતાભ સોશિયલ મીડિયામાં છવાયા છે અને તે છે ડોનેશન.



વાસ્તવમાં અનેક યુઝર્સ તેમને સતત પ્રશ્નો પૂછી રહ્યાં છે કે, કોરોના વાઈરસથી દેશને બચાવવા માટે તમે આર્થિક મદદ કરીને દેશને સહાયરૂપ બનશો કે કેમ? આ પ્રશ્નને બીગ-બી અત્યાર સુધી નજરઅંદાજ કરતા રહ્યાં, પરંતુ હવે તેમણે સોશિયલ મીડિયામાં એક પોસ્ટ અપડેટ કરી છે. જેમાં અમિતાભે પોતાના જૂના ફોટો સાથે એક કવિતા લખી છે.

આ કવિતાના શબ્દો છે, ''એક ને દિયા ઔર બોલ દિયા, કિ દિયા, દૂસરેને દિયા ઔર કહા નહી કિ દિયા'' બીજી પંક્તિમાં જ ''રહેને દો મુઝે પ્રિયજન, જિસે મિલા, વો ક્યા જાને કિસ-કિસને દિયા, જાનો બસ ઉસકા કરૂણાપ'' આ સ્થિતિમાં વધારે શું કહેવામાં આવે? આ કવિતાના માધ્યમથી અમિતાભ લોકોને સમજાવવા માંગે છે કે, જ્યારે તમે કોઈ સારૂં કામ કરવા માંગો છે, તો તમારે ગાવાની જરૂર નથી, કારણ કે તમારો હેતુ મદદ પહોંચાડવાનો છે. માત્ર તમે જેના સુધી મદદ પહોંચાડવા માંગતા હોવ, તેના સુધી તે પહોંચે અને તેને ખુશી મળી જાય.

ઘરની બહાર પગ મુકતા પહેલા અટકો, વિચારો અને પરત ફરી જાઓ: ગુલઝાર



મુંબઇ

મહામારી કોરોના વાઇરસને ફેલાતો અટકાવવા માટે સમગ્ર દેશમાં લોકડાઉનનો આદેશ અપાયો છે. તેમ છતાં લોકો આની ગંભીરતા ન સમજીને કામ વગર બહાર નીકળે છે. આ સમયે પ્રખ્યાત ગીતકાર અને લેખક ગુલઝારે લોકોને તેમના અંદાજમાં અપીલ કરી છે.

વક્ત રહેતા નહીં કહી ટીક કર, ઈસકી આદત ભી આદમી સી હૈ

આપ રુક જાઈએ. યે વક્ત ભી નિકલ જાયેગા. યે વક્ત ખેરિયત સે નિકલે, ઉસકે લિયે આપ કા રુક જાના લાઝમી હૈ. અપને હી ઘરમેં નજ઼ રબંદ હોના જરૂરી હૈ. ઘર મેં નજ઼ રબંદ હોના આદતન, ફિતરતન, આદમી કો મંજૂર નહીં, લેકિન ઈસ બાર યે નજ઼ રબંદી કબૂલ કર લીજિયે. ઉસ મેં સિર્ફ આપ હી કા ભલા નહીં, પૂરી ઈન્સાની નસ્લ કા ભલા હૈ. સિર્ફ હમારે ઘર મોહલ્લે, શહર ઔર દેશમેં નહીં, યે પૂરી દુનિયામેં હો રહા હૈ. ઘર કે બાહર કદમ ઉઠાને સે પહલે, રુકિયે, સોચિયે ઔર લૌટ જાઈયે. ઘરમેં રહીયે મહફૂઝ રહીયે.



કોરોના વાયરસના કહેરને કારણે સમગ્ર ભારતમાં લૉકડાઉન કરવામાં આવ્યું છે ત્યારે દરેક લોકોને ઘરની બહાર નહિ નીકળવાની સૂચના આપવામાં આવી છે. લૉકડાઉનનો અમલ કરવા અને ઘરની બહાર નહિ નીકળવા વડાપ્રધાન સહિત અનેક મહાનુભાવો, સંતો, કલાકારો, ક્રિકેટરો સહિતના લોકોને ઘરે રહેવા અપીલ કરી રહ્યા છે અને લૉકડાઉનના સમયે પોતે પણ ઘરમાં રહી પરિવાર સાથે સમય વિતાવી રહ્યા છે અને સોશિયલ મીડિયા થકી લોકોને ઘરમાં જ રહેવા અપીલ કરી રહ્યા છે અને પોતે પણ પરિવાર સાથે સમય વિતાવી રહ્યા હોવાની તસવીરો શેર કરી રહ્યા છે. રવિન્દ્ર જાડેજાએ પણ પોતાની તસ્વીરો શેર કરી હતી.

કાર્તિક આર્યને કોરોના લડાઇ માટે ૧ કરોડ દાનમાં આપ્યા

મુંબઇ

કોરોના વાયરસ સામે લડવા અને ગરીબ અને જરૂરિયાતમંદોની મદદ કરવા માટે મોટા ઉદ્યોગપતિઓથી લઈને બોલિવૂડ સ્ટાર્સ અને ક્રિકેટર્સ અને સાઉથના કલાકારો પણ મન ખોલીને દાન કરી રહ્યાં છે. ત્યારે આ લિસ્ટમાં હવે બોલિવૂડના જાણીતા એક્ટર કાર્તિક આર્યનનું પણ નામ જોડાઈ ગયું છે. કાર્તિકે આ દાનની જાહેરાત તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર કારી છે.



કાર્તિકે ભારતની જનતાની મદદ માટે લગભગ ૧ કરોડ રૂપિયા દાનમાં આપ્યા છે. તેણે ટ્વિટ કરતાં કહ્યું- એક રાષ્ટ્ર તરીકે આપણાં બધાંએ અત્યારે એકજૂટ થઈને ઊભા રહેવાની જરૂર છે. હું આજે જે કંઈપણ છું, મેં જે પણ કમાણી કરી છે, એ માત્ર ભારતના લોકોને કારણે જ છે અને આપણાં બધાં માટે હું પીએમ રિલીફ ફંડમમાં એક કરોડ રૂપિયા દાન કરી રહ્યો છું. હું મારા તમામ સાથી ભારતીઓને મદદ કરવાની અપીલ કરું છું. કાર્તિક આર્યનનું આ ટ્વિટ સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચામાં છે. સાથે જ લોકો તેની પર ખૂબ કમેન્ટ્સ કરી રહ્યાં છે.

તમે મારા રીયલ હીરો છોઃ હાર્દિક પંડ્યાનું અક્ષય કુમાર પર નિવેદન



મુંબઇ

વૈશ્વિક મહામારી કોરોના વાયરસથી આખી દુનિયા ઝઝૂમી રહી છે. ત્યારે આવી સંકટની ઘડીમાં દરેક કોઈ સરકારની જેટલી હોઈ શકે એટલી મદદ કરી રહ્યા છે. ખેલાડીઓ સાથે બિઝનેસમેન અને દેશની કેટલીક સેલેબ્રિટીઝ પણ દાન કરી લોકોની મદદ માટે આગળ આવી રહ્યા છે. આ જ ક્રમમાં બોલિવૂડ ખેલાડી અને સુપરસ્ટાર અક્ષય કુમારે પણ પ્રધાનમંત્રી રિલીફ ફંડમાં ૨૫ કરોડ રૂપિયાનું દાન કર્યું છે. જેના પછી ભારતના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પાંડ્યાએ સોશિયલ મીડિયાના માધ્યમથી અક્ષયના ભરપૂર વખાણ કર્યા છે.

આપણે જણાવી દઈએ કે હાર્દિક પંડ્યાએ અક્ષય કુમારના ટ્વિટને રિટ્વિટ કરતા લખ્યું કે,'આના પછી તમે મારા રીયલ હીરો છો. સન્માન અને માત્ર સન્માન.' હાર્દિક સિવાય પ્રજ્ઞાન ઓઝાએ પણ અક્ષય કુમારના વખાણ કર્યા છે અને પોતાનો રીયલ હીરો ગણાવ્યો છે.

આપણે જણાવી દઈએ કે કોરોના વાયરસથી લડવા અને જરૂરિયાતમંદોની મદદ કરવા માટે અક્ષય કુમારે પ્રધાનમંત્રી રિલીફ ફંડમાં ૨૫ કરોડ રૂપિયાનું દાન કર્યું છે.

કોરોનાના સંકટઃ આઈપીએલ રદ્દ થવાના ભણકારા,આવતા વર્ષે હરાજી નહીં યોજાય

મુંબઇ

કોરોના વાયરસના કારણે ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૩મી સીઝન પર સંકટ આવી ગયું છે. પહેલા ૨૯ માર્ચથી શરૂ થનારી આ ટૂર્નામેન્ટને ૧૫ એપ્રિલ સુધી તેને ટાળી દેવામાં આવી અને હવે અહેવાલ આવી રહ્યા છે કે આઈપીએલની આ સીઝન રદ કરવામાં આવી શકે છે. જોકે, હજુ સુધી ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડએ તેની પર કોઈ પણ ઓફિશિયલ જાહેરાત નથી કરી. અહેવાલ મુજબ, ભારતીય બોર્ડ તેની જાહેરાત પહેલા વિઝા સંબંધિત મામલા પર ભારત સરકાર અને રમત-ગમત મંત્રાલયની જાહેરાતની રાહ જોઈ રહ્યું છે. બીસીસીઆઈ આ મામલે ૧૫ એપ્રિલ બાદ તમામ આઈપીએલ ફ્રેન્ચાઈઝ સાથે વાત કરશે.

કાર્યક્રમ અનુસાર, આવતા વર્ષે એટલે કે ૨૦૨૧માં મોટી હરાજી થવાની હતી, જેમાં ફ્રેન્ચાઈઝીને કેટલાક ખેલાડીઓને પોતાની ટીમમાં રાખવાની મંજૂરી હતી, પરંતુ બાકી તમામ ખેલાડીઓને હરાજીમાં સામેલ થવાનું હતું. આઈપીએલ પ્રશાસનના એક સૂત્રએ જણાવ્યું કે આ વર્ષે આઈપીએલનું આયોજન નહીં થાય. તે આવતા વર્ષે યોજાશે. તેઓએ કહ્યું કે બધા જાણે છે કે હાલ દેશમાં કેવી સ્થિતિ છે અને કોઈ પણ ખતરો લેવા નથી માંગતું. તેઓએ કહ્યું કે સ્ટેડિયમમાં અંતર ન રાખી શકાય. તેનાથી સારું એ રહેશે કે આઈપીએલ આવતા વર્ષે જ યોજાય. બીજી તરફ, આવતા વર્ષે કોઈ હરાજી નહીં થા. સૂત્રોએ જણાવ્યું કે એક વાર ભારત સરકારથી અંતિમ પુષ્ટિ કર્યા બાદ તમામ ફ્રેન્ચાઈઝને જણાવવામાં આવશે. આવતા વર્ષે આ જ સીઝન ચાલુ રહેશે.

બાસ્કેટબોલ સ્ટાર કોબી બ્રાયન્ટના ટુવાલની ૩૩ હજાર ડોલરમાં હરાજી

વોશિંગ્ટન

આ વર્ષે ૨૬મી જાન્યુઆરીએ બાસ્કેટબોલના દિગ્ગજ અને સ્ટાર ખેલાડી કોબી બ્રાયન્ટનું હેલિકોપ્ટર દુર્ઘટનામાં મોત થયું હતું. આ અકસ્માતમાં બ્રાયન્ટ સાથે તેમની ૧૩ વર્ષની દીકરી જીયાના પણ હતી. દુર્ઘટનામાં અન્ય ૯ લોકોના મોત પણ થયા હતા. ત્યારે હવે મીડિયા રિપોર્ટ મુજબ બાસ્કેટબોલ સ્ટાર કોબી બ્રાયન્ટના ટુવાલની ૩૩ હજાર ડોલરમાં હરાજી કરવામાં આવી. આ ટુવાલ બ્રાયન્ટે ૨૦૧૬માં પોતાની અંતિમ મેચ બાદ ફેરવેલ સ્પીચ દરમિયાન ખભા પર રાખ્યો હતો. રવિવારે વર્ચુઅલ હરાજીમાં આ ટુવાલને ભારતીય કરન્સી મુજબ ૨૫ લાખ રૂપિયામાં ખરીદવામાં આવ્યો. રિપોર્ટ પ્રમાણે આ હરાજીમાં



બ્રાયન્ટના ટુવાલ સાથે બે જેકેટ પણ હતા. ઉપરાંત સાથે પ્રમાણિકતા પત્ર પણ આપવામાં આવ્યા હતા. આપણે જણાવી દઈએ કે ૧૩ એપ્રિલ ૨૦૧૬ના રોજ બ્રાયન્ટે લોસ એન્જિલિસ લેકર્સ તરફથી અંતિમ મુકાબલો રમ્યો હતો. ઉતાજ જેચ વિરુદ્ધ આ મેચમાં તેમને ૬૦ પોઈન્ટ મેળવ્યા હતા. રિપોર્ટ પ્રમાણે હરાજી ડેવિડ કોહલરે જીતી જે લેકર્સના મોટા ફેન્સ છે અને આનાથી જોડાયેલ વસ્તુઓને એકત્ર કરે છે. ગત સપ્તાહે પણ તેમણે બ્રાયન્ટ દ્વારા સાઈન કરેલ સ્કૂલ બેગને પણ ૩૦ હજાર ડોલરમાં ખરીદી હતી.

કોરોના વાયરસઃ ટીવી એક્ટ્રસ માહિકા શર્મા લંડનમાં ફસાઈ

મુંબઇ

ભારત સહિત દુનિયાભરમાં કોરોના વાયરસના પ્રકોપથી લોકોમાં ભય છે. તો બીજી તરફ ટીવી એક્ટ્રેસ માહિકા શર્મા લંડનમાં ફસાઈ છે. માહિકા રામાયણ તેમજ હ્વીંઇ જેવા શો માટે જાણીતી છે. હાલમાં જ એક પોર્ટલ સાથે વાતચીત કરતાં તેણે કહ્યું કે, તેને ત્યાં ડર લાગી રહ્યો છે.



માહિકાએ લંડનમાં પોતાને સેલ્ફ-ક્વૉરન્ટીન કરી લીધી છે. હાલમાં જ એક પોર્ટલ સાથે કરેલી વાતચીતમાં એક્ટ્રેસે જણાવ્યું કે, તે કોવિડ ૧૯ વચ્ચે વિદેશમાં કેવી રીતે મેનેજ કરી રહી છે. માહિરાએ પોતાની ફીલિંગ્સ વ્યક્ત કરતાં કહ્યું કે, 'ભારત ૨૧ દિવસ સુધી લોકડાઉન છે તો ત્યાંનું વાતાવરણ અને હવા બધાને સારી લાગી રહી હશે. સારું લાગે છે જ્યારે તમે તમારા પરિવારની વચ્ચે હો. તમને રિલેક્સ ફીલ થાય છે અને એનર્જી હાઈ રહે છે. વિદેશમાં આ બધું ડિસ્ટર્બિંગ છે'.

એક્ટ્રેસે આગળ જણાવ્યું કે, 'મને ખૂબ અજીબ લાગી રહ્યું છે કે ભારત જઈશ તો લોકો મારી પાસે નહીં આવે. તેમને લાગશે કે હું પણ વાયરસ લઈને આવી છું. મને સમજાતું નથી કે શું થઈ રહ્યું છે. મને લાગે છે કે હું ખરાબ રીતે ફસાઈ ગઈ છું. મને એકલાપણું લાગી રહ્યું છે, એવું લાગે છે કે જાણે હું જેલમાં બંધ છું'.

માહિકાએ જણાવ્યું કે, તે કેવી રીતે લંડનમાં વસ્તુઓને હેન્ડલ કરી રહી છે. એક્ટ્રેસે કહ્યું કે, 'હું એકલી પડી ગઈ છું. મને ભારતીય ફૂડ પસંદ છે પરંતુ હવે સલાડ, ફ્રૂટ અને જ્યૂસ પર જીવી રહી છું. ઘરની રસોઈની યાદ આવી રહી છે'.

શિલ્પા શેટ્ટીએ કોરોના સંકટ માટે ૨૧ લાખનું દાન આપ્યુ

મુંબઇ

કોરોનાને કારણે દુનિયાભરમાં લોકો ભયના માહોલમાં દિવસો પસાર કરી રહ્યા છે. દેશ માટે પણ આ અત્યારે સંકટનો સમય છે. ૨૧ દિવસનું લોકડાઉન લગાવી દેવામાં આવ્યુ છે, આજ કારણે લોકો મુશ્કેલીમાં મુકાઇ ગયા છે. દરરોજ કમાતા મજૂરોની રોજીરોટીને લઇને સતત સવાલો થઇ રહ્યા છે. પોતાની ફિટનેસ અને ફિગરથી લોકોના દિલમાં ખાસ જગ્યા બનાવનાર અભિનેત્રી શિલ્પા શેટ્ટીનું નામ પણ સામેલ થઈ ગયું છે.



શિલ્પા શેટ્ટીએ ટ્વિટ કરીને દાન કરવાની જાહેરાત કરી છે. તેણે લખ્યું- માનવતાની ખાતર, દેશ માટે, આપણાં સાથીઓ માટે જેને મદદની જરૂર છે, આ સમય છે કે આપણે તેમના માટે કંઈક કરી શકીએ. શિલ્પાએ ૨૧ લાખ રૂપિયા દાનમાં આપતાં કહ્યું કે, સમુદ્રમાં દરેક ટીપાંનું મહત્વ છે. તો બને તેટલી મદદ કરો. જેથી જલ્દી આ સમસ્યાનું સમાધાન કરી શકાય.

શિલ્પા સિવાય કોમેડિયન અને એક્ટર મનીષ પોલે પણ પ્રધાનમંત્રી રિલીફ ફંડમાં ૨૦ લાફ રૂપિયાની મદદ કરી છે. તેણે ટ્વિટર પર લખ્યું- હું પ્રતિજ્ઞા લઉ છું કે હું મારી બચતમાંથી ૨૦ લાખ રૂપિયા પીએમ રિલીફ ફંડમાં આપી રહ્યો છું. આપણે બધાએ આમાં સહયોગ આપવાની જરૂર છે. જય હિન્દ.

ધોની સાથેના સવાલોના જવાબ બીસીસીઆઈ આપેઃ ઈરફાન પઠાણ

વડોદરા

ટીમ ઈન્ડિયામાં મહેન્દ્રસિંહ ધોનીના ભવિષ્યને લઈને હવે ઈરફાન પઠાણ પણ ખુલીને સામે આવ્યો છે. ટીમ ઈન્ડિયાના પૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાણે બીસીસીઆઈને ધોની સાથે જોડાયેલ સવાલોના જવાબ આપવા કહ્યું છે. ધોની આ વર્ષે આઈપીએલ દ્વારા મેદાનમાં વાપસી કરવાનો હતો પણ કોરોના વાયરસના કારણે આ વર્ષે આઈપીએલનું આયોજન મુશ્કેલ લાગી રહ્યું છે. ધોની છેલ્લે વર્લ્ડ કપની સેમિ ફાઈનલમાં ટીમ ઈન્ડિયા તરફથી રમ્યો હતો.

રિપોર્ટ પ્રમાણે ધોનીના ભવિષ્યને લઈને ઈરફાન પઠાણે કહ્યું હતું કે કેએલ રાહુલ એને ઋષભ પંત નિયમિત રુપથી લગભગ એક વર્ષથી ભારતીય ટીમમાં રમી રહ્યા છે. જો ધોનીનો ટીમમાં સમાવેશ કરવામાં આવશે તો શું તે ખેલાડીઓ સાથે યોગ્ય થશે જે નિયમિત રીતે તેના સ્થાને ટીમ ઈન્ડિયાનો ભાગ છે. આવામાં બીસીસીઆઈએ ધોની સાથે જોડાયેલ સવાલોના જવાબ આપવા જોઈએ.

ઈરફાન પઠાણે કહ્યું હતું કે ધોનીને રમવાની જરુર છે. જો તે આમ કરશે તો નિશ્ચિત રુપથી ભારત તરફથી રમવું જોઈએ. તે ભારતના સૌથી શાનદાર ક્રિકેટરોમાંથી એક છે. તેણે વિશ્વ ક્રિકેટને ઘણું બધું આપ્યું છે.

લોકડાઉન દરમિયાન રણવીર ૨૦ કલાક ઊંઘે છેઃ દીપિકા પાદુકોણ

મુંબઇ

કોરોના વાયરસને કારણે દેશમાં ૨૧ દિવસના લોકડાઉનને કારણે તમામ લોકો પોતાના ઘરમાં સમય પસાર કરી રહ્યા છે અને સોશિયલ ડિસ્ટન્સિંગ દ્વારા વાયરસ ફેલાવવાના જોખમ ઘટાડવાના પ્રયાસ કરી રહ્યા છે. આ વચ્ચે દીપિકા પાદુકોણે એક હેંગઆઉટ ઈન્ટરવ્યુમાં લોકડાઉન દરમિયાન પોતાની નિત્યક્રમ અંગે વાત કરી હતી. દીપિકાએ ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, હું કહેવા માગું છું કે લોકડાઉનના સમય દરમિયાન રણવીરની સાથે રહેવું ખૂબ જ સરળ છે કેમકે તે ૨૦ કલાક ઊંઘે છે જેને કારણે મને બધી જ વસ્તુઓ કરવાની તક મળી જાય છે જે હું કરવા માગું છું. જ્યારે ચાર કલાક માટે તે જાગે છે ત્યારે અમે સાથે ભોજન લઈએ છીએ, મૂવીઝ જોઈએ



છીએ, એક્સરસાઈઝ કરીએ છીએ, ત્યારે તેની સાથે સમય પસાર કરવો એ સૌથી સુખદ છે. તે કોઈ ડિમાન્ડ કરતો નથી તે ખૂબ જ ઈઝી પર્સન છે. હાલમાં જ અમે પેરાસાઈટ અને ફોર્ડ વર્સીસ ફરારી મૂવી જોઈ. દીપિક પાદુકોણે જણાવ્યું કે, રણવીર ક્યારેય કિચનમાં જતો નથી હું વેસ્ટર્ન કુકિંગમાં ખૂબ જ સારી છું. ઈટાલિયન અને કોન્ટિનેંટલ ભોજન સારી રીતે બનાવી શકું છું. હાલ હું ઈન્ડિય કુકિંગ શીખવા માગું છું. પરંતુ કુકરથી મને ડર લાગે છે.

કોરોનાને મ્હાત આપવા કોંગ્રેસે કેન્દ્ર સરકારને કેટલાંક સૂચનો કર્યા

દેશમાં કોરોનાની સ્થિતિ જાણવા માટે ટેસ્ટિંગ વધારોઃ કોંગ્રેસ

ન્યુ દિલ્હી

દુનિયાભરમાં કહેર વરસાવનાર કોરોના વાયરસની અસર ભારતમાં પણ વધતી જઈ રહી છે. દેશમાં આ વાયરસના અત્યાર સુધીમાં ૧૧૦૦થી વધુ કેસ સામે આવી ચૂકયા છે. આ બધાની વચ્ચે કોંગ્રેસની તરફથી ભારત સરકારને કેટલાંક સૂચનો કર્યા છે. જેથી કરીને આ મહામારીમાંથી ઉકેલ લાવી શકે છે. રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલા સૂચનોના ઉપાય કોંગ્રેસે પોતાના ટ્વિટર પર શેર કર્યા છે.

કોંગ્રેસ પાર્ટીની તરફથી સોમવારના રોજ ટ્વિટર પર લખ્યું, કોરોના મહામારી ગંભીર સ્થિતિમાં પહોંચી ચૂકી છે. પરંતુ તેનાથી ભયભીત થવાની જગ્યાએ સમજદારીથી કામ લેવાની જરૂર છે. સરકારે રણનીતિક સ્તર પર તેનાથી ઉકેલવાની જરૂર છે. આ ટ્વીટની સાથે કેટલાંક સૂચનો પણ શેર કર્યા.

તેની સાથે જ રાહુલ ગાંધીએ કોરોનાના ટેસ્ટ વધારવાને લઈને પણ કહ્યું છે કારણ કે અત્યાર સુધી દેશમાં બહુ ઓછા ટેસ્ટ થઈ શકયા છે. આપને જણાવી દઈએ કે દેશમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસ ટેસ્ટ માટે અંદાજે ૧૦૦થી વધુ સરકારી લેબ કામ કરી રહી છે. જો કે અત્યારે તમામ સુચારૂ રીતે ચાલતી નથી. અત્યાર સુધી અંદાજે ૨૫૦૦૦ ટેસ્ટ દેશમાં થઈ ચૂકયા છે.

— સામાજિક સુરક્ષાને મજબૂત કરો, દરેક સાર્વજનિક સંસાધનનો ઉપયોગ કરો

— કામકાજી ગરીબોને સહાયતા અને આશ્રય આપો

— બેડ અને વેન્ટિલેટરથી સુસજ્જીત હોસ્પિટલોની સ્થાપના

— જરૂરી સાધનોનું નિર્માણ

— વાસ્તવિક સ્થિતિની ભાળ મેળવવા માટે તપાસ વધારો.

ટ્રાયએ તમામ કંપનીઓને પત્ર લખ્યો

લોકડાઉનને કારણે તમામ ટેલિકોમ કંપનીઓ પોતાના ગ્રાહકોની વેલીડીટી વધારે

ન્યુ દિલ્હી

ભારતીય ટેલીકોમ રેગ્યુલેટરે ટેલીકોમ કંપનીઓને પ્રીપેડ યુઝર્સના પ્લાનની વેલીડીટી વધારવા કહ્યું છે, ટ્રાયએ આમ કોરોના વાયરસ લૉક ડાઉનના કારણે કર્યુ છે. ટ્રાયએ રિલાયન્સ જિયો, ભારતી એરટેલ, વોડાફોન-આઇડિયા અને બીએસએનએલને કહ્યું છે કે તે પોતાના પ્રીપેડ કસ્ટમર્સની વેલીડીટી વધારે જેથી આ નેશનલ લૉકડાઉનમાં તેમને કોઇ પરેશાની ન થાય.

એક રિપોર્ટ અનુસાર ૨૯ માર્ચે ટ્રાયએ આ તમામ કંપનીઓને પત્ર લખ્યો છે. આ પત્રમાં કંપનીઓને કહેવામાં આવ્યું છે કે તમામ પ્રીપેડ યુઝર્સ માટે વેલીડીટી વધારવા માટે જરૂરી પગલા લે.

આ સાથે જ ટ્રાયએ આ તમામ કંપનીઓ પાસે જાણકારી પણ માગી છે કે નેશનલ લોકડાઉન દરમિયાન કસ્ટમર્સને કોઇ અડચણ વિના સર્વિસ ચાલુ રાખવા માટે કંપનીઓ કયા કયા પગલા લઇ શકે. રિપોર્ટ અનુસાર ટ્રાયએ કહ્યું કે, ટેલિકમ્યુનિકેશનને એસેંશિયલ સર્વિસ માનતા આ લૉકડાઉનથી અલગ રાખવામાં આવ્યુ છે અને તેને બંધ નથી કરવામાં આવ્યુ.

જણાવી દઇએ કે આ કંપનીઓના ટોટલ કસ્ટમર્સનનો વધુ હિસ્સો પ્રીપેડ યુઝર્સ છે. તેવી સ્થિતિમાં પ્રીપેડ યુઝર્સની વેલીડીટી વધારવાનું કહેવામાં આવ્યું છે. ટ્રાયએ કહ્યું કે જો લૉકડાઉનથી ટેલીકોમને અલગ રાખવાનો હેતુ એ પણ છે કે આ કંપનીઓની કસ્ટમર સર્વિસ અને પોઇન્ટ ઑફ સેલ લોકેશન પ્રભાવિત ન થાય.

ટ્રાયના આ પત્ર પર હાલ કોઇનું નિવેદન નથી આવ્યું અને ન તો કોઇ કંપનીએ પોતાના પ્રીપેડ યુઝર્સ માટે અત્યાર સુધી વેલીડીટી વધારવાની ઘોષણા કરી છે. આશા રાખવામાં આવી રહી છે કે ટૂંક સમયમાં આ કંપનીઓ પ્રીપેડ યુઝર્સ માટે વેલીડીટી એક્સટેંડ કરવાની ઘોષણા કરશે.

લોકડાઉન પૂર્ણ થવાની અંતિમ તારીખ ૩ એપ્રિલ

લોકો મોટા લોકડાઉન માટે તૈયાર રહેઃ ઈટાલી વડાપ્રધાન

રોમ

વડાપ્રધાન ગ્યૂસેપ કોંતેની સરકારે ઈટાલીવાસીઓને ખૂબ લાંબા સમય માટે લોકડાઉન માટે માનસિક રીતે તૈયાર રહેવા માટેની સૂચના આપી દીધી છે. સરકાર તરફથી રવિવારના રોજ કહેવામાં આવ્યું હતું કે આર્થિક મુશ્કેલીઓ અને નિયમિત દિનચર્યા પર ખરાબ અસર પડતી હોવા છતા પણ આ પ્રતિબંધને ધીરે-ધીરે જ હટાવવામાં આવશે. મંત્રીઓ અને સ્વાસ્થ્ય અધિકારીઓ તરફથી આ માહિતી એવા સમયમાં જાહેર થઈ છે જ્યારે ઈટાલીમાં સંક્રમણનો પ્રકોપ ઓછો થતો જોવા મળી રહ્યો છે.

આ સંક્રમણના કારણે ઈટાલીમાં એક દિવસમાં મોતનો નવો આંકડો ૭૫૬ છે જે શુક્રવારના ૯૬૯ કરતા ઓછો છે. અહીં કોરોના વાયરસના સંક્રમણના દરમાં ઘટાડો નોંધાયો છે અને આવું પહેલી વખત થયું છે જ્યારે વાયરસ સંક્રમણના દરમાં છ ટકાનો ઘટાડો નોંધાયો હોય. હાલમાં સરકારનું સંપૂર્ણ ધ્યાન લોકડાઉ પૂર્ણ થવાની અંતિમ તારિખ ૩ એપ્રિલ પર છે.

મંત્રી ફ્રાંસેસ્કોબોએ ઈટાલીની એક ચેનલ સાથે વાત કરતા કહ્યું કે ૩ એપ્રિલ બાદ પણ લોકડાઉઓનની તારિખને આગળ લંબાવવામાં આવશે. મારું માનવું છે કે અત્યારે લોકડાઉનનનો ખાત્મો કરવા અંગેની વાત કરવી અયોગ્ય અને ગેર-જવાબદારીપૂર્ણ ગણાશે. કોરોના વાયરસની મહામારી સામે લડવા માટે ઈટાલીમાં લગભગ તમામ પ્રકારના ધંધા-રોજગારો બંધ કરી દેવામામં આવ્યા છે.

બ્રિટનના શાહી પરિવારના પ્રિન્સ હેરી અને પત્ની મર્કલનો સુરક્ષા ખર્ચ અમેરિકા સરકાર નહિ ઉઠાવે

વોશિંગ્ટન

વિશ્વભરમાં કોરોના વાયરસનો કહેર છે. ત્યારે આ કોરોનાનાં કેસો વચ્ચે બ્રિટનનાં શાહી પરિવારનાં પ્રિન્સ હેરી અને તેમની પત્ની મેગન મર્કેલ તાજેતરમાં જ કેનેડાથી અમેરિકાનાં કેલિફોર્નિયામાં શિફ્ટ થયા છે. જોકે આ મામલે અમેરિકાનાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રંપે સ્પષ્ટતા કરી દીધી છે કે અમેરિકા આ શાહી યુગલની સુરક્ષાનો ખર્ચો નહીં ઉઠાવે. ટ્રંપે જણાવ્યુ હતું કે પ્રિન્સ હેરી અને મેગન મર્કેલ કેલિફોર્નિયા શિફ્ટ થયા છે તે સારી વાત છે. પરંતુ અમેરિકી સરકાર બંનેની સુરક્ષનો ખર્ચ નહીં ઉઠાવે. બંનેએ પોતાનો સુરક્ષાખર્ચ ખુદ ઉઠાવવો પડશે.

ડોનાલ્ડ ટ્રંપે ટ્વિટ કરીને જણાવ્યુ હતું કે " હું યુનાઈટેડ કિંગડમ અને મહારાણી એલીઝાબેથનો પ્રશંસક છું. રિપોર્ટમાં કહેવાઈ રહ્યું છે કે શાહી પરિવારથી અલગ થઈ ચૂકેલાં પ્રિન્સ હેરી અને મેગન મર્કેલ કેનેડામાં વસી ગયા છે. હવે માહિતી છે કે બંનેએ કેનેડા છોડી દીધું છે અને અમેરિકા આવી ગયાં છે.

અમેરિકા તેમની સુરક્ષા પર કોઈ ખર્ચ નહીં કરે. તેઓએ જાતે જ તેમની જવાબદારી લેવાની રહેશે". અત્રે નોંધનીય છે કે પ્રિન્સ હેરી મહારાણી એલીઝાબેથ દ્વિતીયનાં પૌત્ર છે.

નવા ગ્રાહકો માટે ઘટેલા દરો લાગુ થયા

BOBએ રેપોરેટ સાથે જોડાયેલી લોન ૦.૭૫ ટકા સસ્તી કરી

ન્યુ દિલ્હી

બેંક ઓફ બરોડાએ આરબીઆઈના રેપો રેટ સાથે જોડાયેલા લોનના વ્યાજ દરમાં ૦.૭૫ ટકાનો ઘટાડો કર્યો છે. આ ઘટાડો ૨૮ માર્ચથી લાગુ થઈ ગયો છે. નવા દર રિટેલ ગ્રાહકો ઉપરાંત એમએસએમઈ ગ્રાહકો માટે લાગુ થશે. બેંકોનો રેપો રેટ લિંક્ડિંગ લેન્ડિંગ રેટ હવે ૭.૨૫ ટકા રહી ગયો છે. તેનાથી રિટેલ ગ્રાહકો અને નાના કારોબારીઓ માટે લોન સસ્તી થઈ જશે. નવા ગ્રાહકોને તાત્કાલિક ફાયદો મળશે. જ્યારે હાલના ગ્રાહકો માટે દરમાં ઘટાડો તેમની લોનની રિસેટ ડેટથી લાગુ થશે. બેંક ઓફ બરોડા દર મહિને વ્યાજ દર રિસેટ કરે છે.

અર્થવ્યવસ્થાને કોરોનાવાઈરસથી થનાર નુકસાનથી બચાવવા માટે આરબીઆઈએ ૨૭ માર્ચે રેપો રેટમાં ૦.૭૫ ટકાનો ઘટાડો કર્યો હતો. પછીથી બેંકોએ પણ વ્યાજ દર ઘટાડવાનું શરૂ કર્યું છે.

કોરોનાઃ ઓસ્ટ્રેલિયામાં બોર્ડર સીલ, ભારતીય ટીમના પ્રવાસ પર સસ્પેન્સ

મેલબર્ન

કોરોના વાયરસની મહામારીના કારણે ઓસ્ટ્રેલિયન સરકારે આગામી છ મહિના સુધી પોતાની સરહદો બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. જેની અસર ટીમ ઈન્ડિયાના ઓસ્ટ્રેલિયન પ્રવાસ પર પડી શકે છે. ટીમ ઈન્ડિયા આ વર્ષના અંતમાં ઓસ્ટ્રેલિયાના પ્રવાસ પર જવાની છે.

ભારતનો ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ ઓક્ટોબરમાં ટી-૨૦ સીરિઝ સાથે શરૂ થવાનો છે અને ડિસેમ્બરમાં ટેસ્ટ સીરિઝ સાથે ખત્મ થશે. આ વચ્ચે ઓક્ટોબરમાં ટી-૨૦ સીરિઝ વર્લ્ડકપ શરૂ થવાનો છે પરંતુ વૈશ્વિક સ્વાસ્થ્ય સંકટના કારણે તેના ભવિષ્ય પર અનિશ્ચિતતા છે.

ઓસ્ટ્રેલિયામાં કોરોનાના ૨૦૦૦થી વધુ પોઝિટીવ કેસ સામે આવ્યા છે જ્યારે ૧૬ લોકોના મોત થયા છે. જેના કારણે સરકારે સરહદ સીલ કરી છે.

કોરોના પોઝિટિવના સંપર્કમાં આવ્યો આરએમએલ હોસ્પિટલનો સ્ટાફ, ૧૦ લોકો ક્વોરેન્ટાઈન

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસના ચેપનો શિકાર સામાન્ય લોકોની સાથે જ ડૉક્ટરો અને નર્સ પણ બની રહ્યાં છે. દિલ્હીની રામમનોહર લોહિયા હોસ્પિટલમાં ૬ ડૉક્ટરો અને ૪ નર્સોને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. આ તમામ લોકો કોરોના પોઝિટિવ દર્દીના સંપર્કમાં આવ્યા હતા.

જણાવી દઈએ કે, આરએમએલ હોસ્પિટલ સહિત દિલ્હીની અનેક હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓની સારવાર ચાલી રહી છે. દિલ્હીની હોસ્પિટલમાં સતત કોરોનાના દર્દીઓ દાખલ થઈ રહ્યાં છે. લોકનાયક જયપ્રકાશ હોસ્પિટલમાં ૨૯ માર્ચે આવા ૩૪ દર્દીઓને દાખલ કરવમાં આવ્યા હતા. આ ૩૪ લોકોના સંપર્કમાં અંદાજે ૩૦૦ લોકો આવ્યા હતા. જે તમામને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. એલએનજેપી હોસ્પિટલમાં અત્યારે કોરોનાના ૨૨ દર્દીઓની સારવાર ચાલી રહી છે. જેમાં ૭ કોરોના પોઝિટિવ છે. હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓ માટે ૫૮ આઈસોલેશન બેડ ઉપલબ્ધ છે. આથી કેટલાક લોકોને નજીકની જીબી પંત હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવશે.

હવે ગ્રાહકો ૧૫ દિવસના તફાવત પર ગેસ સિલિન્ડર બુક કરાવી શકશેઃ આઈઓસી

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના કારણે દેશમાં લોકડાઉન ચાલી રહ્યું છે આ લોકડાઉન ૧૪ એપ્રિલ સુધી ચાલુ રહેશે. આ પરિસ્થિતિઓ વચ્ચે કેટલાક લોકો પેનિક બાઈંગ કરી રહ્યા છે. જ્યારે કેટલાક લોકોના મનમાં રસોઈ ગેસની સપ્લાઈને લઈ સવાલ ઉભા થયા છે. તેથી લોકો ગભરાટમાં ગેસ સિલિન્ડરની બુકિંગ કરવી રહ્યા છે. તેથી સરકારે તેલ કંપની ઈન્ડિયન ઓયલ કોર્પોરેશનને લોકોથી 'પૈનિક બુકિંગ' ન કરવાની અપીલ કરી છે.

મીડિયા રિપોર્ટ મુજબ આઈઓસીએ કહ્યું છે કે હવે ગ્રાહકો દ્વારા એલપીજી ફક્ત ૧૫ દિવસના તફાવત પર બુક કરાવી શકાશે. આ સંદર્ભે આઈઓસીના અધ્યક્ષ સંજીવ સિંહે એક વીડિયો સંદેશમાં લોકોને વિશ્વાસ દાખવતા કહ્યું કે દેશમાં રસોઈ ગેસના જથ્થાની કોઈ અછત નથી. રિપોર્ટ પ્રમાણે ઈન્ડિયન ઓઈલ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશને ગેસ સિલિન્ડરોની સપ્લાઈ સામાન્ય રીતે થતી રહે તે માટે પોતાના પ્લાન્ટને પૂરી ક્ષમતા સાથે ચલાવવા નિર્દેશ આપ્યા છે.

સાથે જ સપ્લાય ચેન પણ સામાન્ય રાખી છે. તેમ છતાં લોકો પૈનિક બુકિંગ કરી રહ્યા છે. તેથી કંપનીઓએ બુકિંગ સિસ્ટમમાં ફેરફાર કરતા બીજા સિલિન્ડરની બુકિંગને ઓછામાં ઓછા ૧૫ દિવસ પછી કરી છે. એટલે કે બીજા ગેસ સિલિન્ડરની બુકિંગ હવે પહેલા સિલિન્ડરની બુકિંગના ૧૫ દિવસ પછી જ થઈ શકશે. તેથી હવે લોકડાઉનની સ્થિતિમાં ગેસ સિલિન્ડરની સપ્લાઈ ચેન વ્યવસ્થિત રીતે ચાલુ રહી શકે.

પીએમના પ્રિન્સિપલ સેક્રેટરીના નિર્દેશનમાં સમિતિઓ કામ કરશે

કોરોના વિરુદ્ધની લડાઈ માટે ૧૧ સશક્ત સમૂહોની રચના કરાઈ

ન્યુ દિલ્હી

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહએ ૧૧ સશકત સમૂહોની રચના કરી છે જેથી કોવિડ-૧૯ પર વ્યાપક અને એકીકૃત પ્રતિક્રિયા આપી શકાય. આ ૧૧ સશક્ત સમિતિઓમાંથી ૯ના અધ્યક્ષ સચિવ સ્તરના અધિકારી હશે. જ્યારે એકની અધ્યક્ષતા નીતિ આયોગના સભ્ય અને એકની અધ્યક્ષતા નીતિ આયોગના સીઇઓ કરશે.

કોરોના વાયરસ મહામારીથી ઉત્પન્ન ગંભીર પરિસ્થિતઓની વચ્ચે વડાપ્રધાન કાર્યાલયએ ૧૧ અલગ-અલગ ઉચ્ચસ્તરીય સમિતિઓની રચના કરી છે. આ સમિતિઓ સ્વાસ્થ્ય સેવાઓમાં સુધાર, અર્થવ્યવસ્થા ને પાટા પર લાવવી અને ૨૧ દિવસનું લૉકડાઉન સમાપ્ત થયા બાદ લોકોની મુશ્કેલીઓને જેટલી શક્ય હોય તેટલી વહેલી તકે દૂર કરવા માટે ભલામણો કરશે. દેશમાં કોરોના વાયરસના પ્રસારને નિયંત્રિત કરવાનો પ્રયાસ સ્વરૂપે ૨૪-૨૫ માર્ચની મધ્યરાત્રિથી ૨૧ દિવસનું લૉકડાઉન લાગુ કરી દેવામાં આવ્યું છે. આ દરમિયન જરૂરી સેવાઓને બાદ કરતાં અન્ય ગતિવિધિઓ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. લોકોને ઘરોમાં રહેવા માટે કહેવામાં આવ્યું છે.

પીએમઓ દ્વારા રચવામાં આવેલી સમિતિઓ વિભિન્ન મુદ્દાઓને જોશે. આ સમિતિઓ વડાપ્રધાનના પ્રિન્સિપલ સેક્રેટરી પી. કે. મિશ્રાના નિર્દેશનમાં કામ કરશે. સૂત્રોએ આ જાણકારી આપી છે.

સૂત્રોનું કહેવું છે કે જાહેર આરોગ્ય દેખભાળ સહિત પોત-પોતાના ક્ષેત્રોમાં ઓછામાં ઓછામાં સંભવિત સમયમાં સામાન્ય સ્થિતિ લાવવાની રણનીતિ ઉપર પણ આ સમિતિઓ કામ કરશે.

મજૂરોના પલાયન મામલે સુપ્રિમમાં વીડિયો કોન્ફરન્સથી સુનાવણી થઇ

લોકોમાં ડર,અફરાતફરીનો માહોલ કોરોના કરતાં પણ વધુ ખતરનાકઃ સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના કારણે દેશમાં ૨૧ દિવસનું સઙ્ઘડ લોકડાઉન છે. આ બધા વચ્ચે કોરોના સામે યુદ્ધ સ્તરે લડાઈ લડી રહેલી કેન્દ્ર અને રાજ્ય સરકારો માટે મજૂરોનું પલાયન એક મોટી મુસીબત બની ગઈ છે. મજૂરોના પલાયન મામલે સુનાવણી કરતા સોમવારે સુપ્રીમ કોર્ટે કહ્યું કે લોકોનું પલાયન રોકવું જ પડશે.

દિલ્હીથી પલાયન કરતા મજૂરોને પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની માગણી પર આજે સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે કોરોના વાયરસ કરતા પણ વધુ ખતરો લોકોમાં ડર અને અફરાતફરીના માહોલનો છે. કોર્ટે કેન્દ્ર પાસે એફિડેવિટ દાખલ કરીને સરકાર દ્વારા ઉઠાવાયેલા પગલાની જાણકારી માંગી છે.

કોર્ટે કહ્યું કે અમે આ અરજીને વિરોધાત્મક માનતા નથી. પરંતુ આ અરજીનો એ પ્રકારે પ્રચાર ન થવો જોઈએ કે કોર્ટ પલાયનને મંજૂરી આપવા માટે કોઈ તરકીબ કાઢશે. પલાયનને તો રોકવું જ પડશે. જેના પર હવે આગામી સુનાવણી મંગળવારે થશે.

અત્રે જણાવવાનું કે અરજીમાં પલાયન કરી રહેલા મજૂરોને ભોજન અને મેડિકલ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની માગણી કરવામાં આવી છે. આ સાથે જ બધાને તરત સરકારી ઈમારતોમાં આશ્રય આપવાની માગણી પણ અરજીમાં કરાઈ છે.

સતત ચાર રિપોર્ટ પોઝિટિવ આવતા કનિકા કપૂરે ઈન્સ્ટાગ્રામ પર ભાવુક પોસ્ટ કરી

મુંબઈ

બોલિવૂડ સિંગર કનિકા કપૂરનો હાલ ચોથી વાર કોરોના વાયરસનો ટેસ્ટ પોઝિટીવ આવ્યા. સામાન્ય રીતે ચોથી વારમાં કેટલાક લોકો સાજા થવા લાગતા હોય છે અને તેમના ટેસ્ટ નેગેટીવ આવતા તેમની ઘરે જવાની સાંભવના વધવા લાગે છે. ત્યારે ચોથી વાર કોરોના વાયરસનો ટેસ્ટ પોઝિટિવ આવતા કનિકા કપૂર ભાવુક થઇ હતી. લખનઉની સંજય ગાંધી પોસ્ટ ગ્રેજ્યૂએટ ઈન્સ્ટીટ્યૂટમાં દાખલ કનિકા કપૂરને આશા હતી કે તે કોરોના વાયરસ સામેની જંગ જીતી ઘરે પાછી ફરી શકશે. પણ ચોથી વાર પણ ટેસ્ટ પોઝિટીવ આવતા તેનું દુખ તેની ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં છલકાયું હતું. આ પોસ્ટમાં એક ઘડિયાળ બનાવેલી હતી અને તેની પર એક મોટિવેશનલ સુવાક્ય લખવામાં આવ્યું હતું જીવન આપણને સમયનો યોગ્ય ઉપયોગ કરતા શીખવે છે. તે જ સમયે આપણને જીવનની કદર કરતા પણ શીખવે છે." સાથે જ કેપ્શનમાં તેણે લખ્યું હતું કે "હું સુવા જઈ રહી છું. તેમના બધાને પ્રેમ. તમે બધા સુરક્ષિત રહો. મારી ચિંતા કરવા બદલ તમારો આભાર.

લોકડાઉન પહેલા પાનાનું ચાલું

ખુલાસા બાદ લોકડાઉન અંગેની સંકા-કૂશંકા પર પૂર્ણવિરામ મૂકાઇ ગયો છે. ભારતમાં કોરોનાના અત્યાર સુધી ૧૦૨૪ દર્દી સામે આવ્યા છે જ્યારે ૨૭ લોકોના આ જીવલેણ બીમારીથી મોત થયા છે.

નોંધનીય છે કે કોરોનાથી અન્ય દેશોની ભયાનક હાલત જોઇને અને ભારતમાં પણ આ મહામારી કોરોનાના વધતા કેસને જોતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૪ માર્ચના રાત્રના ૧૨ વાગ્યાથી દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કર્યું હતું. પીએમે લોકોને આ બીમારીથી બચવા માટે પોતાના ઘરની આગળ લક્ષ્મણ રેખા ખેંચવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે સોશિયલ ડિસ્ટેંસિંગથી આ બીમારી રોકાશે. કેન્દ્ર સરકારે લોકડાઉનની સખ્તીથી લાગૂ કરવા માટે રાજ્યોને આદશ આપ્યો છે. તો લોકડાઉનથી લોકોને પડી રહેલી મુશ્કેલીઓ અંગે પણ મોદીએ રવિવારે મન કી બાતમાં દેશના લોકોની માફી માંગી હતી અને લોકડાઉનના નિયમોનું પાલન કરવા ભાર મૂક્યો હતો.

લોકડાઉન વચ્ચે ગત દિવસોમાં દિલ્હી, મુંબઈ, સુરત સહિત અન્ય મોટા શહેરોમાંથી રોજ કમાઈને ગુજરાન ચલાવનારા કામદારો હજારોની સંખ્યમાં પગપાળા પોતાના રાજ્યો તરફ જઈ રહ્યા હતા. જેને રોકવા માટે કેન્દ્ર સરકારે કટોકટીના ફંડના નિયમોમાં ફેરફાર કર્યો હતો. ગૃહમંત્રાલયે રાજ્યને લખેલા પત્રમાં કહ્યું કે, તે મજૂરો માટે અસ્થાઈ શિબિર બનાવવા, ખાવા અને મેડિકલ સુવિધા માટે કટોકટી ફંડની રકમ ખર્ચ કરી શકે છે. સાથે જ કહ્યું કે, બોર્ડર પર મજૂરોની મુવમેન્ટને રોકવામાં આવે. આ લોકોને સરહદ પર જ ૧૪ દિવસ માટે ક્વોરન્ટીન કરવામાં આવે. મજૂરોની હિઝરત અંગે ચર્ચા કરવા માટે રક્ષા મંત્રી રાજનાથ સિંહના આવાસ પર મંત્રી સમૂહની બેઠક પણ થઈ હતી.

લોકડાઉન દરમિયાન લોકોની અવર જવર અંગે ગૃહ મંત્રાલયે કહ્યું કે, અમે લોકડાઉનને સખતાઈથી લાગું કરવા માટે ૨૪ કલાક દેખરેખ કરી રહ્યા છીએ. મંત્રાલયે તમામ રાજ્યોને આદેશ આપ્યા છે કે કોઈ પણ રાજ્યની બોર્ડર અથવા હાઈવે પર લોકોની અવર જવર ન થાય. જો આદેશમાં થોડી પણ ચૂક થશે તો તેના માટે જિલ્લાના ડીએમ-ડેપ્યુટી કમિશનર અને એસએસપી વ્યક્તિગત રીતે જવાબદાર ગણાશે.

ચીનના વુહાન પહેલા પાનાનું ચાલું

આવશે. આ ખબર એવા સમયે આવી છે જ્યારે લોકડાઉન પછી લોકોને હરવા પવાની છુટ આપવામાં આવી છે. લોકો મોતના આંકડા સામે સવાલ ઉઠાવીને કહી રહ્યા છે કે, મૃતદેહો સળગાવનારા ૨૪ કલાક કામ કરતા હતા. શક્ય છે કે, સરકાર ધીરે ધીરે મોતનો આંકડો જાહેર કરી રહી છે. જેથી લોકો ધીરે ધીરે વાસ્તવિકતાને પચાવી શકે.

એવી પણ અટકળો થઈ રહી છે કે, કેટલાક લોકો તો પોતાના ઘરોમાં સારવાર વગર જ મોતને ભેટ્યા હતા.

લોકડાઉનના કારણે ઔદ્યોગિક એકમો બંધ, વીજ વપરાશમાં ૫૦%નો ઘટાડો

ગાંધીનગર

કોરોના વાયરસના ફેલાવાને રોકવા માટે રાજ્ય સહિત આખા દેશમાં લોકડાઉન કરવામાં આવ્યું છે. રાજ્યમાં કરવામાં આવેલા લોકડાઉનની સૌથી વધુ અસર એનર્જી સેક્ટરમાં થઈ છે તેમ કહી શકાય. લોકડાઉનના નવ દિવસમાં ઔદ્યોગિક વીજ વપરાશમાં ધરખમ ઘટાડો જોવા મળ્યો છે. સાથે જ કુલ વીજ વપરાશમાં ૫૦%નો ઘટાડો નોંધાયો છે.



રાજ્યના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તરફથી મળેલા સત્તાવાર આંકડા પ્રમાણે, ૧૮ માર્ચે રાજ્યમાં વીજળીની લઘુત્તમ જરૂરિયાત ૧૩,૧૨૦ મેગાવોટ હતી, જે જનતા કર્ફ્યૂના દિવસે (૨૨ માર્ચ) ઘટીને ૧૦,૩૬૧ મેગાવોટ થઈ. ૨૭ માર્ચે વીજળીની લઘુત્તમ માગમાં ભારે ઘટાડો થયો. આ દિવસે લઘુત્તમ માગ ૬,૩૮૬ મેગાવોટ થઈ. સરકાર તરફથી મળેલા આંકડા પ્રમાણે, ૧૮ માર્ચે મહત્તમ માગ ૧૬,૧૯૩ મેગાવોટ હતી જે ૨૭ માર્ચે ઘટીને ૮,૯૬૨ મેગાવોટે પહોંચી.

લોકડાઉનના કારણે મોટાભાગના ઔદ્યોગિક એકમો બંધ હોવાથી ઔદ્યોગિક વીજ વપરાશમાં ધરખમ ઘટાડો જોવા મળ્યો છે. ૧૮ માર્ચે ઔદ્યોગિક વીજ વપરાશ ૧૨૯.૩૨ મિલિયન યુનિટ હતો જે ૨૭ માર્ચે ઘટીને ૩૦.૨૭૧ મિલિયન યુનિટ થયો. અધિકૃત આંકડા પ્રમાણે, જ્યોતિગ્રામ યોજના અંતર્ગત પણ વીજ વપરાશમાં ઘટાડો જોવા મળ્યો છે. આ યોજના હેઠળ થતો વીજ વપરાશ ૧૮થી ૨૭ માર્ચ વચ્ચે ૪૧.૯૯ એમયુએસથી ૩૫.૭૩૧ એમયુએસ થયો છે. આ જ સમયગાળા દરમિયાન શહેરી વિસ્તારોમાં વીજ વપરાશ ૩૮.૩૬ એમયુએસથી ઘટીને ૩૦.૨ એમયુએસ થયો હતો. તો કૃષિ વીજ વપરાશ પણ ૮૨.૦૨ એમયુએસથી ઘટીને ૬૩.૧૨૨ એમયુએસ પ્રતિ દિવસ થયો હતો.

રાજ્ય સરકારના સૂત્રના જણાવ્યા મુજબ, રાજ્ય સરકાર સંચાલિત પાવર કંપનીઓ તેમજ ખાનગી કંપનીઓને લોકડાઉનના કારણે મોટું નુકસાન ઉઠાવવાનો વારો આવશે. ઉપરાંત લોકડાઉનના સમયગાળામાં રાજ્ય સરકારને ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી પેટે રૂપિયા ૫૦૦ કરોડનું નુકસાન ઉઠાવવું પડી શકે છે.

મેડિકલ ચેકઅપ બાદ કરાશે મુક્ત

વડોદરા સેન્ટ્રલ જેલમાંથી ૧૫૨ કેદીઓને મળશે પેરોલ

વડોદરા

વડોદરા સેન્ટ્રલ જેલમાંથી ૧૫૨ કેદીઓને પેરોલ અપાશે. સાત વર્ષથી ઓછી સજાવાળા ગુનાઓમાં કેદ રખાયેલા આરોપીઓને લાભ મળશે. સુપ્રીમ આદેશથી હાઈકોર્ટની હાઈ પાવર કમિટીએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને માર્ગદર્શન આપ્યું હતુ. સેન્ટ્રલ જેલ સંકુલમાં જામીનદારોની કતારો જામી હતી.

કેદીઓને મેડિકલ ચેકઅપ કરાયા બાદ મુક્ત કરાશે. હાલ વડોદરાની સેન્ટ્રલ જેલમા ક્ષમતા કરતા વધુ કેદીઓ છે. તપાસ પેન્ડિંગ હોય તેવા કેદીઓને લાભ નહીં મળે. કાચા કામના કેદીઓને જામીનનો લાભ આપવામાં આવશે.

જગન્નાથજી મંદિરે પ્રધાનમંત્રી રાહત ફંડમાં રૂ.૫૧ લાખનું દાન કર્યું

અમદાવાદ

વર્તમાન કોરોના મહામારીમાં અનુદાન તરીકે અમદાવાદનાં જગન્નાથજી મંદિર દ્વારા પ્રધાનમંત્રી રાહત ફંડમાં રૂ.૫૧,૦૦,૦૦૦નો ચેક અર્પણ કરવામાં આવ્યો છે.

આ અંગે જગન્નાથજી મંદિરના મહંત મહામંડલેશ્વર પૂજ્ય દિલીપદાસજી મહારાજે જણાવ્યું કે ભારત દેશમાં કોરોના વાયરસ મહામારીને કારણે આપણા દેશ ઉપર મોટી આફત આવી છે ત્યારે ભગવાન જગન્નાથજીના પ્રસાદરૂપે રૂ.૫૧,૦૦,૦૦૦નો ચેક શ્રીજગન્નાથજી મંદિર ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા પ્રધાનમંત્રી રાહત ફંડમાં સાદર અર્પણ કરવામાં આવે છે.

જ્યારે મંદિર ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ઝાએ જણાવ્યું કે આ વિકટ પરિસ્થિતિમાં જગન્નાથજી મંદિર દ્વારા દરરોજ ૮૦૦થી વધુ વ્યક્તિઓને ભોજન પ્રસાદ, ૧૦૦૦ ફૂડ પેકેટ્સ કોર્પોરેશન દ્વારા વિતરણ થઈ રહ્યાં છે. સાથોસાથ દરરોજ ૧૦૦૦ લિટર છાશ, ૫૦ લીટર દૂધ વિતરણનું કાર્ય પણ થઈ રહ્યું છે.

લોકડાઉનઃ બોર્ડની પરીક્ષાના મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રોની કામગીરી સ્થગિત કરાઇ

અમદાવાદ

રાજ્યમાંમાં કોરોના વાયરસના કહેરની વચ્ચે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગે લીધેલા નિર્ણય મુજબ આગામી સૂચના ન મળે ત્યાં સુધી બોર્ડની પરીક્ષાના મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્રોની કામગીરી સ્થગિત કરવામાં આવી છે. સરકારે લૉકડાઉનના પગલે આ મોટું પગલું ભર્યું છે. આ સાથે જ સરકારે મુલ્યાંકન કેંદ્રો બંધ રાખી અને કેંદ્રો પર આગ, પાણી, ઉધઈ વગેરેથી કોઇ નુકશાન ન થાય તેવુ ધ્યાન રાખવુ જરુરી પોલીસ પ્રોટેકશન પણ રાખવા આદેશ આપ્યો છે. રાજ્યના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિભાગના સચિવ ડી.એસ.પટેલે એક પરીપત્ર જાહેર કરી અને મુલ્યાંકન કેન્દ્રના નિયામકને આ નિર્ણય અંગેની જાણકારી આપી છે. અગાઉ ૨૧-૩-૨૦૨૦થી ૩૧-૩-૨૦૨૦ સુધી બોર્ડના પેપરની મુલ્યાંકનની કામગીરી સ્થગિત કરવામાં આવી હતી. જોકે, હવે આગામી સૂચના ન મળે ત્યાં સુધી આ કામગીરી સ્થગિત રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે.

વડોદરામાં ૪૮ કલાકમાં એક પણ કોરોના કેસ નહિ, ત્રણનો રિપોર્ટ નેગેટિવ આવતા ક્વોરેન્ટાઈન પર

વડોદરા

વડોદરા શહેરમાં છેલ્લા ૪૮ કલાકમાં કોરોના વાઈરસનો એકપણ પોઝિટિવ કેસ નોંધાયો નથી., વડોદરા શહેરમાં અત્યાર સુધીમાં કોરોના વાઈરસના ૯ પોઝિટિવ કેસ નોંધાયા છે. જે પૈકી ૬ દર્દીઓ સારવાર હેઠળ છે અને ૩ દર્દીનો રિપોર્ટ નેગેટિવ આવતા ક્વોરેન્ટાઈન પર રાખવામાં આવ્યા છે.

વડોદરા નજીક નેશનલ હાઈવે ઉપર આવેલી સયાજીપુરા એપીએમસી માર્કેટમાં શાકભાજીની હોલસેલ ખરીદી માટે વેપારીઓનો ધસારો જોવા મળ્યો છે. વડોદરા શહેરમાં તંત્ર દ્વારા દરેક સોસાયટીઓ અને પોળોમાં ટ્રેક્ટર દ્વારા શાકભાજી પહોંચે તેવી વ્યવસ્થા કરી છે. જેના માટે એપીએમસી માર્કેટમાં આજે વહેલી સવારે શાકભાજીની ખરીદી કરી હતી.

વડોદરા શહેર પોલીસના પોલીસ કર્મીઓ કોરોનાનું સંક્રમણ અટકાવવા રસ્તા પર છે, ત્યારે તેમના પરિવારોને પણ સંક્રમણથી અટકાવાના પ્રયાસો શરૂ કરાયા છે. વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારમાં આવેલી ૯ પોલીસ લાઈનમાં પણ પોલીસ વિભાગ દ્વારા જ સેનેટાઈજેશનની કામગીરી શરૂ કરાઈ છે અને હવે આ કામગીરી પૂર્ણતાના આરે છે. વડોદરાની ૯ પોલીસ લાઈનમાં અંદાજે ૩ હજાર લોકો વસવાટ કરી રહ્યા છે. પોલીસ લાઈનની સાથે સાથે વડોદરાના તમામ ૨૧ પોલીસ સ્ટેશન અને બ્રાન્ચોમાં પણ સેનેટાઈઝેશનની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. પોલીસ કર્મચારીઓને માસ્ક અને સેનેટાઈઝર અપાયા છે.



લોકડાઉનની પરિસ્થિતિમાં સૌથી વધુ અસર મજૂર વર્ગને પડ્યો છે. તેમાંય અબોલ જીવો મુશ્કેલીમાં મુકાયા છે. થોડા દિવસ પહેલા વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ મજૂર વર્ગમાં ભોજન પહોચાડ્યું હતું. ત્યારે અબોલ જીવ પણ ભૂખ્યુ ન રહે તે માટે જાતે ટ્રેક્ટર ચલાવી ટ્રોલી ભરી ઘાસચારો અમરેલીના તમામ રસ્તા પર રઝળતી ગાયોને નાખ્યો હતો. આવી પરિસ્થિતિમાં અબોલ જીવોની સેવા માટે ધાનાણી આગળ આવ્યા છે.

અમદાવાદ કલેક્ટરના બે જાહેરનામાં

મકાન ખાલી કરાવવા મકાન માલિક જબરજસ્તી નહિં કરી શકે

અમદાવાદ

દેશભરમાં કોરોના કહેર વર્તાવી રહ્યો છે. ભાવનગરમાં નવા પાંચ કેસ નોંધાતાની સાથે જ ગુજરાતમાં કોરોનાના કુલ પોઝિટિવ કેસ ૬૯ થયા છે. તેમજ ભાવનગરમાં એક વ્યક્તિનું મૃત્યુ થતા રાજ્યમાં અત્યારસુધીમાં કુલ ૬ના મોત નીપજ્યાં છે. સૌથી વધુ ૨૩ કેસ અમદાવાદમાં છે. અમદાવાદ કલેક્ટરે બે જાહેરનામા બહાર પાડ્યા છે. જેમાં મકાન ખાલી કરાવવા મકાન મલિક મજબૂર કે જબરજસ્તી નહિં કરી શકે, કન્સ્ટ્રકશન સાઈટમાં કામ કરતા મજૂરની રહેવા અને જમવાની વ્યવસ્થા કન્સ્ટ્રકશન સાઈટના માલિકની રહેશેજહેરનામાંનો ઉલ્લંઘન થશે તો માલિકો સામે કલમ ૧૩૫ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

દેશભરમાં આજે લોકડાઉનનો છઠ્ઠો દિવસ છે. ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં લોકાડાઉનની અસર જોવા મળી છે. જોકે ઘણા ભાગો હજી પણ એવા છે જ્યાં લોકડાઉનની ગંભીરતા જોવા મળતી નથી. ત્યાં પોલીસ લોકોને સમજાવીને લોકડાઉન પાળવા સમજાવી રહી છે. બનાસકાંઠાના લાખણી ગામમાં દુકાનદાર સામે ફરિયાદ નોંધાઈ છે. પશુ આહારની દુકાન બહાર ભીડ જામી હતી. આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ આજે મીડિયાને જણાવ્યું છેકે ૬૯માં વિદેશ ટ્રાવેલ ૩૨ લોકો, ૪ આંતરરાજ્યમાંથી આવ્યા હતા. ૩૩ લોકો લોકલ સંક્રમણના છે. પોઝિટિવ કેસના ૩થી ૫ કિમિ તમામ વિસ્તારમાં ટેસ્ટ કરવાની પ્રક્રિયા કરવામાં આવી રહ્યાં છે.

હેલ્પલાઈન નંબર ૭૫૬૭૧૬૬૧૧૧ પર ફોન કરી શકો છો

થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટેની મહત્વપૂર્ણ દવાઓ ઘરે બેઠા ફોનથી મંગાવી શકાશે

અમદાવાદ

રાજ્યમાં કોરોના વાયરસને કારણે લૉકડાઉનનો સમય ચાલી રહ્યો છે. લોકો ઘરોમાં બંધ છે. સરકારે ઘરની બહાર ન નીકળવા માટે અપીલ કરી છે. ત્યારે વિવિધ સંસ્થાઓ અને માણસો ભેગા મળીને લોકોને જરૂરી જીવનજરૂરી ચીજવસ્તુઓ પહોંચાડી રહ્યાં છે. આ સાથે દવાઓ પણ ઘર સુધી પહોંચાડવામાં આવી રહી છે. ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીએ થેલિસિમિયાગ્રસ્ત બાળકોને લિવર, હૃદયમાંથી આયર્ન ઓછું કરવાની દવા આપવાની વ્યવસ્થા કરી છે. દવા મેળવવા માટે હેલ્પલાઈન નંબર ૭૫૬૭૧૬૬૧૧૧ પર ફોન કરી શકો છો. આ સાથે દવાનું પ્રિસ્ક્રિપ્શન પણ આ નંબર પર જ મોકલવાનું રહેશે.

ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાનાં થેલેસેમિયા કમિટીનાં ચેરમેન ડો. અનિલ ખત્રી અને જનરલ સેક્રેટરી ડો. પ્રકાશ પરમારે આ અંગે જણાવ્યું કે, લોકડાઉનને પગલે રાજ્યની બ્લડબેંકમાં લોહીની અછત ન થાય તે માટે પ્રયાસો હાથ ધર્યા છે. એસજીવીપી, કણભા સ્વામિનારાયણ મંદિર, નારણપુરા સ્વામિનારાયણ મંદિર, અગ્રવાલ સમાજ સહિત વિવિધ સંસ્થાઓએ ભોજન અને જીવનજરૂરી વસ્તુઓનું વિતરણ શરૂ કર્યું છે.

મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફની ભરતીમાં કોઇ જ વ્યવસ્થા ન કરાઇ

સોશિયલ ડિસ્ટન્સિંગના લીરેલીરા ઉડ્યા: એએમસીની ભરતી પ્રક્રિયામાં ભારે ભીડ જામી

અમદાવાદ

ગુજરાતમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૬૯ પર પહોંચી છે. જેના કારણે સરકારી હોસ્પિટલમાં મેડિકલ ઈમરજન્સીને પહોંચી વળવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક મોટી જાહેરાત કરવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અર્બન હેલ્થ સોસાયટી દ્વારા ૩૫૪ મેડિકલ અને ૩૫૪ પેરા મેડિકલની કરાર આધારિત ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જો કે આજે વહેલી સવારમાં વોક ઈન ઈન્ટરવ્યુ દરમિયાન સોશિયલ ડિસ્ટન્સિંગના લીરેલીરા ઉડ્યા હતા. ઈન્ટરવ્યુ આપવા આવેલા ઉમેદવારોએ ઝેરોક્ષની દુકાન અને મ્યુનિસિપલ કોર્પોરેશનના મુખ્ય આરોગ્ય અધિકારીની કચેરી બહાર જ મોટી ભીડ જામી હતી.

અમદાવાદમાં એએમસીની ભરતી પ્રક્રિયામાં મોટી પોલ ખુલી છે. જોરશોરથી એએમસી લોકોને લોકડાઉનનું પાલન કરાવે છે અને જે લોકો ના માને તેમના પાસેથી મોટો દંડ વસૂલ કરે છે. ત્યારે આજે એએમસી કોર્પોરેશનની ઓફિસે જ લોકડાઉનના ધજાગરા ઉડ્યા હતા. લાખો લોકોને સલાહ આપનારા એએમસી કોર્પોરેશન જ પોતાની સલાહનું પાલન ના કરી રહ્યું હોવાનું સામે આવ્યું હતું. આ ઘટના બાદ તેની વિપરીત અસર લોકો પર દેખાય તો નવાઈ નહીં.

આજની ઘટના બાદ લોકોના મનમાં અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. જેમાં લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે જો શાસકો જ આવી ભૂલ કરશે તો પ્રજા કઈ રીતે તેમની વાત માનશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અર્બન હેલ્થ સોસાયટીની ભરતી પ્રક્રિયામાં ટોળા એકઠા થતા સામાજિક અંતરની વાત મજાક બની ગઈ હતી. તમને જણાવીએ કે, અર્બન હેલ્થ સોસાયટીની ભરતીમાં ૩૫૪ મેડિકલ ઓફિસર અને ૩૫૪ પેરા મેડિકલ સ્ટાફની ભરતી કરવાની હતી. એક આશ્ચર્યજનક વાત સામે આવી હતી કે, માત્ર ઈન્ટરવ્યૂ પર જ ૧૧ માસના કરાર આધારે ભરતી થવાની હતી.

બીજી બાજુ એએમસી ઓફિસે પહેલેથી મોટી સંખ્યામાં લોકો આવવાની જાણ હોવા છતાં ધાબા પર કે કેમ્પસમાં મંડપ જેવી કોઈ વ્યવસ્થા કરવામાં આવી નહોતી. જેને પગલે ઉમેદવારો તડકામાં ઉભા રહ્યાં હતા. હાલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ શહેરની તમામ દુકાનો પર એક મીટરનું અંતર રાખવા સૂચના આપે છે. પરંતુ આરોગ્ય ભવનમાં આ સૂચનાનો અમલ થઈ રહ્યો નથી. જ્યારે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર પણ માત્ર ટ્વીટર પર સુચના આપવામાં સક્રિય છે.

સાવધાન.....ફ્લેટના પાર્કિંગમાં બેસીને વાતો કરતી આઠ મહિલાની ધરપકડ

અમદાવાદ

ગુજરાતમાં ધીમે ધીમે કોરોના વાયરસનો ખતરો વધી રહ્યો છે. બીજી બાજુ પીએમ મોદીએ આખા દેશને લોકડાઉન કર્યા પછી પણ લોકો સમજી રહ્યા નથી. ત્યારે કોરોનાને લઈને ગુજરાત માટે ચિંતાજનક સમાચાર મળી રહ્યા છે. અમદાવાદના ડીજી શિવાનંદ ઝાએ લોકડાઉનને સફળ બનાવવા માટે એક મોટો નિર્ણય લીધો છે. લોકડાઉન હોવા છતાં જે લોકો ઘરની બહાર નીકળે છે અને સોસાયટીઓમાં ટોળા વળીને બેસી રહે છે તેના માટે અમદાવાદ પોલીસ ડ્રોન અને પેટ્રોલિંગથી નજર રાખશે. એટલે અમદાવાદી મહિલાઓ સાવધાન થઈ જજો. ફ્લેટના પાર્કિંગ કે સોસાયટીમાં ભેગા થઈ વાતો કરશો તો પણ પોલીસ ધરપકડ કરી લેશે.

આજની સ્થિતિની વાત કરીએ તો, અમદાવાદના વસ્ત્રાપુર પોલીસે હવે શકમબા ટાવરમાં આવેલ પાર્કિંગમાં ભેગા મળી વાતો કરતી ૮ મહિલાઓની ધરપકડ કરી છે. પોલીસ કંટ્રોલરૂમને મેસેજ મળતા વસ્ત્રાપુર પોલીસ ટાવરમાં પોહચી હતી. પોલીસે ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી. આ સિવાય અમદાવાદના વિવિધ પોલીસ સ્ટેશનમાં જાહેરનામાં ભંગના ૫૦થી વધુ ગુના નોંધાયા છે અને ૨૦૦થી વધુ લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે. ઘાટલોડિયા,સાબરમતી, વસ્ત્રાપુર, રાણીપ, નિકોલ, રામોલ, ગોમતીપુર, રખિયાલ, ઈસનપુર, પાલડી, સેટેલાઈટ, સરખેજ સહિતના કેટલાક વિસ્તારોમાં પણ ટોળા કરીને ઉભેલા લોકો સામે કાર્યવાહી કરી છે.

કોરોના સંકટઃ ઇંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ ક્રિકેટરોનો પગાર કાપશે

લંડન

કોરોના વાયરસના કારણે ક્રિકેટની અનેક ટુર્નામેન્ટ રદ કરવી પડી છે. જેના કારણે જે તે દેશના ક્રિકેટ બોર્ડને મોટી ખોટ ગઈ છે. કોરોના મહામારીના કારણે થયેલી નાણાકીય ખોટને ભરપાઈ કરવા ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે મોટો ફેંસલો લીધો છે.

ઈસીબીએ કહ્યું કે, હાલ અમે કોરોના વાયરસ પર નજર રાખી રહ્યા છીએ અને અમારી કોશિશ કેવી રીતે બચત થાય તે છે. બોર્ડે કહ્યું કે, સેન્ટ્રલી કોન્ટ્રાક્ટેડ ખેલાડીઓ સાથે આમ કરવાની એક સામાન્ય રીત છે. તેમને પણ ખબર છે કે આપણે આ સ્થિતિમાં એકબીજાની સાથે રહેવાનું છે.

ઈંગ્લેન્ડના જેટલા પણ ખેલાડી સેન્ટ્રાલ કોન્ટ્રાક્ટ પર છે તેને ઈસીબી પૂરી સેલરી આપે છે.

પૂર્વ ભારતીય ક્રિકેટ વસીમ જાફરનો ખુલાસો

શરૂઆતના દિવસોમાં ધોની ૩૦ લાખ કમાઈને રાંચીમાં સેટ થવા માંગતો હતો

મુંબઈ

ઈન્ટરનેશનલ ક્રિકેટથી લગભગ ૮ મહિના સુધી દૂર રહ્યા પછી મહેન્દ્ર સિંહ ધોની દુનિયાભરમાં સૌથી લોકપ્રિય ક્રિકેટર્સમાંથી એક છે. ટીમ ઈન્ડિયાનો પૂર્વ કેપ્ટન ધોની જોકે એક સમયે ક્રિકેટથી ૩૦ લાખ રૂપિયા કમાઈને રાંચીમાં સેટ થવા ઇચ્છતો હતો. આ વાતની જાણકારી પૂર્વ ભારતીય ક્રિકેટર વસીમ જાફરે સોશ્યલ મીડિયા પર આપી.

ઘણા ખેલાડીઓ જે નાના શહેરોમાંથી આવે છે, ત્યારે ધોનીના પણ નાના-નાના સપના હતા. પૂર્વ ભારતીય ઑપનર વસીમ જાફરે, ધોનીના શરૂઆત દિવસોની વાત કરતા કહ્યુ કે, તે ક્રિકેટથી માત્ર ૩૦ લાખ રૂપિયા કમાવવા ઇચ્છે છે.

આ મહિનાની શરૂઆતમાં ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી સંન્યાસ લેનારા જાફરે પોતાના ટ્વિટર ફેન્સની સાથે વાતચીત લખી હતી. એક ફેને જણાવ્યુ કે, ધોનીની સાથે તેની પસંદગીની યાદો કઈ હતી, જેના વિશે વાત કરતા તેણે લખ્યુ કે, 'જ્યારે તેણે ટીમ ઈન્ડિયા માટે રમતા માત્ર ૧-૨ વર્ષ થયા હતા, ત્યારે મને યાદ છે તેણે કહ્યુ હતુ કે , હું ક્રિકેટથી રમીને ૩૦ લાખ રૂપિયા કમાવવા ઇચ્છુ છું અને રાંચીમાં પોતાની બાકીની જિંદગી પસાર કરવા માંગું છું.

અંકલેશ્વરમાં જરૂરિયાતમંદ લોકો માટે સેવાનો ધોધ વહ્યો....

નગરપાલિકા ઉપપ્રમુખ દ્વારા સેનિટેશન માટે સાત ટ્રેક્ટર સહિતની સુવિધા આપવામાં આવી

● નાલંદા વિદ્યાલયના ટ્રસ્ટીઓ દ્વારા ૫૦૦ માણસ માટે ભોજનની વ્યવસ્થા કરાઈ

● નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન દ્વારા પણ વિવિધ વિસ્તારોમાં ગરીબ વ્યક્તિઓ માટે ભોજનની વ્યવસ્થા કરાઈ

અંકલેશ્વર

સમગ્ર વિશ્વ અને માનવજાત માટે જીવલેણ કોરોનાવાયરસની જે રીતે અસર પ્રવર્તી રહી છે એ જોતા તેની સામે લડવા માટે અને જરૂરીયાતમંદોને ઘરે બેઠા જ જીવન જરુરિયાતની વસ્તુઓ મળી રહે એ માટે અનેક સેવાભાવી સંસ્થાઓ કાર્યરત થઈ છે. અંકલેશ્વરમાં પણ અને સંસ્થાઓ દ્વારા સેવાભાવી પ્રવૃતિઓ અવિરત પણે ચાલી રહી છે.

અંકલેશ્વર નગર પાલિકાના ઉપપ્રમુખ એવા નિલેશ પટેલ દ્વારા સેનિટાઈઝીંગની પ્રવૃત્તિને વેગ મળે એ હેતુને ધ્યાનમાં રાખીને પોતાના સાત ટ્રેક્ટર આપવામાં આવ્યા છે. જેમાંથી દરેકે દરેક શહેરી વિસ્તારના વોર્ડમાં લોકોના આરોગ્યનું ધ્યાન રાખી શકાય. સાથે જ અંકલેશ્વરની નાલંદા વિદ્યાલયના પ્રમુખ અશોક ઝા દ્વારા પણ ૫૦૦ વ્યક્તિઓના જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ખાસ કરીને ગરીબ લોકો માટે આ વ્યવસ્થા અત્યંત આવશ્યક છે. સ્વયંભૂ રીતે લોકો જે રીતે અન્યની મદદ માટે આવી રહ્યા છે એ જોતા કોરોના વાયરસ હારશે એવી આશા તમામ સેવી રહ્યા છે.

અંકલેશ્વર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન કિંજલ ચૌહાણ દ્વારા પણ વિવિધ ગરીબ વિસ્તારોમાં ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં અંકલેશ્વર શહેરના અને જીઆઈડીસીના સ્લમ વિસ્તારોમાં ચડી સહિતની ચીજવસ્તુઓ નું વિતરણ કરીને ભૂખ્યાને ભોજન કરાવવામાં આવ્યું હતું.

અંકલેશ્વર નગર પાલિકાના ઉપપ્રમુખ નીલેશ પટેલે જણાવ્યું હતું કે શક્ય એટલી તમામ મદદ અને સેવા માટે અમે કટિબદ્ધ છીએ અને પ્રયત્નશીલ છીએ. તમામ વિસ્તારોમાં સેનેટાઈઝર દ્વારા જંતુઓને મારવા અને જનતાને સુરક્ષિત રાખવી એ અમારું પ્રથમ લક્ષ્ય છે.

તો નાલંદા વિદ્યાલયના પ્રમુખ અશોક ઝાએ જણાવ્યું હતું કે અમારો વિસ્તાર ગરીબોથી ભરપૂર છે અને તેમને શુદ્ધ અને સાત્વિક જમવાનું મળી રહે અને જે રીતે લૉકડાઉનની પરિસ્થિતિ છે એમાં એમને અનાજ કરિયાણા અને ભોજનની કોઈ તકલીફ ન પડે એ માટે અમે આ કાર્ય સેવા યોજનાના ભાગરૂપે શરૂ કર્યું છે જે આગામી દિવસોમાં પણ કાર્યરત રહેશે.

અંકલેશ્વર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન કિંજલ ચૌહાણે જણાવ્યું હતું કે રોજે રોજ સવાર-સાંજ આ રીતે જ હવે ગરીબો અને વિસ્તારના તમામ લોકો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે.

અંકલેશ્વરના તમામ નાગરિકો અને સ્વયંસેવી સંસ્થાઓ પણ જો આ જ રીતે ગરીબોની સેવા કરશે તો એ નક્કી છે કે કોરોનાવાયરસ ખાસ તો ભરૂચ જિલ્લામાં અત્યાર સુધી કેસ એક પણ નોંધાયો નથી ત્યારે પ્રશંસનીય કાર્ય ગણાશે.

ચેમ્બર દ્વારા સરકારના રાહત ફંડમાં રૂ. ૧ કરોડનું દાન અપાશે

દાન આપનારને ૮૦ જી હેઠળ લાભ મળવા પાત્ર છે

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઈ જણાવે છે કે, હાલની કોરોનાની વિકટ પરિસ્થિતિમાં ચેમ્બર દ્વારા સરકારશ્રીના રાહત ફંડમાં રૂપિયા એક કરોડ સહાયપેટે આપવામાં આવશે.

તદુપરાંત ચેમ્બર સર્વે સભ્યો, વિવિધ એસોસિએશન અને શહેરીજનોને પણ સ્વેચ્છાએ ફંડ આપવા માટે અપીલ કરે છે. ચેમ્બર પોતાના તરફથી તો રૂપિયા ૧ કરોડ સરકારશ્રીના રાહત ફંડમાં સહાય આપશે. ત્યારબાદ ચેમ્બરના સભ્યો, ઉદ્યોગ જગતના આગેવાનો તેમજ શહેરીજનો પાસેથી જે ફંડ જમા થશે તે પણ ચેમ્બર દ્વારા અલગથી સરકારના રાહત ફંડમાં સહાય તરીકે આપવામાં આવશે. ચેમ્બર દ્વારા ફંડ આપનારને ૮૦ ૨સીદ પણ આપવામાં આવશે.જે કોઈને પણ સરકારશ્રીના રાહત ફંડમાં સહાય આપવી હોય તેઓને ચેમ્બરના મોબાઈલ નંબર (૭૨૧૧૧ ૭૩૧૧૩) ઉપર સંપર્ક કરવા વિનંતિ કરવામાં આવે છે.

સિવિલમાં કોરોના દર્દીની સારવાર કરનાર ૧૪ લોકો કવોરોન્ટાઈનમાં

નવી સિવિલના તબીબોએ કોરોના વાઈરસને માત આપી

સુરત

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોનાના કારણે ભયનો માહોલ છવાયો છે. ઘણા ડોક્ટરો પણ તેમના ક્લિનિક બંધ કરીને ઘરેથી ફોન પર જ સારવાર આપી રહ્યા છે. જોકે, સિવિલ હોસ્પિટલના મેડિસિન વિભાગના તબીબો કોરોનાને માત આપવામાં સફળ થયા છે. રાજ્યમાં પ્રથમ કોરોના પોઝિટિવ એવી યુકેથી આવેલી યુવતીની સારવાર કરી સાજી કરી દીધી છે. સિવિલ હોસ્પિટલના મેડિસિન વિભાગના જણાવ્યા પ્રમાણે, આ દર્દીને કોઈ વિશેષ દવા કે વેન્ટીલેટરની પણ જરૂર ન પડી.

સિવિલમાં આ દર્દીની સારવાર કરનાર ૪ તબીબો સહિત ૧૪ જેટલા કર્મચારીઓની એક ટીમ હાલ ક્વોરોન્ટાઈન છે. આ ટીમ દ્વારા ૨૪ કલાક દર્દીની સ્થિતિનું મોનીટરીગ કરવામાં આવતું હતું. શરીરનું તાપમાન માપવાથી લઈ દર્દીની દરેક ગતિવિધિઓનો રેકોર્ડ રાખવામાં આવતો હતો.

દર્દીને જે શરદી, ખાંસી, તાવ જેવી જે પણ તકલીફ થતી હતી તે પ્રમાણે સારવાર આપવામાં આવતી હતી. સાથે સાથે હેલ્થી ડાયેટ અને સેનેતાઈઝિંગ બાબતે ખાસ તકેદારી રાખવામાં આવતી હતી તેમજ દર્દીને સતત મોટીવેટ પણ કરવામાં આવતું હતું. સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. પ્રીતિ કાપડીયાએ જણાવ્યું હતું કે, દર્દીને પૌષ્ટિક આહાર આપવામાં આવતો હતો. તેમજ સ્ટાન્ડર્ડ પ્રોટોકોલ પ્રમાણેની દવા આપવાની સાથે તમામ કાળજી લેવામાં આવી રહી હતી. દર્દીએ પણ સ્ટાફને ખુબ જ કોઓપરેટ કર્યું હતું. સ્ટાફ પણ તેનો પરિવારના સભ્યની જેમ કાળજી લેતો હતો.

લૉકડાઉન વચ્ચે પણ સુરતમાં ખમણ અને લોચા માટે લાંબી લાઈનો લાગે છે

સુરત

કોરોના વાયરસના જોખમ અને લૉકડાઉન વચ્ચે સુરતીઓનો ખમણ પ્રેમ સોશિયલ મીડિયામાં ચર્ચાનો વિષય બન્યો.

સુરતી લોકો ખાવાપીવા માટે ખૂબ જાણીતા છે. કહેવત પણ છે કે સુરતનું જમણ અને કાશીનું મરણ. કોઈ પણ પરિસ્થિતિ હોય સુરતીઓને લોચા અને ખમણથી દૂર રાખી શકાતા નથી. એટલે કે લૉકડાઉન વચ્ચે પણ સુરતીઓ પોતાના પ્રિય ખમણ અને લોચા માટે સવારે લાઈનો લગાવે છે. હાલ કોરોના વાયરસને કારણે ૨૧ દિવસનું લૉકડાઉન ચાલે છે ત્યારે સરકારે લોકોને ઘરમાં જ રહેવાની અપીલ કરી છે. જોકે, લૉકડાઉન વચ્ચે પણ સવાર પડતાની સાથે જ સુરતીઓને ખમણ યાદ આવે છે. ભૂતકાળમાં પણ પ્લેગ અને પૂર જેવા માહામારી વખતે પણ લોકો ખમણ અને લોચાની મિજબાની કરતા જોવા મળ્યા હતા.

હાલ કોરોનાને લઈને જે રીતે લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે સુરતના કોટ વિસ્તારમાં ઘરમાં કેટલાક લોકો ખમણ અને લોચો બનાવી રહ્યા છે, જેના લેવા માટે લોકો વહેલી સવારથી લઈને લાઈનો લગાવી દે છે. ખાણીપીણી માટે શોખીન સુરતીઓની રવિવારની સવાર ખમણ અને ફાફડા વગરની હોય તેવું ભાગ્યે જ જોવા મળે છે. સુરતમાં અત્યાર સુધીમા સંખ્યાબંધ આફત આવી ચૂકી છે, પછી તે પ્લેગ હોય કે કોમી તોફાનો બાદના કર્ફ્યૂ. આ તમામ સંકટમાં પણ સુરતીઓ ખમણ મેળવીને ઝાપટી જ લેતા હોય છે. કોરોના વાયરસ ચેપને કારણે એકથી બીજા વ્યક્તિમાં ફેલાઈ રહ્યો છે ત્યારે સુરતીઓ માથે ટોપી અને મોઢે માસ્ક પહેરીને કોટ વિસ્તારમાં ખમણ લેવા માટે લાઈનોમાં ઉભા રહી જાય છે.

પોલીસ-આરએએફ દ્વારા ફ્લેગ માર્ચ કરાઈ

સુરતમાં વતન તરફ જતાં લોકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ: પથ્થમારો થતાં તંગદિલી

સુરત

સરકારના લૉકડાઉનના આદેશ બાદ વતન તરફ ફરી રહેલા આવા લોકોને અટકાવવતા જતા શહેર પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી. ભારે ટોળાં દ્વારા પોલીસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જ્યાં પોલીસે બાદમાં સ્થિતિને થાળે પાડવા બળ પ્રયોગ કરવાની સાથે હવામાં બે રાઉન્ડ ફાયરિંગ અને અશ્રુ સેલ છોડવાની ફરજ પડી હોવાની માહિતી સામે આવી હતી. આજ સવારથી પોલીસ અને આરએએફ દ્વારા ફ્લેગ માર્ચ કરવામાં આવી હતી. હાલ સંપૂર્ણ પરિસ્થિતી કાબૂમાં છે. પાંડેસરાના ગણેશ નગર સ્થિત વડોદગામ ખાતેથી પરપ્રાંતીયનો મોટો સમૂહ સમી સાંજે વતન તરફ રવાના થઈ રહ્યો હતો. એક તરફ દેશભરમાં કોરોના વાઈરસના કારણે લૉકડાઉન છે, ત્યાં બીજી તરફ લૉકડાઉનની સ્થિતિ વચ્ચે પોતાના વતન તરફ હિજરત કરી રહેલા લોકોને અટકાવવા સરકારે સ્પષ્ટ નિર્દેશ રાજયની પોલીસને આપ્યા છે. જેના અનુસંધાને પાંડેસરા પોલીસની પીસીઆર વાન પર ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓએ વતન તરફ ફરી રહેલા પરપ્રાંતિયોના આ સમૂહને અટકાવી સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમ છતાં કોઈ માનવા તૈયાર ન થયું અને પોલીસે ના છૂટકે સામાન્ય બળ પ્રયોગ કરતા મામલો બીચકાયો હતો.

જોત-જોતામાં ભારે લોકટોળુ ઘટનાસ્થળે થઈ જતાં પરિસ્થિતિ વધુ વણસી હતી. જ્યાં ટોળા દ્વારા પીસીઆરને ઘેરી લેતા પોલીસનો મોટો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. જો કે પોલીસના મોટા કાફલા પર ટોળા દ્વારા ભારે પથ્થરમારો શરૂ કરી દેવાતા માહોલ તંગ બની ગયો હતો. એટલું જ નહીં બે જેટલી પીસીઆર વાનને ઘેરી તેના પર પણ ભારે પથ્થરમારો કરાયો હતો.

રાજ્યમાં ૫૦ હજાર ટ્રસ્ટો સમૃદ્ધ અને સાધન છે: વાય.એમ.શુકલ

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આજે સાંજે ૫:૦૦ કલાકે 'સાંપ્રત સમયમાં સ્વૈચ્છીક સંસ્થાઓનું ઉત્તરદાયિત્વ'વિષય ઉપર વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં રાજયના ચેરીટી કમિશનર શ્રી વાય.એમ. શુકલ, હીરા જગતના અગ્રણી ઉદ્યોગપતિ અને સામાજિક કાર્યકર્તા શ્રી સેવંતીભાઈ શાહ અને સુરત માનવ સેવા સંઘ 'છાંયડો'ના પ્રમુખ તેમજ સામાજિક કાર્યકર્તા શ્રી ભરત શાહ દ્વારા કોરોના વાયરસની પ્રવર્તમાન પરિસ્થિતિમાં સ્વૈચ્છીક સંસ્થાઓએ સરકારની સાથે ખભેખભા મિલાવીને સમાજમાં અવેરનેસ માટે તેમજ જરૂરિયાતમંદોની મદદ માટે કામ કરવુ જોઈએ તે દિશામાં મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઈએ સર્વેને આવકાર્યા હતા અને જણાવ્યુ હતુ કે, આજના સમયમાં ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી તેમજ સમાજ અને જરૂરિયાતમંદ લોકો માટે કઈ રીતે કામગીરી કરી શકાય તે અંગે સૂચનો મેળવવા માટે વેબીનારનો ચેમ્બર દ્વારા નવતર પ્રયાસ કરવામાં આવ્યો છે.

રાજયના ચેરીટી કમિશનર શ્રી વાય.એમ. શુકલએ જણાવ્યુ હતુ કે, રાજયમાં સાડા ત્રણ લાખથી પણ વધુ ટ્રસ્ટો છે પણ એમાંથી ૪૦થી ૫૦ હજાર ટ્રસ્ટો સમૃદ્ધ અને સાધન સંપન્ન છે એવા ટ્રસ્ટોએ સમાજની સેવા માટે આગળ આવવુ જોઈએ. સ્વૈચ્છીક સેવાભાવી સંસ્થાઓ કે જેનું નિર્માણ જ સેવા માટે કરવામાં આવ્યુ છે એવી સંસ્થાઓએ હાલના કપરા સમયમાં સમાજ અને જરૂરિયાતમંદોની સેવા કરવી જોઈએ. ગ્રામ્ય વિસ્તારમાં હજી પણ આ અંગેની જાગૃતતા નથી તો આ વિસ્તારમાં ટ્રસ્ટોએ જાગૃતતા લાવવા માટે પ્રયાસ કરવો જોઈએ. અત્યારે સ્થિતિ સામાન્ય દેખાઈ રહી છે પણ ધીમે ધીમે આખું વિશ્વ કોરોના વાયરસની ઝપેટમાં આવી રહ્યુ છે ત્યારે હજી પણ કપરો સમય આવી શકે તેમ છે. આથી સોશિયલ નોર્મ્સ અને એથીકલ નોર્મ્સ તેમજ સરકાર તરફથી મળતી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરાવવા માટે સ્વૈચ્છીક સંસ્થાઓએ કામ કરવુ જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ટ્રસ્ટો અને સ્વૈચ્છીક સંસ્થાઓએ રાજય સરકાર તેમજ સ્થાનિક તંત્ર જેવા કે જિલ્લા કલેકટર અને મ્યુનિસિપલ કમિશનર સાથે સંકલન સાધી જરૂરિયાતમંદ લોકોની મદદ કરવી જોઈએ. ટ્રસ્ટ અને સેવાભાવિ સંસ્થાઓની નૈતિક ફરજ છે કે તેઓ રાજય સરકારની સાથે ખભેખભા મિલાવીને કામગીરી કરે. તમામ સમસ્યાને સરકાર ઉપર નહીં છોડીને આપણે પણ સમસ્યાના નિરાકરણ માટે પ્રયાસ કરવો જોઈએ. તેમણે વધુમાં કહયુ કે, જો ટ્રસ્ટો પાસે ફંડ હોય તો તેઓએ કોઈપણ જાતનો વિચાર કર્યા વગર મુખ્યમંત્રી રાહત ફંડમાં ફંડ આપવુ જોઈએ.

શ્રી સેવંતીભાઈ શાહે જણાવ્યુ હતુ કે, સુરતમાં ફલડથી લઈને ઘણી બધી વિકટ પરિસ્થિતિનો હુ સાક્ષી રહયો છું. સરકારની સાથે સ્વૈચ્છીક સંસ્થાઓ પણ ઘણું બધું કામ કરી શકે છે. ઉદ્યોગના આગેવાનોએ પણ કોરોનાની પરિસ્થિતિમાં શુ કાળજી રાખવી જોઈએ તેની અવેરનેસ માટે પ્રયાસ કરવો જોઈએ. સોશિયલ ડિસ્ટન્સીંગ અંગે મોટાભાગના લોકો જાગૃત થઈ ગયા છે અને અન્ય લોકો પણ જાગૃત થઈ જશે. શ્રમિકો માટે ભોજનની વ્યવસ્થા આપણે કરવી જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, દેશ માટે કેટલાક લોકોને કઈ કરી છુટવાની ભાવના હોય છે પણ તેઓ યોગ્ય માર્ગદર્શનના અભાવે કશુ કરી શકતા નથી. આવા લોકોને પણ આપણે જાગૃત કરી શકીએ છીએ. અનુભવી અને કાબેલ વ્યકિતઓ જો પોતપોતાના વિસ્તારને સાચવી લેશે તો આખો દેશ કવર કરી શકાશે. જયાં પણ કોઈને ખાદ્યખોરાકની આવશ્યકતા હોય ત્યાં આપણે સેવા પુરી પાડી શકીએ. આવા સંજોગોમાં સરકારની સાથે રહીને આપણે ખાસ કામ કરવાનું હોય છે. સરકાર તરફથી ઘણા બધા સૂચનો આવતા હોય છે. એવી જ રીતે સરકારને મળતા સૂચનોનો તેમના દ્વારા પણ તાત્કાલિક અમલ કરવામાં આવી રહયો છે.

શ્રી ભરતભાઈ શાહે જણાવ્યુ હતુ કે, પ્રવર્તમાન પરિસ્થિતિમાં સામાજિક સેવાભાવિ સંસ્થાઓએ સરકાર તરફથી જે ચેતવણી આપવામાં આવી છે તે અંગે લોકોને સમજાવવું ખૂબ જ જરૂરી છે. સોશિયલ ડિસ્ટન્સીંગ માટે અવેરનેસનું કામ સંસ્થાઓ દ્વારા ખૂબ જ સારી રીતે કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાની સાથે રહીને ફૂડ પેકેટ્સ બનાવીને જરૂરિયાતમંદોને તેનું વિતરણ પણ કરવામાં આવી રહયુ છે.

વિકટ સ્થિતિમાં દાનવીરોએ દાનની સરવાણી વહાવી દીધી

મીડીયાની કામગીરીની પ્રશંસા કરતુ મહાનગર પાલિકા તંત્ર

સુરત

વૈશ્વિક મહામારી કોરોના ને કારણે સુરત શહેરમાં આ મહામારી ફેલાય નહીં તે માટે સુરત મહાનગર પાલિકા શહેરીજનો તરફથી ખુબ જ સહયોગ મળી રહેલ છે. તે માટે સુરત શહેરની જનતાની સુરત મહાનગર પાલિકા આભારી છે. તેનો સાથો સાથ સુરત મહાનગર પાલિકાના અધિકારી તથા કર્મચારીઓ પોતાના ઘરથી દુર રહીને પણ શહેરીજનોને ચેપ ન લાગે અને વધુ ફેલાવો ન થાય તે માટે ૨૪ કલાક ખડે પગે કામગીરી કરી રહ્યા છે, જે ખુબ જ પ્રસંશનીય છે. ઉપરાંત , આવી પડેલ આપાતકાલીન સ્થિતિમાં સુરત મહાનગર પાલિકાની અપીલ ને માન આપીને દાનની સરવાણી વહાવનાર સુરતના દાનવીરો પણ અભિનંદનને પાત્ર છે, સાથે જ રોજબરોજની સાચી પરિસ્થિતિની વાકેફ કરવા ઉપરાંત સરકાર અને સુરત મહાનગર પાલિકા તરફથી આપવામાં આવતી માહિતી શહેરીજનો સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા અદા કરનાર પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાની કામગીરી પણ પ્રસંશનીય છે.



કોરોના વાઈરસને લઈને લોકોમાં જાગૃતિ લાવવા રસ્તા પરથી પસાર થતા લોકો માટે સુત્રો લખવામાં આવ્યા છે. કોરોના વાઈરસની સામે કોઈ રસ્તા પર ન નીકળે અને ઘરમાં જ રહે તે જ કોરોના સામેનો જંગ છે, રસ્તા પરથી પસાર થશો તો પોલીસ કાર્યવાહી કરશે, કોરોના વાઈરસ થશે તો આખો પરિવાર મુશ્કેલીમાં મુકાશે સહિતના લખાણ લખવામાં આવ્યા છે.

કોરોના વાઈરસના પ્રકોપથી ડિમાન્ડ માર્કેટ ૬૦ ટકા ઘટી જશે- કેતન દેસાઈ

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આજે સવારે ૧૦:૩૦ કલાકે 'ઓપોર્ચ્યુનિટીઝ એન્ડ ચેલેન્જીસ ઈન કોરોના ટાઈમ્સ'વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ટેકનોલોજી ઈન્ડસ્ટ્રી દિગ્ગજ તેમજ ઓપન લેજસી ઈન્ડિયાના ચીફ ટેકનોલોજી ઓફિસર શ્રી હરેશ કલકત્તાવાલાએ કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિમાં ઉદ્યોગો માટે ઉભી થયેલી મુશ્કેલીઓ અને તેની તકો વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઈએ આ વેબીનારમાં સર્વેને આવકાર્યા હતા અને જણાવ્યુ હતુ કે, હાલના કપરા સમયમાં ઉદ્યોગ તેમજ સમાજ અને જરૂરિયાતમંદો માટે જે સમસ્યાઓ ઉભી થઈ છે તેને દૂર કરવા માટે તજજ્ઞો પાસેથી માર્ગદર્શન મેળવવા માટે દરરોજ વેબીનારનું આયોજન કરવામાં આવી રહયુ છે.

વકતા શ્રી હરેશ કલકત્તાવાલાએ મુશ્કેલીઓ વિશે જણાવ્યુ હતુ કે કોરોના વાયરસને કારણે માત્ર ભારતમાં જ નહી પણ વિશ્વના મોટાભાગના દેશોમાં લોકડાઉન કરવામાં આવ્યુ છે. ટેક્ષ્ટાઈલ અને ડાયમંડ સહિત મોટાભાગની તમામ ઈન્ડસ્ટ્રીના યુનિટ શટડાઉન થઈ ગયા છે. જેની લઘુ ઉદ્યોગો ઉપર માઠી અસર પડી છે. સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઈઝીસ સેકટરને પણ સર્વાઈવ માટે મોટી સમસ્યા ઉભી થઈ છે. ટૂર એન્ડ ટ્રાવેલ્સ, લકઝરી આઈટમ, કન્ઝયુમર ડયુરેબલ્સ, રીયલ એસ્ટેટ, ઓઈલ એન્ડ ગેસ અને એરલાઈન્સ કંપનીઓ લોકડાઉનમાં અસરગ્રસ્ત થશે. હાલના સંજોગોને જોતા ઈન્ટરનેશનલ લોજીસ્ટીકસ ઉપર ઓછામાં ઓછા બે – ત્રણ મહિના સુધી અસર રહેશે. માર્કેટની ડિમાન્ડ ઉપર ૬૦ ટકા જેટલો ફરક દેખાશે. કેશ ફલો અને વક'ગ કેપીટલ ઉપર માઠી અસર વર્તાશે. નિકાસમાં પણ મોટી માત્રામાં ઘટાડો નોંધાશે. જેને કારણે દેશની અર્થ વ્યવસ્થા ઉપર તેની સૌથી મોટી અસર પડશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે આ બધુ પહેલી વખત બન્યુ છે. જો કે, આને કારણે ઘણી બધી રિયાલીટી પણ સામે આવી છે. ફાર્માસ્યુટીકલ, એગ્રીકલ્ચર, લોજીસ્ટીકસ, રોબોટીક પ્રોસેસ ઓટોમેશન, શેર સર્વિસ સેન્ટર, ઈન્ફ્રાસ્ટ્રકચર ફોર હેલ્થકેર અને હેલ્થકેર સેવા આપતી કંપનીઓ માટે ઘણી બધી તકો ઉભી થઈ છે. સુરત તેમજ આજુબાજુના વિસ્તારોની ઈન્ડસ્ટ્રી દ્વારા મોટા પ્રમાણમાં હાઈ કવોલિટી એન ૯૫ માસ્ક, સેનેટાઈઝર, બેડશીટ્સ, નર્સિંગ સ્ટાફ અને પેશન્ટ માટેના ડ્રેસિસ, હેન્ડ ગ્લોવ્ઝ, દવા, ઈન્જેકશન્સ, બોટલ્સ, મોબાઈલ પ્લાસ્ટીક, હોસ્પિટલ બેડ્સ વિપુલ પ્રમાણમાં મેન્યુફેકચરીગ થઈ રહયાં છે. હેલ્થકેર માટે ટેક્ષ્ટાઈલ બેઈઝ્?ડ મેન્યુફેકચરીગ થઈ રહયુ છે. હવે તો સુરતથી કાર્ગો દ્વારા તે બધે એક્ષ્પોર્ટ પણ કરી શકાશે. આથી સુરત હવે લોજીસ્ટીક હબ બની જશે.

શ્રી કલકત્તાવાલાએ વધુમાં કહયુ કે ટેકનોલોજીના યુગમાં ભવિષ્યમાં કોણ, કયાંથી અને કેટલા કલાક કામ કરે છે તેનું મહત્વ ઘટી જશે અને કામ સમયસર પૂરુ થાય છે તેને મહત્વ અપાશે. લોકડાઉનને કારણે લોકો ઘરેથી જ કામ કરી રહયાં છે. વિદ્યાર્થીઓએ ઈન્ટરનેટના ઉપયોગથી અભ્યાસ કરવાનું શરૂ કરી દીધુ છે. કેટલીક શૈક્ષણિક સંસ્થાઓએ વર્ચ્યુઅલ કલાસિસ ચાલુ કરી દીધા છે. લોકો પોતાની કાળજી રાખવાનું શીખી રહયાં છે. હેન્ડ ગ્લોવ્ઝનો પહેલા ડોકટરો સિવાય કોઈ ઉપયોગ કરતુ ન હતુ પણ હાલના સંજોગોમાં મેડીકલ સ્ટોર્સવાળા, ફૂડ પહોંચાડનારા તેમજ લોકો પણ હેન્ડ ગ્લોવ્ઝ, ટીશ્યુ પેપર અને સેનીટરી નેપકીનનો ઉપયોગ કરતા થઈ ગયા છે. આને કારણે હેલ્થકેર અને પર્સનલ પ્રોટેકશનવાળી વસ્તુઓની માંગમાં ભારે ઉછાળો આવશે.

હોમ ક્વોરેન્ટાઈનના નિયમોનો ભંગ કરનારા પર હવે ડિજીટલ માધ્યમથી બાજ નજર

ક્વોરેન્ટાઈન વ્યક્તિઓ પર સુરત મહાનગરપાલિકાના સ્મેક સેન્ટર સ્થિત કંટ્રોલ રૂમમાં થઈ રહ્યું છે સતત મોનિટરિંગ

સુરત

કોરોના વાઈરસે વિશ્વભરને અજગર ભરડામાં લીધું છે, એવામાં કોરોના સંક્રમણને અટકાવવા કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા દિવસરાત એક કરીને લોકોની સુરક્ષા માટે અનેકવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. આ વાયરસને ફેલાતો રોકવા માટે રાજયમાં વિવિધ વિસ્તારોમાં હોમ ક્વોરેન્ટાઈન કરાયેલા લોકો તેમના ઘરમાં જ રહે તે ખુબ જ જરૂરી છે. કોરોનાને ફેલાતો અટકાવવા હોમ ક્વોરેન્ટાઈનના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું અતિ આવશ્યક હોવાથી ક્વોરેન્ટાઈન થયેલા લોકો પર ચાંપતી નજર રાખવા માટે સુરત મહાનગર પાલિકાએ એક આગવી એપ્લિકેશન બનાવી છે. આ એપ સુરત મહાનગર પાલિકા દ્વારા માત્ર ૪૮ કલાકમાં તૈયાર કરવામાં આવી છે, જેની મદદથી હોમ ક્વોરેન્ટાઈનમાં રહેલા ચાર હજારથી વધુ લોકો પર નજર રાખવામાં આવી રહી છે. આ એપની ખાસિયત એ છે કે, હોમ ક્વોરેન્ટાઈન કરાયેલા તમામ લોકોનું ટ્રિપલ '' હેઠળ મોનિટરિંગ કરાઈ રહ્યું છે. સુરત સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ આ એપ તૈયાર કરવામાં આવી છે. સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં આવેલા સ્મેક સેન્ટરમાં લાર્જ સ્ક્રીન પર તમામ હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવેલા લોકો પર સતત બાજનજર રાખવામાં આવી રહી છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરાયેલી એપની રાજય સરકારના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ પણ પ્રશંસા કરી છે. આ જ કારણ છે કે, તા.૨૮મી માર્ચ, શનિવારથી ગુજરાતના અમદાવાદ, રાજકોટ, વડોદરા, ભાવનગર જેવા અન્ય મહાનગરોમાં પણ આ એપના માધ્યમથી હોમ ક્વોરેન્ટાઈન થયેલા વ્યક્તિઓ પર બાજ નજર રાખવામાં આવશે. એટલું જ નહીં, કેન્દ્રીય અર્બન ડેવલપમેન્ટ મંત્રાલયે પણ આ એપ વિશે જાણકારી મંગાવી છે. જેથી સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ ભારતના અન્ય રાજ્યોમાં પણ ક્વોરેન્ટાઈન થયેલા લોકો પર મોનિટરીગ કરી શકાય.

આ એપની ખાસિયત એ છે કે, જ્યારે કોઈ વ્યક્તિ હોમ ક્વોરેન્ટાઈનનો ભંગ કરી બહાર નીકળે એટલે તુરંત જ કંટ્રોલ રૂમમાં વૉર્નિંગ એલાર્મ રણકી ઊઠે છે, અને એપની ડિજીટલ સિસ્ટમથી આ વ્યક્તિનું લોકેશન, વિગતો ડિસ્પ્લે થાય છે. એટલે એ વ્યક્તિએ ક્વોરેન્ટાઈનનો ચુસ્તપણે અમલ કરવો પડશે. હાલની પરિસ્થિતિમાં ગુગલ એન્ડ્રોઈડ અને એપલ આઈ.ઓ.એસ. દ્વારા અપ્રુવલ મળી શકે તેમ ન હોવાથી સુરત મહાનગરપાલિકાએ પોતાની વેબસાઈટ મારફતે વેબ લિંક પર જ એપ્લીકેશન તૈયાર કરી છે. રાજયમાં સૌથી વધુ સુરતમાં ૪૩૩૧ લોકોને ક્વોરેન્ટાઈન હેઠળ રખાયા છે. જેમાં ઘરે, સરકારી વોર્ડમાં કે ખાનગી હોટેલમાં કવોરેન્ટાઈન લોકોનો સમાવેશ થાય છે. જેમાં હોમ કવોરેન્ટાઈનમાં ૪૨૦૯, સરકારી હોસ્પિટલ, સમરસ હોસ્ટેલમાં ૧૧૪ અને ખાનગી વિક એન્ડ હોટેલમાં ૦૮ વ્યક્તિઓ કવોરેન્ટાઈન હેઠળ છે. જેમાંથી હોમ ક્વોરેન્ટાઈનમાં રહેલા પ્રત્યેક લોકોને દિવસમાં બે વખત પોતાનું કરન્ટ લોકેશન અને સેલ્ફી આ એપ પર અપલોડ કરવી ફરજિયાત છે, સાથે પોતાના સ્વાસ્થ્ય અંગેની પણ પ્રાથમિક જાણકારીઓ, શરદી, ખાંસી, તાવ, માથું દુ:ખવું, કફ અંગેની પણ વિગતો આપવાની રહે છે. જો કોઈ વ્યક્તિ પોતાનું લોકેશન મોકલવાનું ચૂકી જાય અથવા નિષ્કાળજી દાખવે તો જી.પી.એસ. ટ્રેકિંગનો ઉપયોગ કરી તેનું લોકેશન ટ્રેસ કરવામાં આવે છે.

આ તમામ જાણકારી માટે સ્મેક સેન્ટરના કંટ્રોલરૂમથી મોનિટરિંગ કરવામાં આવે છે. જ્યારે કોઈ વ્યક્તિનું સ્વાસ્થ્ય સારૂ ન હોય, તબિયત વધુ ખરાબ થતી હોવાનું જણાય ત્યારે તેને તાત્કાલિક હોસ્પિટલમાં પણ સારવાર આપવામાં આવે છે.

કોરોના વાઈરસને કારણે ઉભી થયેલ પરિસ્થિતિમાં ડાંગમાં માનવતા મહેકી ઉઠી

સરકારી તંત્ર સહિત ઉત્સાહી યુવાનોના ગૃપો તથા નામી-અનામી લોકો દ્વારા પ્રેરણાદાયી કાર્યો



આહવા

વિશ્વભરમાં કોરોના વાઈરસના આતંકની સામે ઝઝૂમવા સમગ્ર ભારત દેશ નાત-જાત જોયા વગર કટીબધ્ધ બન્યો છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ના અનુરોધ બાદ દેશની જનતા કોઈપણ ભોગે કોરોના વાઈરસને અટકાવવા તત્પર બની છે. ત્યારે રાજય સરકારશ્રી દ્વારા પણ દિવસ-રાત જોયા વગર સમયાંતરે મળતા માર્ગદર્શન અનુસાર વિવિધ પગલા લેવાય રહ્યા છે.

ડાંગ જિલ્લા કલેકટર શ્રી એન.કે.ડામોરના સુચારૂ માર્ગદર્શન મુજબ જીલ્લા વહીવટી તંત્ર કોરોના વાઈરસના પગલે સંભવિત પરિસ્થિતિ મુજબ પહોંચી વળવા સજ્જ બન્યું છે. ડાંગ જિલ્લો સમગ્ર ભારત દેશમાં યુનિક કહી શકાય તેવી વિવિધતા ધરાવે છે. ભૌગોલિક પરિસ્થિતિને કારણે નાનકડો જિલ્લો હોવા છતા અહી અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ડાંગ જિલ્લામાં ત્રણ તાલુકાઓમાં કુલ ૩૧૧ ગામો આવેલા છે. તેમજ જિલ્લાની ત્રણ બાજુએ મહારાષ્ટ્ર રાજ્ય આવેલું છે. અહી મોટા ભાગે ડુંગરાળ વન વિસ્તાર હોવાથી લોકજીવન પણ પરિસ્થિતિ મુજબનું જોવા મળે છે. પહાડો અને ખીણો ધરાવતા આ પ્રાકૃતિક જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં હજુ પણ સ્થાનિક બોલીઓ જ બોલાય છે. જેથી અહીના ગામલોકો સાથે સંપર્ક કરવો હોય તો ફરજીયાત ડાંગી બોલી બોલો તો જ ઝડપથી લોકો સાથે નિકટતા કેળવાય છે.

આધુનિક ટેકનોલોજીના વ્યાપને કારણે તમામ કામો ઈન્ટરનેટના માધ્યમથી જ થાય છે ત્યારે અહી નાના ગામોમાં ઈન્ટરનેટ નેટવર્ક ની ખૂબ જ તકલીફ પડે છે. આવી પરિસ્થિતિમાં સરકારશ્રીની ધણી સેવાઓમાં મુશ્કેલી અનુભવાય છે. આવી પરિસ્થિતિમાં સ્થાનિક ગ્રામજનો સાથે સંવાદ કરી સૌપ્રથમ ઈન્ટરનેટ કયુ અને ક્યાં મળે છે. તે ગ્રામજનો દ્વારા જાણવા મળે છે. અહી દરેક વિસ્તારમાં જુદા જુદા નેટવર્ક મળે છે. જેથી સરકારી અધિકારી/ કર્મચારીઓ વિસ્તારને અનુરૂપ નેટવર્ક સાથે જોડાઈને પોતાની કામગીરી પૂર્ણ કરવાનો પ્રયાસ કરે છે. વધુમાં જંગલોના ઉંડાણના કેટલાયે વિસ્તારમાં વનવિભાગના વોકીટોકી સેટ ખૂબ જ ઉપયોગી સાબિત થયા છે. સાથે સાથે પોલીસ વિભાગના વાયરલેસ સેટ પણ ખૂબ મદદ કરે છે.

હાલમાં જ કોરોના વાઈરસને અટકાવવા માટે મહારાષ્ટ્ર રાજ્ય તેમજ તાપી જિલ્લાને ને જોડતા કુલ ૧૧ ચેકપોસ્ટ/નાકાઓ ઉપર સતત વોચ રાખવામાં આવી રહી છે. ૨૩ માર્ચથી થયેલા લોકડાઉન અંતર્ગત ત્રણે તાલુકાઓના મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, વનવિભાગ અને પોલીસ વિભાગના કર્મચારીશ્રીઓ સાથે સંકલન કરીને ખૂબજ સુંદર કામગીરી ચાલી રહી છે. પૂર્વપટ્ટી વિસ્તાર એવા સુબીર તાલુકાના ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો સુગર ફેકટરીઓ તેમજ મહારાષ્ટ્રમાં દ્રાક્ષની વાડીઓમાં કામ કરવા જાય છે. કોરોના વાઈરસને કારણે સમગ્ર દેશમાં લોકડાઉન ને કારણે વાહન વ્યવહાર બંધ થતા જ શ્રમિક વર્ગના લોકો જે વાહન મળ્યું તે અથવા ચાલતા ચાલતા પોતાના માદરે વતન આવી રહ્યા છે. મોટી સંખ્યામાં લોકો પરિવાર સાથે પરત ફરતા તમામ લોકોના આરોગ્યની ચકાસણી કરીને જ ડાંગ જિલ્લામાં પ્રવેશ આપવામાં આવી રહયો છે. કોઈ ગામના વ્યક્તિ તપાસણી વિના બાકી રહી જાય તો તુરંત આરોગ્ય વિભાગની ટીમ નજીકના પી.એચ.સી.ઉપર ચકાસણી માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. શંકાસ્પદ કેસો ધ્યાનમાં આવે તો તુરંત જિલ્લા મથક આહવા ખાતે આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. અને તેઓની સારવાર માટે ડોકટરોની ટીમ ખડેપગે તૈનાત છે. વધુમાં પોતાના રોજગારીના સ્થળે જ રોકાવાની સૂચના સરકારશ્રી દ્વારા મળતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી રહી છે.

અંતરિયાળ વિસ્તારમાંથી રોજગારી અર્થે બહાર જતા મજૂરો તમામ રસ્તાએથી એકાએક આવી આવી ચડતા તંત્ર માટે પણ ચેલેન્જરૂપ કામગીરી હતી ત્યારે જીલ્લા વહીવટી તંત્રના અધિકારીઓએ વિવેકબુધ્ધિ વાપરીને તમામ લોકોનું સ્ક્રીનીંગ થાય અને લોકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટેની વાહનની વ્યવસ્થા સહિત સ્થાનિક સેવાભાવી યુવાનોની મદદથી પાર પાડી પ્રસંશનિય કામગીરી બજાવી હતી.

વધઈ મામલતદારશ્રી સી.એફ.વસાવાએ તેમના સ્ટાફ સાથે તા.૨૭ માર્ચની રાત્રે ૧૧-૩૦ વાગ્યે વધઈ નાકા ઉપર આવેલા મજૂરોની મદદ કરી હતી.જનસેવા કેન્દ્ર આહવાના મામલતદારશ્રી ધવલ સંગાડાએ તેમના સ્ટાફ સાથે લશ્કર્યા થી ચીંચલી તરફના મજૂરોની રાત્રે ૧૨-૦૦ વાગે મદદ કરી હતી. જયારે સુબીર તાલુકા મામલતદાર શ્રી એમ.એસ.માહલા અને તાલુકા વિકાસ અધિકારીશ્રી સંદિપ ગાયકવાડે ૨૮ માર્ચના રોજ રાત્રે ૨-૩૦ કલાકે બરડીપાડા ચેકપોસ્ટ ખાતે મજૂરો માટે વાહન વ્યવસ્થા કરી માનવતાની મહેંક ફેલાવી હતી. વધઈ નાકા ઉપર વધઈ રેંજ ઓફિસર શ્રી દિલીપ રબારી તેમના સ્ટાફ સાથે વહીવટીતંત્રની પડખે ઉભા રહી પોતાનાથી થાય એટલી તમામ મદદ કરી રહયા હતા. સાથે પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી રાઠોડ પણ વાહનોની જરૂરિયાત સામે તુરંત વ્યવસ્થા કરી રહયા હતા. આમ તમામ ચેકપોસ્ટ ઉપર મોટી સંખ્યામાં લોકો આવે ત્યારે પોલીસ, ફોરેસ્ટ તેમજ આરોગ્ય વિભાગની ટીમ સંકલન સાથે કામગીરી કરી રહી છે.

ડાંગ જિલ્લામાં ઠેરઠેર માનવતા જોવા મળી રહી છે. આહવામાં યુવાનોનું એક જૂથ લોકડાઉન શરૂ થયું ત્યારે છુટક મજૂરી કરતા મજૂરો ભુખ્યા જ રહેશે એમ વિચારી તમામ યુવાનોએ ચર્ચા કરી પોતાની બચત તેમજ ઓળખાણ વાળા વ્યક્તિઓને વાત કરી તુરંત ચોખા, ધઉં, તેલ વિગેરે ફાળો એકત્ર કરી ખરીદી, જરૂરિયાતમંદોને ખાદ્ય સામગ્રીનું વિતરણ કર્યું હતું.

આહવા ખાતે સેવાભાવી યુવાનોએ દિવસ-રાત જોયા વગર ફરજ બજાવતા તંત્રના અધિકારી/ કર્મચારીઓ સહિત હોસ્પિટલના સ્ટાફ માટે બજાર બંધ હોવાથી ચા-પાણીની વ્યવસ્થા કરી સમયાંતરે ચાની વ્યવસ્થા કરતા નજરે પડયા ત્યારે ખરેખર આ યુવાનો ઉપર ખૂબ જ ગર્વ થયો. આ યુવાનો વિશે જાણ્યું કે મુંગા પશુઓ માટે ધાંસ ચારો પણ એકત્ર કરી તેઓ વિતરણ કરી રહ્યા છે.

આરોગ્યના કર્મચારી દ્વારા જાણવા મળ્યું કે રાત-દિવસ ફરજ બજાવતા લોકો માટે મધ્યાહન ભોજન બનાવતા કર્મચારીઓએ સુંદર વ્યવસ્થા કરી આપી સહયોગ પુરો પાડયો હતો. કોરોના વાયરસ અટકાવવા સરકારશ્રીના આદેશ મુજબ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દિવસ-રાત રાઉન્ડ ધ ક્લોક સુંદર કામગીરી ચાલી રહી છે. ઉલ્લેખનિય છે કે અત્યાર સુધીમાં ડાંગ જિલ્લામાં એકપણ કોરોના વાઈરસ ધરાવતો કેસ મળ્યો નથી.

કોરોના વાઈરસ સામે લડવા

મુખ્યમંત્રી રાહત નિધિમાં આર્થિક યોગદાન આપવા કલેક્ટરની અપીલ

રાહત નિધિમાં અપાયેલું દાન સંપૂણપણે કરમુકત રહેશેઃ જિલ્લા કલેકટર

સુરત

વિશ્વભરમાં કોરોના વાઈરસની મહામારીએ અનેક દેશોમાં મુશ્કેલ પરિસ્થિતિમાં મૂક્યા છે, વિશ્વના મોટા ભાગના દેશોમાં આ બિમારીએ પગપેસારો કર્યો છે, જેમાં ભારતમાં આ વાયરસના સંક્રમણથી લોક ડાઉનનું પગલું લઈ કેન્દ્ર અને રાજય સરકાર દેશવાસીઓને સુરક્ષિત રાખવાના અવિરત પ્રયાસો કરી રહી છે, આવા સંજોગોમાં સરકારની પડખે ઊભા રહેવું એ સભ્ય અને જવાબદાર નાગરિક તરીકે આપણી ફરજ છે. રાજય સરકારે સંપૂર્ણ લક્ષ્ય કોરોના મહામારી સામે લડવામાં અને રાજયના નાગરિકોના આરોગ્ય જાળવવામાં લગાવ્યું છે, ત્યારે સેવાભાવી નાગરિકો, વ્યાપારીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગગૃહો મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં આર્થિક યોગદાન આપી કોરોના સામેની લડાઈ માટે સરકારના પ્રયાસોમાં સહભાગી થઈ શકે છે. રાહત નિધિમાં અપાયેલું દાન સંપૂર્ણપણે કરમુક્ત રહેશે, જેની જિલ્લા કલેકટર કચેરી દ્વારા દાનની રસીદ પણ મળશે

સુરત શહેર અને જિલ્લામાં જે લોકો, સંસ્થાઓ મુખ્યમંત્રીશ્રીના રાહત નિધિમાં આર્થિક સહાય કરવા ઇચ્છતાં હોય તો તેઓ કલેકટર કચેરી, જિલ્લા સેવા સદન, અઠવા લાઈન્સ ખાતે રૂબરૂમાં ચેક આપી શકશે.

પીએમ નેશનલ રિલીફ ફંડમાં યોગદાન આપવા અપીલ

બેંક ખાતામાં નાણા જમા કરાવી શકાશે

સુરત

કોરોના વાઈરસના સંક્રમણથી ઊભી થયેલી વિકટ પરિસ્થિતિના કારણે સર્જાયેલી સ્થિતિમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશવાસીઓને સહાયરૂપ થવાની અપીલ કરવામાં આવી છે. કોરોના સામે લડવા દેશવાસીઓ 'પી.એમ. નેશનલ રિલીફ ફંડ'માં સ્વેચ્છાએ આર્થિક યોગદાન આપે તે માટે પ્રધાનમંત્રીશ્રીએ અનુરોધ કર્યો છે. જે માટે બચત ખાતા નં. ૦૫૮૬૦૧૦૦૦૪૩૩૬ માં નાણાકીય સહાય જમા કરાવી શકાય છે. આઈ.એફ.એસ.સી.કોડ BBaaass BARB0PARLIA છે. આઈ.એફ.એસ.સી.માં પાંચમો અંક શૂન્ય છે. બેન્કનું સરનામું: બેંક ઓફ બરોડા, ૧૬, સંસદ માર્ગ, નવી દિલ્હી છે. આ ખાતામાં રૂ.૦૧ થી લઈને યથાશક્તિ સહાય જમા કરાવી શકાય છે. કોરોના સામે મક્કમતાથી લડવા માટે દેશવાસીઓ આગળ આવી આર્થિક સહાય કરવાનો તેમજ સેવાકીય કાર્યમાં યોગદાન આપવાનો આ સુવર્ણ અવસર છે.

સુરત શહેરમાં ૪૯-૧૪ હજાર લોકોને ડોર ટુ ડોર સર્વે પૂર્ણ કરી દેવાયો

સુરતમાં સૌપ્રથમ નોંધાયેલા કોરોનાના વાઈરસ દરદી સ્વસ્થ બનતા હોસ્પિટલમાંથી રજા અપાઈ

સુરત

કોરોના વાઈરસને કારણે લોકડાઉનનો સાતમો દિવસને સુરત મહાનગર પાલિકાના કમિશનર બચ્છાનિધી પાનીએ જણાવ્યું હતુ કે સિવિલ હોસ્પિટલ પ્રથમ કોરોના વાઈરસના દર્દીનો બન્ને વખતનો કોરોના ટેસ્ટ રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. સિવિલ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યો છે. જે સુરત શહેર માટે સારા સમાચાર છે. મનપા કમિ. બચ્છાનિધી પાની, કલેક્ટર ધવલ પટેલ, મહેન્દ્ર પટેલે શ્રમિ વિસ્તાર ભેસ્ટાન, ઉધના સહિતના વિસ્તારોની મુલાકાત લીધી હતી. આ વિસ્તારના શ્રમજીવી લોકોને ભુખ્યા ન રહે એ માટે તંત્ર સતત કામ કરી રહયું છે. જેમાં સેવાભાવી સંસ્થાઓનો પણ સાથ મળ્યો છે.

મનપા કમિ. બચ્છાનિધી પાનીએ અપીલ કરી હતી કે શ્રમજીવીના મકાન માલિકોને વિનંતી કરી હતી કે બે મહિનાનું ભાડુ લેશો નહીં.

તેમજ પોઝેટિવ કેસ ધરાવતા લોકોના સંપર્કમાં આવેલા લોકોએ સુરત મહાનગર પાલિકાના ટોલ ફ્રી નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.

આજની સ્થિતિ મુજબ કુલ ૪૭૧૫ વ્યક્તિઓને કોરોન્ટાઈન હેઠળ રખાયાં છે. આ શંકાસ્પદ કેસો મળીને ૩૫૦૫૭ ટ્રેકિંગ કરવામાં આવ્યું છે. ડોર ટુ ડોર સર્વે કરવામાં આવી રહ્યું છે . ડોર ટુ ડોર સર્વેની ૬૬૨ ટીમો જોડાયેલી છે. આ સર્વેમાં ૪૯ લાખ ૧૪ હજાર ૪૪૧ વ્યક્તિનો સર્વે કરવામાં આવ્યો છે. ૯૭ ટકાની સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

ડાંગમાં કોરોના વાઈરસ પ્રવેશતો રોકવા કડક લોકડાઉનનો અમલ

આહવા

ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના હુકમ તા.૨૪/૩/૨૦૨૦ ના હુકમ અન્વે તા. ૨૫/૩/૨૦૨૦ થી ૨૧ દિવસ માટે સમગ્ર ભારતમાં લોકડાઉનનો અમલ જાહેર કરવામાં આવ્યો છે. આમ છતાં કેટલાક લોકો બિનજરૂરી રીતે ઘરની બહાર નીકળી રહ્યા હોવાના કારણે કોરોના વાઈરસનું સંક્રમણ થવાની શક્યતાઓ નકારી શકાય નહી. જેથી આવા બિનજરૂરી રીતે ઘરની બહાર નીકળતા લોકોને અટકાવવા અને લોકડાઉનની ચુસ્તપણે અમલવારી કરવા માટે ડાંગ જિલ્લામાં જાહેર જનતાની સલામતી માટે તથા કોરોના વાઈરસનું સંક્રમણ ન ફેલાય તે સારૂ ડાંગ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એન. કે. ડામોરે (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા તેમને મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા કેટલાક પ્રતિબંધ ફરમાવ્યા છે. જે અંતર્ગત સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં કોરોના વાઈરસનું સંક્રમણ ન ફેલાય તે સારૂ કોઈપણ વ્યક્તિએ બિનજરૂરી રીતે ઘરની બહાર નિકળવું નહીં કે અવરજવર કરવી નહી અને જિલ્લાની હદ પસાર કરવી નહીં. તેમજ લોકડાઉનની ચુસ્તપણે અમલવારી કરવી. આ હુકમની અમલવારી તા.૨૮/૩/૨૦૨૦ના ૦૦:૦૦ કલાકથી તા.૧૪/૪/૨૦૨૦ના રોજ ૨૪:૦૦ કલાક સુધી કરવાની રહેશે. આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ ઉપર તેમજ કેન્દ્ર સરકાર / ગુજરાત સરકાર દ્વારા જાહેર કરેલી રોજંદા જીવન જરૂરિયાતની આવશ્યક ચીજ-વસ્તુઓના ધંધા / વ્યવસાયમાં સંકળાયેલ લોકોને તેમજ સક્ષમ અધિકારીની મંજૂરી મેળવનારને લાગું પડશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી પોલીસ સબ ઈન્સપેક્ટરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

વિદેશથી આવેલા લોકોએ સેલ્ફ ડેકલેરેશન ફોર્મ ફરજીયાત ભરવું

સુરત

વૈશ્વિક મહામારી કોરોના વાઈરસને કારણે સુરત શહેરમાં આ મહામારી ફેલાય નહીં તે માટે દુબઈ, વિદેશમાંથી આવેલ તમામ નાગરિકોએ સુરત મહાનગર પાલિકાની વેબસાઈય www.suratmunicipal.gov.in પર મુકવામાં આવેલ સેલ્ફ ડેકલેરેશન ફોર્મ ઓનલાઈન ભરી સુરત મહાનગર પાલિકાને જાણ કરવા, અને જેમનો કોરોના વાઈરસ પોઝીટીવ કેસ આવેલ હોય, તેવા અસરગ્રસ્ત દર્દીના માતા પિતા, બાળકો, પત્ની એ કુટુંબીજનોને તેવા અસરગ્રસ્ત દર્દીથી દુર રહી કોઈ પણ પ્રકારે કોરોનાનો ચેપ ન લાગે તેની ખાસ તકેદારી રાખવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં કસુર જણાશે તો એપેડેમીક ડીસીજ એક્ટ ૧૮૯૭ની સેકશન ૨, ૧૪ નિયમ ૧૧ મુજબ તથા આઈપીસી ધારા ૧૮૮, ૨૬૯ , ૨૭૦ , ૨૭૧ની જોગવાઈ અનુસાર કાયદેસરની કાર્યવાહી કરી રૂ. ૨૫,૦૦૦ સુધીનો દંડ કરવામાં આવશે.

વડોદમાં લોકડાઉન દરમિયાન શ્રમિકોનું તોફાનઃ અન્ય વિસ્તારોમાં પણ બંદોબસ્ત

પરપ્રાંતિય કામદારો વસવાટ કરતા હોય તેવા વિસ્તારોમાં આરપીએફના જવાનો તૈનાય કરી દેવાયા

સુરત

લોકડાઉનને પગલે ધંધા રોજગાર બંધ થઈ જતા શહેરના શ્રમિક વિસ્તારોમાં રહેતા શ્રમજીવીઓમાં જીવન નિર્વાહ કરવા પણ મુશ્કેલી થઈ રહી છે. સરકાર તંત્ર દ્વારા આ તમામ શ્રમજીવી વિસ્તારોમાં જમવાનું પહોંચે એ માટે સતત પ્રયાસરત છે. તેમ છતાં શ્રમજીવી વિસ્તારોમાં શ્રમિકોમાં ભારે ઉચાટ જોવા મળે છે. જેનું પરિણામ ગઈ કાલે પાંડેસરા વિસ્તારમાં મોડી રાત્રે શ્રમજીવીઓએ ભારે ઉત્પાદ મચાવ્યો હતો. પાંડેસરા વડોદ ગામના સાગવટે લોકો વતન યુપી જવા માટે પગપાળા જાવાનું શરૂ કરતા તંત્ર દોડતું થઈ ગયું હતું. અને પ્રશાસન તથા પોલીસ કર્મીઓ દ્વારા આ મારામારીમાં માત્ર ઘરમાંજ રહેવા માટે વારંવાર વિનંતી કરવામાં આવી હતી. પરંતુ પગપાળા જ વતન જવાની જીદ પકડી રાખતા ના છુટકે પોલીસ દ્વારા હમલો , લાઠીચાર્જ બાદ હવામાં ફાયરિંગ અને તિયર ગેસ છોડવાની ફરજ પડી છે. આ પાંડેસરા ઘટનાને પગલે શહેરના શ્રમિક વિસ્તારોમાં પોલીસ તંત્ર દ્વારા સહિત મોનિટરિંગ શરૂ કરી દેવાયું છે. અને આ શ્રમિક વિસ્તારમાં લોકોના ઘર સુધી ખાવાનું પહોંચે એ માટે સેવા ભાવી સંસ્થા દ્વારા મોટાપાયે જમવાનું બનાવીને પહોંચાડવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

પાંડેસરા જેવી પરિસ્થિતિ શહેરની અન્ય શ્રમજીવી વિસ્તારોમાં પણ ન થાય, એ માટે સરકારી તંત્ર અને પોલીસ દ્વારા જે તે વિસ્તારોમાં લોકોને સમજાવવાના પ્રયાસો કરીને આ મહામારીની સામેની લડત પણ ઘરે રહીને સહકાર આપવા વિનંતી કરી રહ્યા છે.

સુરતમાં વધુ ૮ શંકાસ્પદ લોકો કોરોન્ટાઈનમાંઃ ૮નો રિપોર્ટ નેગેટિવ

સુરતમાં કોરોના વાઇરસ પોઝિટિવ દરદીઓની કુલ સંખ્યા ૭

સુરત

આજે સવારે ૧૧ વાગ્યા સુધીમાં નવા આઠ શંકાસ્પદ કેસો નોંધાયા હતા. સુરત શહેરમાં કુલ શંકાસ્પદ ૮૯ કેસ છે. જેમાં સાત પોઝિટિવ છે. ૭૯ સહિતના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. ત્રણ દર્દીના કેસનો રિપોર્ટ પેન્ડિંગ છે. આજે આઠ નોંધાયેલા શંકાસ્પદ કેસમાં રાંદેર ઝોનના ૬૭ વર્ષીય પુરુષ જેની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી. તેમજ વરાછા ઝોન વિસ્તારની ૧૨ વર્ષીય છોકરી, ડિંડોલીના ૭૮ વર્ષીય પુરુષ, ભટારનો ૨૩ વર્ષીય યુવક, સરથાણાનો ૨૦ વર્ષીય યુવક (આ યુવક દુબઈ ટ્રાવેલ) , ભેસ્તાનનો ૨૨ વર્ષીય યુવક, ગોપીપુરાનો ૫૫ વર્ષીય પુરુષ, રુદરપુરાનો યુએસનન્એ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતો ૨૩ વર્ષીય યુવક પૈકીને નવી સિવિલ હોસ્પિટલના કોરોન્ટાઈન હેઠળ રખાયા છે. આ તમામ કેસો શંકાસ્પદ છે. તેમજ ગઈકાલના કતારગામ , અમરોલીના ૪ વર્ષીય અને ૭૫ વર્ષીય પુરૂષ સહિત નવા શંકાસ્પદ કેસો પૈકી આઠ દર્દીના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે.

નર્મદામાં ડ્રોન સર્વેલન્સ થી વધુ ચાર સ્થળો પર પોલીસે જાહેરમાં બેઠેલા લોકોની સામે ગુના નોંધ્યા

કોરોના વાયરસ સંદર્ભે નર્મદા જિલ્લાના નાગરિકોને જિલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહ તરફથી જાહેર અપીલ

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા





કોરોના ના કહેર વચ્ચે લોકડાઉન માં નર્મદા પોલીસ ખડે પગે કામ કરી રહી છે. ત્યારે રાજપીપળા સહિત જિલ્લાના મોટા સ્થળો પર લોકો બહાર નીકળી પડે છે.અથવા સોસાયટી માં ટોળે વળી ને બેસી રહે છે જોકે આપણે ૧ મીટર નું અંતર રાખવાનું છે.

એટલે પોલીસે હવે ડ્રોન સર્વેલન્સ થી સોસાયટીઓમાં બેઠેલા લોકોને ઝડપી રહી છે. આ સાથે નર્મદા જિલ્લાના તમામ નાગરિકોને બહાર ન નીકળવા જિલ્લા પોલીસ વડા હિમકર સિંહે પણ જનતા ને અપીલ કરી છે. કે દેશમાં લોકડાઉન કરવામાં આવેલ છે અને નર્મદા જિલ્લામાં સી.આર.પી.સી. કલમ ૧૪૪ નો અમલ ચાલુ છે. જે અન્વયે નર્મદા જિલ્લાના તમામ નાગરિકોએ પોતાના રહેણાંક સ્થળના બગીચામાં, સોસાયટીના પાર્ટી પ્લોટમાં કે અન્ય જાહેર સ્થળો ઉપર નાગરિકોએ ભેગા થવું નહી અને પોતાના ઘરમાં જ રહી સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ જાહેરનામાનું ચૂસ્તપણે પાલન કરવું. તેમજ હાલ નર્મદા જિલ્લાના તમામ વિસ્તારમાં સી.સી.ટીવી. કેમેરા તેમજ ડ્રોનની મદદથી બાઝ નજર રાખવામાં આવી રહી છે. જેથી વિડીયો અને ફોટોગ્રાફની અંદર જાહેરનામાનો ભંગ થયાનું જણાઈ આવશે, તો તેવા નાગરિકો વિરૂધ્ધ સીઆરપીસી-૧૪૪ કલમ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

શ્રમિકોના ટોળા ઉમટી પડતા કોરોના વાઈરસનો ચેપ ફેલવાનું જોખમ

લોક ડાઉનને પગલે પરપ્રાંતિય મજૂરોની દયનીય હાલત

સુરત

સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જગદીશ પટેલે મુખ્યમંત્રી ને લખેલા પત્રમાં જણાવ્યું છે કે હાલમાં ચાલતી કોરોના (Covid-૧૯ વાયરસથી જેવી ભયાનક મહામારીને લીધે આપણા ગુજરાત રાજ્યના રહેવાસીઓને આ રોગના વાયરસથી બચાવવા ગુજરાત રાજ્યને લોકડાઉન કરવામાં આવ્યું છે. આ પગલુ જનહિતમાં આવકાર્ય છે.

કોરોના (Covid-૧૯) ના લિધે સમગ્ર દેશમાં અને રાજ્યમાં ધારા ૧૪૪ લાગુ કરવામાં આવી છે, જેમાં ૪ કે તેથી વધુ વ્યક્તિઓ ભેગા નહી થવા જોઈએ. હાલમાં લોકડાઉનના લિધે સુરત જિલ્લાના તમામ નાના મોટા ઔદ્યોગીક એકમો બંધ થયા છે. આ એકમો બંધ થવાને કારણે આ એકમોમાં કામ કરતા કર્મચારીઓ અને મજુર વર્ગોને પણ ઘરે બેસવાનો વારો આવ્યો છે. ઔદ્યોગીક એકમોમાં કામ કરતા કારીગરો અને મજુરો મોટા ભાગે બીહાર, યુ.પી., મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોમાંથી આવતા હોય છે. મોટાભાગના કારીગરો અને મજુર વર્ગો નાના-નાના રૂમ ભાડેથી અથવા વેચાણથી લઈ એક રૂમમાં ૧૦-૧૨ ઈસમો રહેતા હોય છે. જેથી તેઓ દ્વારા સોશીયલ ડીસ્ટેસીંગ રાખવુ મુશ્કેલ હોય.

કોરોનાથી ઘબરાયેલા મોટાભાગના મજુર વર્ગો પોતાના વતન જવા માટે સંખ્યામાં ચાલતા નીકળેલ હોય એમને સરકારશ્રી તરફથી રસ્તામાં રોકવામાં આવતા હોય છે, મોટી સંખ્યા ભેગા થવાથી આ કોરોના રોગ પ્રસરી શકે તેમ છે અને જો આવું થયું તો આ રોગને અટકાવવામાં ઘણી મુશ્કેલી થઈ શકે છે. જેથી મારૂ સરકારશ્રીને એક સુચન છે કે પોતાના વતન જવા માંગતા આ લોકોને સરકારી બસ અથવા અન્ય કોઈ પાઈવેટ વાહનોનો બંદોબસ્ત કરી તેઓને પોતાના વતનમાં મોકલવામાં આવે તેવી મારી અંગત ભલામણ છે.

ઈએમચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાહત કીટોનું વિતરણ કરાયું

સુરત

પી.પી.સવાણી ગ્રુપના ઈ.એમ. ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કોરોના વાઈરસની મહામારીના કારણે મુશ્કેલી અનુભવતાં અસરગ્રસ્ત વિસ્તારોના જરૂરિયાતમંદ લોકોને જીવનજરૂરી ચીજવસ્તુની રાહતકીટ પહોંચાડવામાં આવશે. અનાજ, શાકભાજી સહિતની રાહતકીટ મેળવવા માટે નીચેના નંબર પર સંપર્ક કરવો. આ માટે સુરતને ઝોન પ્રમાણે વર્ગીકરણ કરીને કીટ વિનામુલ્યે આપવામાં આવશે. જેમાં ઝોન- એ માં અઠ્ઠામા, કઠોર, કામરેજ, વેલંજા માટે પ્રશાંત ડાયાણી- મો. ૮૯૮૦૦ ૧૯૭૩૧, ઝોન બી માં પુણાકુંભારિયા, સીતાનગર, પર્વતપાટીયા માટે શ્રી મનસુખલાલ ગુજરાતી- મો. ૯૩૭૫૨ ૩૨૮૨૮, ઝોન સી માં મોટાવરાછા, ઉત્રાણ, અમરોલી, છાપરાભાઠા, કોસાડ માટે વિપુલભાઈ સાંસપરા- મો. ૭૯૯૦૫૪૯૩૮૨, ઝોન ડી માં મિનિબજાર, હિરાબાગ, કાપોદ્રા, નાના વરાછા, યોગીચોક માટે તુલસીભાઈ બોરડા- મો. ૯૩૭૪૭ ૧૫૭૦૦ તેમજ ઝોન ઈ માં સરથાણા, ગઢપુર, પાસોદરા, લસકાણા, વાલક, કઠોદરા માટે ધાર્મિકભાઈ માલવીયા- મો . ૯૮૨૫૧ ૩૯૨૫૧ નો સંપર્ક કરવાં જણાવાયું છે. વિનમ્રતા સાથે શ્રી મહેશભાઈ સવાણી દ્વારા જરૂરિયાતવાળા લોકો રાહત કીટ મેળવી શકે તે માટે જરૂર વગર સેવાનો ગેરલાભ ઉઠાવવા જણાવાયું છે.

વેડરોડ સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા ૨૧ દિવસ જરૂરીયાતમંદો માટે સેવાયજ્ઞ

પ્રથમ તબક્કામાં જીવનજરૂરી ચીજ વસ્તુઓની ૫૦૦ કીટ તૈયાર કરી વિતરણકરાયું

સુરત

કોરોના વાઈરસના સંક્રમણથી ઊભી થયેલી વિકટ પરિસ્થિતિના પગલે લોકડાઉન અમલી છે, ત્યારે આર્થિક રીતે નબળા વર્ગના ગરીબ લોકોની વ્હારે અનેક સામાજિક સંસ્થાઓ આવી છે, ત્યારે વેડ રોડ સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ દ્વારા સંકટ સમયે સહાયરૂપ થવાના આશયથી

ગુરૂકુળના સંતશ્રી પ્રભુ સ્વામીજીએ જણાવ્યું હતું કે, પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીના માર્ગદર્શન અનુસાર સુરત શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ દ્વારા લોકડાઉનના સમયમાં મુશ્કેલી અનુભવનારા દરિદ્રનારાયણોને સહાયરૂપ થવા ૨૫ કિલોની ૫૦૦ નંગ કીટો તૈયાર કરવામાં આવી. જેમાં ૧૦ કિલો ઘઉ, પાંચ કિલો ચોખા, પાંચ કિલો ખાંડ, એક કિલો તુવેર દાળ, એક કિલો ચણા દાળ, એક કિલો મગની દાળ, એક કિલો તેલ, મરચું, હળદર, ધાણાજીરૂ વગેરે મસાલો રાખવામાં આવ્યો છે. આ સામગ્રીને સંતો તથા હરિભક્ત યુવાનોએ જાતે કીટોમાં ભરીને તૈયાર કરવામાં આવી છે. પ્રથમ તબક્કામાં તૈયાર કરાયેલ ૫૦૦ કીટોનું અસરગ્રસ્ત વિસ્તારોમાં વિતરણ કરાયું હતું.

તેમણે વધુમાં કહ્યું કે, ભગવાન શ્રીસ્વામિનારાયણના સ્વભાવની જેમ ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજ, શ્રી ધર્મજીવનદાસજી સ્વામીનો દયાવાન સ્વભાવ હતો. તેઓ જાતે અને સંતોની સંગાથે ગરીબોના સુખ-દુ:ખમાં સહભાગી થતાં. ગુરૂવર્ય મહંતસ્વામી શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી સહિતના સંતો આ કાર્યમાં સહભાગી થયા હતા. ગુરૂકુલના સંતો અને ઉત્સાહી યુવાનો આજે કોરોના વાઈરસના કારણે સર્જાયેલા આપત્તિના સમયમાં સેવાનો હાથ લંબાવી રહ્યા છે.

ઉધના અને લિંબાયત ઝોનમાં પણ શ્રમિકો માટે ભોજન કેન્દ્રો શરૂ કરાયા

દરરોજ હજારો જરૂરિયાતમંદ લોકોને ભોજન પીરસાય છે

સુરત

કોરોના વાઈરસની મહામારીના કારણે ઊભી થયેલી મુશ્કેલ પરિસ્થિતિમાં ઉધના અને લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલી ઝૂંપડપટ્ટીના શ્રમિકો, કામદારો, પરપ્રાંતીય લોકોને લોકડાઉનના સમયમાં ભોજન મળી રહે તે માટે વિવિધ વિસ્તારમાં આવેલા ટ્રસ્ટના સેવા કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. ધારાસભ્યશ્રી વિવેક પટેલની ટીમ પણ સામાજિક સંસ્થાઓ સાથે મળી જરૂરિયાતમંદ લોકોને ભોજન સુવિધા પૂરી પાડવા કાર્યરત છે. જેમાં લિંબાયત ઝોનમાં સમાજ દીનબંધુ સેવા ટ્રસ્ટ, જનહિત સેવા સમિતિ ટ્રસ્ટ, ધ ગ્રેટ છત્રપતિ શિવાજી ટ્રસ્ટ,સુસમાજ સેવા ટ્રસ્ટ, શ્રી સાંઈ સેવા મંડળ, ઈકેરા પંચાયત ટ્રસ્ટ, સદભાવના ટ્રીમ્સ ફાઉન્ડેશનના સેવા કેન્દ્રો શરૂ છે, પ્રત્યેક સંસ્થામાં દરરોજ બે ટાઈમ ૧૦૦ થી ૭૦૦ લોકોને ભોજન પૂરૂ પાડવામાં આવે છે. જેમાં કુલ ત્રણ હજાર લોકોને ભોજન કરાવવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, ઉધના ઝોનમાં જ્ઞાનદેવ આશ્રમ ટ્રસ્ટ, ભેસ્તાન દ્વારા દરરોજ બે હજાર લોકોને ભોજન પૂરૂ પાડવામાં આવે છે. તેમજ ધારાસભ્યશ્રી વિવેક પટેલ દ્વારા સિદ્ધાંતનગર ઝુંપડપટ્ટીમાં પણ દરરોજ ૨૦૦ લોકોને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે ઉધના ઝોનમાં આશાનગર સોસાયટી સમિતિ, શ્રી ભીડભંજન મહાદેવ ચેરિટેબલ ટ્રસ્ટ, ગુરૂદ્વારા મંદિર ટ્રસ્ટ, પકવાન કેટરર્સમાં પણ કુલ મળીને દરરોજ ૨૨૦૦ લોકો માટે બે ટાઈમ જમવાની ઉમદા વ્યવસ્થા કરવામાં આવી છે.

કીમ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા સોશીયલ મીડીયામા ઓનલાઈન સ્પર્ધાનું આયોજન થશે



દેશ અને વિશ્વ મા અત્યારે જે મહામારી ચાલી રહી છે.જેથી ભારત ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કોરોના વાઈરસ સામે લડવા માટે દેશ ને ૨૧ દિવસ સુધી સંપૂર્ણ પણે બંધ કરી દેવામાં આવ્યો છે.જેથી આ સમય દરમિયાન લોકો પોતના ઘરે કંટાળી ના જાય તે માટે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ કીમ શાખા દ્વારા ઓનલાઈન સ્પર્ધા નું આયોજન ૨ એપ્રિલ થી ૮ એપ્રિલ સુધી કરવામાં આવ્યું છે.જેમાં અનેક સ્પર્ધા યોજવામાં આવશે .જેમ કે ડ્રોઈંગ, ટિક ટોક વિડિયો જેમાં કોરોના ની જાણકારી અને લોકડાઉન ની અપીલ કરવાની રહેશે. આ ઉપરાંત વેસ્ટ માંથી બેસ્ટ, જાતે લખેલ કવિતા, ગીત સ્પર્ધા જેમાં કોઈ પણ ગીત ગાયી શકાશે.અને સેલ્ફી વિથ ફેમિલી જેમાં લોકડાઉન ના સમય ની સેલ્ફી લેવી.અને આ તમામ સ્પર્ધા મા કોઈ પણ વ્યકિત ભાગ લઈ ?શકશે. અને સ્પર્ધા મા ભાગ લેનાર દરેક લોકો એ પોતાની કૃતિ ને સોશીયલ મીડિયા જેવા કે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ માં ઈછમ્ફૅદ્બૅંસ ને ટેગ કરી ને અપલોડ કરવાની રહશે અને ૯૫૧૨૫ ૭૧૧૩૩ પર વોટ્સએપ કરી દેવી..તમામ સ્પર્ધા માંથી એક થી ત્રણ નંબર મેળવનાર કૃતિ ને ઈનામ પણ આપવામાં આવશે. ઈનામ વિતરણ કોરોના ની પરિસ્થિતિ મા સુધારો આવ્યા બાદ કરવામાં આવશે અને જેની જાણ આપ ને કોલ કરી કરવામાં આવશે. વધુ માહિતી માટે સંપર્ક આપેલ નંબર પર કરવો.

ડાંગ જિલ્લા કલેક્ટરે લોકડાઉન અંગે વિવિધ ધર્મના વડાઓ સાથે બેઠક યોજી

બહારથી આવતા લોકોની જવાબદારી સરપંચોને સોંપાઈ

આહવા

ડાંગ જિલ્લા કલેકટર શ્રી એન.કે.ડામોરના અધ્યક્ષ સ્થાને આજરોજ કોરોના વાઈરસને અટકાવવાના ભાગરૂપે ડાંગના સ્થાનિક વિવિધ ધર્મ/સંપ્રદાયના અગ્રણીઓની બેઠક યોજાઈ હતી.

વિશ્વભરમાં કોરોના વાઈરસના આતંકની સામે લડવા તેમજ અટકાવવા સમગ્ર દેશમાં સરકારશ્રીના દિશા નિર્દેશ અનુસાર અનેકવિધ પગલા લેવાઈ રહયા છે. આજરોજ આહવા જીલ્લા સેવા સદન ખાતે યોજાયેલી બેઠકમાં કલેકટર શ્રી એન.કે.ડામોરે જણાવ્યું હતું કે આપણો ડાંગ જિલ્લો કુદરતી સૌંદર્ય ધરાવતો પ્રાકૃતિક જિલ્લો છે. આપણો જિલ્લામાં કોરોના વાઈરસને અટકાવવા આપણે સૌએ સાથે મળીને કામ કરવાનું છે. સ્થાનિક યુવા મંડળો, એન. એસ. એસ., એન. સી. સી. તેમજ વિવિધ ધર્મના વડાઓ,અગ્રણીઓએ લોકડાઉન સંદર્ભે સરકારની ગાઈડ લાઈન મુજબ તમામ લોકોને જાગૃત કરવાના છે. છેવાડાના માનવીઓ સુધી કોરોના પ્રત્યે ગંભીરતા લઈ જાગૃતિ અભિયાન ચલાવવાનું છે.

લોકડાઉન દરમિયાન લોકોએ પોતાના ઘરમાં જ રહેવાનું છે. સામાજીક, પોલીટીકલ, ધાર્મિક આગેવાનોએ એક થઈ લોકોને અપીલ કરવાની છે. જિલ્લા વહીવટી તંત્રની સાથે રહી કાયમ શાંતિ બની રહે તે જોવાની આપણાં સૌની જવાબદારી છે. દરેક લોકો કાયદાનું પાલન કરે. સ્થળાંતર કરતા લોકો પોતાના કામના સ્થળે જ રહી સામુહિક અવર-જવર ન કરે તે હિતાવહ છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ. કે. વઢવાણિયાએ જણાવ્યું હતું કે તમામ સરપંચોને જાણ કરી દેવામાં આવી છે. બહારથી કોઈ માણસો તમારા ગામમાં ન આવે તે જોવાનું રહેશે. સરહદી રાજ્યને જોડતા ડાંગના તમામ ૧૧ નાકાઓ ઉપર આરોગ્યની ટીમ ૨૪ કલાક ફરજ બજાવી રહી છે. કામ-ધંધાર્થે ગયેલા વ્યક્તિઓની તપાસણી કરીને જ પ્રવેશ આપવામાં આવે છે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી ટી. કે. ડામોર, ઈ. ચા.સિવિલ સર્જન ડૉ. રશ્મિકાંત કોંકણી,નેહરૂ યુવા કેન્દ્ર સંયોજક અનુપ ઈગોલે, પી. પી. સ્વામીજી, બ્રધરન ચર્ચ સેક્રેટરીશ્રી રણજીથકુમાર મોહન્તી, એૅયુબભાઈ ઈસ્માઈલભાઈ સુકા,બાપજીભાઈ ડી.ગામીત ઉપસ્થિત રહયા હતા.

સુરતમાં હોમ કવોરેન્ટાઈન માટે સમિતિના ૮૦૮ શિક્ષકો ફરજ નિયુક્ત

શિક્ષણના વાહકો હવે સુરતવાસીઓના આરોગ્ય માટે સજ્જ બન્યા

સુરત

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સુરત મહાનગર પાલિકાને સહાયરૂપ થવાના આશયથી સમિતિના ૮૦૮ શિક્ષકોને વિવિધ વિસ્તારોમાં હોમ ક્વોરેન્ટાઈનમાં રહેલા વ્યક્તિઓનું મોનિટરિંગ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી હસમુખ પટેલે જણાવ્યું હતું કે, કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા હોમ ક્વોરેન્ટાઈનમાં રહેલા વ્યક્તિઓ ઘર બહાર ન નીકળે તે જરૂરી છે. સુરત મહાનગર પાલિકાના કર્મચારીઓ કોરોના સંક્રમણને નિવારવાના કાર્યમાં અવિરતપણે જોડાયેલા છે, ત્યારે પાલિકાને સહાયરૂપ થવાના આશયથી સમિતિના ૮૦૮ શિક્ષકોને તૈનાત કરવામાં આવ્યા છે. શિક્ષકો તેમને ફાળવવામાં આવેલા હોમ ક્વોરેન્ટાઈન વ્યક્તિઓનું સમયાંતરે વિડીયો રેકોર્ડિંગ કરશે. ઉપરાંત મનપાના આરોગ્ય વિભાગ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની વિડીયો કોન્ફરન્સમાં ભાગ લઈ રિપોર્ટ આપશે. હોમ ક્વોરેન્ટાઈ વ્યક્તિઓને જરૂરી માર્ગદર્શન પણ આપશે.

નર્મદામાં લોકડાઉનનું કડક પાલન : સુરત થી રાજસ્થાન વતનમાં જતું પરિવાર રાજપીપળા ખાતે લોકડાઉનમાં અટકયું



સુરત ખાતે ભંગારનો ધંધો કરતું આ પરિવાર હાલ ધંધા બંધ હોય ગમે તેમ કરી પોતાના ટેમ્પોમાં રાજપીપળા પહોંચ્યું પરંતુ અહીંયા બે નાના બાળકો સાથે અટવાયુ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના મહામારી થી ફેલાયેલી અંધાધુંધી અને કટોકટી મા કામધંધા અર્થે વતન છોડીને અન્યત્ર વસેલા પરિવારોની હાલ નહિ ઘર ના નહિ ઘટના જેવી હાલત થઈ છે ત્યારે મહાનગરો થી ગામડાઓ તરફ પગપાળા જતા લોકો ના ઉમટેલા ટોળાં ના ફોટા અને વિડીયો હાલ બધેજ જોવા મળે છે.

ત્યારે આમજ સામુહિક હિજરત પૈકીનુ એક રાજસ્થાની પરિવાર રાજપીપળા મા અટવાયેલું જોવા મળ્યુ હતું,ચાર નાના બાળકો અને માતા પિતા સહીત નો પરિવાર છકડા જેવા પોતાના વાહનમા સુરત થી પોતાના વતન રાજસ્થાન જવા તા.૨૯/૦૩/૨૦૨૦ ના રોજ નિકળ્યું તો ખરું પરંતુ રાજપીપળા માં હાલ લોકડાઉન નું કડક પાલન હોય આ પરિવાર માટે આગળ જવાનુ કઠીન બન્યુ,અને હાલ વડીયા જકાતનાકા નજીકના હાઇવે માર્ગ પર પોતાનું વાહન મુકી ને બેઠેલા જણાયુ જેમાં ગોવિંદભાઈ નમના મુખ્ય વ્યક્તિએ તેમની આપવીતી જણાવી હતી.



લોકડાઉન ના કડક પાલનના આદેશ હોવા છતાં આ પરિવાર વાહન સાથે કેવી રીતે અહીં પહોંચ્યું..?!

હાલ સમગ્ર જગ્યા એ લોકડાઉન અમલમાં હોય દરેક જીલ્લા ની ચેકપોસ્ટ કે પ્રવેશ દ્વાર પર કડક પોલીસ પહેરો હોવા છતાં પોતાના વાહન માં આ પરિવાર સુરત થી રાજપીપળા સુધી કેવી રીતે પહોંચ્યું..?શુ રસ્તામાં ક્યાંયે કોઈ એ તેમને અટકાવ્યું નહિ...? જેવા લોકડાઉન અમલ બાબતેના અનેક સવાલો અહીં ઉભા થાય છે ત્યારે જાણે સાચો અમલ નર્મદા પોલીસ દ્વારાજ કરવામાં આવ્યો હોય એમ હાલ રાજપીપળા માં અટકેલા આ પરિવાર ને જોઈ લાગી રહ્યું છે.ત્યારે નર્મદા પોલીસ ખરેખર લોકડાઉનના અમલ માટે ખડે પગે છે એ આપણી સૌની ભલાઈ અને પોલીસની સાચી ફરજ અહીં જોવા મળી હતી.

જાહેરનામા ભંગ : કોરોના વાયરસ લોકડાઉન બાબતે નર્મદા જીલ્લામાં કુલ-૫૩ કેસો, કુલ-૧૪૭ સામે કાર્યવાહી કરાઈ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા માં પણ હાલ લોકડાઉન ચાલુ હોય જાહેરનામું લાગુ કરાયું હોવા છતાં કેટલાક લોકો કાયદાનો અમલ ન કરી ભંગ કરતા હોય તેવા સામે પોલીસે લાલા આંખ કરી પગલાં લીધા હતા.

નર્મદા પોલીસ વડા હિમકર સિંહ (IPS)એ હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસ ના કારણે લોકડાઉન લાગુ કરાયું હોય જનતાની સુરક્ષા માટે જાહેરનામુ પણ બહાર પાડ્યું હોય છતાં જાહેરનામા ભંગ બદલ તથા લોકોમાં જાગૃતતા લાવવા માટે લોકો ઘરે રહી સુરક્ષિત રહે એ માટે અપીલ કરવામાં આવી હોવા છતા કેટલાક વ્યક્તિઓ પોતાની મનમાની કરતા હોય તેમજ સરકાર દ્વારા આપવામાં આવતા લોકડાઈનની અવગણના કરતા હોય જેથી આવા વ્યક્તિઓ સામે જાહેરનામા ભંગ બદલના ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી કરવા જણાવતા નર્મદા પોલીસ દ્વારા તા.૨૩ માર્ચ થી આજદિન સુધી જાહેરનામાના ભંગ બદલ કુલ-૫૩ કેસો કરવામાં આવ્યા છે.તેમજ ડ્રોન અને સીસીટીવી ના આધારે પણ કેસો રજીસ્ટર કરી કુલ-૧૪૭ વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

પોલીસ જાહેર જનતા માટે જ આ કડક કાયદાનું પાલન કરાવવા કટીબધ્ધ છે.તેમજ કોરોના વાયરસથી જાહેર જનતા સુરક્ષિત રહે અને સરકારના લોકડાઉનને સમર્થન મળી રહે તેના સંપુર્ણ પ્રયાસો કરવા નર્મદા પોલીસ સતત ખડે પગે રહી હાલ આ કામગીરી માં જોતરાઈ છે.માટે ઘરમાં રહો સુરક્ષિત રહો એ જરૂરી છે.

લોકડાઉન મદદ : રાજપીપળામાં રખડતા જાનવરોની ભોજન સહિતની સેવા કરતી કરજણ કોલોની ની એક મહિલા



હાલ અસંખ્ય સંસ્થાઓ,સેવાભાવી લોકો ભુખ્યાને ભોજન આપી માનવતા બતાવે છે તેવામાં શ્વાન,ગાય જેવા રસ્તે રખડતા જાનવરોની મદદે આ મહિલા ખરેખર જીવદયા પ્રેમી કહી શકાય

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ લોકડાઉન હોય કેટલાક મજૂર વર્ગોને મજુરીકામ બંધ થતાં ખાવાના પણ ફાંફા હોય ત્યારે નર્મદા જિલ્લામાં કેટલીક સંસ્થાઓ, સેવાભાવી સમાજ આવા લોકોની પડખે રહી બે ટાઈમ ભોજન પહોંચાડે છે પરંતું માર્ગો ઉપર રખડતા મૂંગા જાનવરો કે જેના માલિકો રસ્તે રઝળતા છોડી મૂકે છે તેમનું આવા સમયે કોણ બેલી આ એક ગંભીર બાબત હોય રાજપીપળા કરજણ કોલોની માં રહેતા પલક્બેન દત્ત ને આ બાબતે વિચાર આવ્યો અને એ પોતે એકલા હાથે મુંગા જાનવરોની સેવામાં લાગી પડ્યા ત્યારે હાલ લોકડાઉન ટાણે પલકબેન એકલા જ રાજપીપળા ની ગલીઓ માં ફરતા શ્વાનો, ગાયો,ગધેડા સહિતના જાનવરો ને બે ટાઈમ ભોજન આપવાની સેવા કરી રહ્યા છે.એટલું જ નહીં જો કોઈ જાનવર બીમાર કે ઈજાગ્રસ્ત જણાય તો પણ આ બેન તરત જ એનિમલ હેલ્પલાઈન પર ફોન કરી એમ્બ્યુલન્સ બોલાવી સારવાર પણ કરાવે છે ત્યારે આવા સમયે મૂંગા જાનવરો માટે આ બેન સાચા અર્થમાં જીવદયા પ્રેમી કહી શકાય.

સરકાર દ્વારા લોકડાઉન સમયે આર્થિક મદદ આપવાનનો નિર્ણય: ઉતાવળા લોકો ફોર્મ મેળવવા રાજપીપળા પાલીકા કચેરી પર દોડ્યા



રાજપીપળા નગર પાલીકા દ્વારા સ્પષ્ટ જણાવાયું હતું કે પાલીકાની ટીમ ઘરે આવશે માટે દસ્તાવેજો હાથવગા રાખવા છતાં રહી જઈસુ ની લાહી માં લોકો એ દોટ મૂકી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સરકાર દ્વારા અસંગઠિત ક્ષેત્રોમાં કામ કરતા નાના ધંધાદારીઓને લોકડાઉન સમય દરમીયાન આર્થિક મદદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જે બાબતની માહિતી સોસીયલ મીડિયા ઉપર ફરતી થતા જાહેરનામું લાગુ હોવા છતાં પાલિકા કચેરી પર આ યોજનામાં લાભ લેવા માટે લોકો બેબાકળા બની દોડી ગયા હતા.જોકે આ બાબતે પાલિકા ટીમ ગામમાં ઘરે ઘરે સર્વે કરશે તેવી માહિતી ફરતી હોવા છતાં લોકોમાં ગેર સમજ ઉભી થઇ અથવા રહી જઈસુ ની ઉતાવળે સહાય મેળવવા ઈચ્છતા લોકો પાલિકા કચેરી ખાતે દોડી આવ્યા હતા તેમને આખરે પાલીકા કર્મીઓએ સમજાવી પરત મોકલ્યા હતા. કેમ કે કોરોનાને લઈ લોકડાઉન ના કારણે સરકારનું જાહેરનામું લાગુ હોય કોઈપણ સરકારી યોજનાઓ માટે ઉતાવડા ન બની કાયદાનો અમલ પ્રજાએ કરવો જોઈએ પરંતુ છતાં બધા લાભ લઈ જશે આપણે રહી જઈશું ની મનોવૃત્તિ ધરાવતા કેટલાક લોકો સોમવારે પાલીકા કચેરી પર આવી ચઢતા આખરે તેમને સમજાવી જાહેરનામા ના કાયદાનો અમલ કરવા અને તેમના ઘરે ટિમ આવશે તેમ સમજાવ્યું હતું.

પાલિકાની ટિમ ઘરે આવશે કોઈએ પાલિકામાં આવવાની જરૂર નથી : જયેશ પટેલ (ચીફ ઓફિસર)

આ બાબતે પાલિકાના ચીફ ઓફિસર જયેશ પટેલે જણાવ્યું હતું કે જે સરકાર દ્વારા યોજના બહર પાડવામાં આવી છે જે સંદર્ભે પાલિકા ટિમો વોર્ડ વાઈસ પ્લાનિંગ કરી ઘેર ઘેર જશે અને ફોર્મ ભરશે જેને લાગતું હોય કે તે વ્યક્તિ આ યોજનાનો લાભ લેવા યોગ્ય હોય તો તે ફોર્મ ભરી શકે છે ખોટી દોડાદોડ કરવી નહીં,હાલ જાહેરનામું હોય તેનો અમલ કરવા જણાવી અમારા કર્મચારીઓ એ આ લોકોને પરત મોકલી આપ્યા હતા.

સુરત જિલ્લાના સરકારી વકીલો દ્વારા એક માસના પગારનું દાન

સુરત

કોરોના વાયરસની મહામારીને પગલે ગૃહ, કાયદા રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાની ઉદાર હાથે યોગદાન આપવાની અપીલને ધ્યાને લઇ સુરત શહેર, જિલ્લાના સરકારી વકીલો દ્વારા પોતાનો એક મહિનાનો પગાર મુખ્યમંત્રી રાહત નિધિમાં આપવામાં આવ્યો છે. કોરોના સામેની લડાઈમાં પ્રજા હિતમાં સરકારના પ્રયાસોમાં સહભાગી થઈને સુરતના તમામ સરકારી વકીલો દ્વારા એક દિવસના પગારરૂપે રૂ. ૩.૩૫ લાખ જમા કરાવવામાં આવ્યા છે એમ મુખ્ય જિલ્લા સરકારી વકીલ નયન સુખડવાળાએ જણાવ્યું હતું. તેમણે તમામ સરકારી વકીલો દ્વારા વૈશ્વિક મહામારી કોરોના વાયરસથી અસરગ્રસ્તોને મદદ માટે ફાળો આપવાની વાતને એકસૂરે સ્વીકારવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજપીપળા દ્વારા માનવ સેવા રથ થકી રવિવારે ૬૦૦ થી વધુ માણસોને ભોજન અપાયું



લોકડાઉન સુધી સેવાકાર્યના નામથી જાણીતા ટાઇગર ગ્રુપ ના કાર્યકર્તા હંમેશા દેશની સેવા માટે તૈયાર છે.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

વડતાલ વિહારી હરિકૃષ્ણ મહરાજ ની અસીમ કૃપાથી શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજપીપલા ના શ્રી સિધ્ધેશ્વર સ્વામીજીના માર્ગ દર્શન હેઠળ ચાલતા માનવ સેવા રથ દ્વારા રવિવારે સવારની ભોજન સેવામાં ૪૦૦ ઉપરાંત માણસોને ભોજન કરાવ્યુ હતું.જ્યારે સાંજની ભોજન સેવામાં ૨૦૦ ઉપરાંત માણસો ને ભોજન કરાવ્યુ.બહાર ગામથી ચાલતા આવતા ભૂખ્યા માણસો અને પોલીસ પ્રશાસન અને અમારી જાણ મુજબ રાજપીપલાના ગરીબ પરિવારો ને ઘરે ઘરે જઈને ભગવાન સ્વામિનારાયણની પ્રસાદી પહોચાડી ભૂખીયાઓ ની સેવા કરી છે.સેવાકાર્યના નામથી જાણીતું ટાઇગર ગ્રુપ ના કાર્ય કર્તા હંમેશા દેશની સેવા માટે તૈયાર છે અને જ્યાં સુધી લોક ડાઉન રહશે ત્યાં સુધી ભૂખ્યાને માનવસેવા દ્વારા ભોજન પોહચાડતા રહેશે.

રાજપીપળા : સોસીયલ મીડિયામાં અભદ્ર ટિપ્પણી કરનાર યુવાનની ધરપકડ: કહ્યું ભૂલથી સેન્ડ થઈ ગયું

અડધો વિડિઓ જોયો ને કોમેન્ટ લખી પણ સેન્ટ થઈ ગયું મારો કોઈ એવો ઈરાદો નહોતો

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા : રાજપીપળા માં એક સોસીયલ મીડિયા ગ્રુપ માં અભદ્ર લખાણ લખવા બદલ એલ.સી.બી નર્મદા એ યુવાન વિરુદ્ધ ગુનો દાખલ કર્યો. જો બાદ પોલીસે આ યુવાન ની ધરપકડ કરતા યુવાને ભૂલથી પોસ્ટ થઈ ગઈની વાત કરી હતી પરંતુ આઈ.ટી હેઠળનો ગુનો હોય પીઆઈ આર.એન ડામોરે કોર્ટમાં રજૂ કર્યો હતો જ્યાં તેને જામીન મળ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજપીપળા વોટ્સએપ પર સોસીયલ મીડિયા માં એક વોટ્સએપ ગૃપમાં મેમ્બર એવા જીજ્ઞેશ વસાવા પોતાના ૯૯૧૩૨૭૪૨૯૮ નંબર એડ કરેલ છે. હાલ કોરોના ને લઈને સોસીયલ મીડિયા પર આવેલ અપડેટ્સ ને લઈને જીગ્નેશ વસાવા એ અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો જેને લઈને તેની વિરુદ્ધ LCB PSI સી.એમ ગામીત ફરિયાદી બની કોમી એખાલસ તોડવા તેમજ જાતિય વર્ગ-વિગ્રહ ધાર્મિક લાગણી દુભાવવાના ઈરાદાથી પોસ્ટ કરી ગુનો કર્યો એ બાબતની ફરિયાદ નોંધી હતી.આ ફરિયાદ ને આધારે પોલીસે જીગનેશ વાસવાની ધરપકડ કરી હતી. આ જીગ્નેશ વસાવા મૂળ વિરપોર ગામનો છે અને હાલ રાજપીપળા ખાતે રહે છે જેની ધરપકડ કરી પોલીસે પૂછપરછ કરતા જીગ્નેશે ભૂલથી પોસ્ટ કરી હોવાનું કબુલ્યું અને એનો કોઈ એવો ઈરાદો નહોતો તેવી વાત કરી હતી.બાદમાં કોર્ટ માં રજુ કરતા તેનો જામીન પર છુટકારો થયો હતો.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)